# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 167 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 July 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૬ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમેરિકાનો ઝટકોઃ ભારત પર ૧૦૦ ટકા ટૅરિફનો પ્રસ્તાવ






## રશિયા પાસેથી ઑઈલ ખરીદવાની સજા આપશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના સાંસદોએ મંગળવારે રશિયા પર પ્રતિબંધો લાદવા માટેના ખરડામાં સંશોધન કરીને ફરી રજૂ કર્યું હતું. અવસાન પામેલા સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા સમર્થિત આ બિલમાં મૂળ પ્રસ્તાવની તુલનામાં ભારત, ચીન અને રશિયન તેલ અને ગૅસ આયાત કરતા અન્ય દેશો પર ભારે ટૅરિફમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંને પક્ષો દ્વારા સમર્થિત આ બિલનો હેતુ મુખ્યત્વે રશિયન અધિકારીઓ પર પ્રતિબંધો લાદવાનો અને ટૅરિફ મારફતે ચીન અને ભારત પર દબાણ લાવવાનો છે જેથી તેઓ ઊર્જા પુરવઠા માટે રશિયા પરની નિર્ભરતા ઘટાડે.

એપ્રિલ ૨૦૨૫માં રજૂ કરાયેલ મૂળ દરખાસ્તમાં રશિયન ક્રૂડ ઓઇલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકાનો ભારે ટૅરિફ લાદવાની માગ કરવામાં આવી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે હવે ટોચના પાંચ ખરીદદારો માટે તેને મહત્તમ ૧૦૦ ટકા સુધી કરી દીધું છે.

આ બિલમાં રશિયા પાસેથી ગેસ ખરીદતા ૧૫ યુરોપિયન દેશોને ટૅરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે અને દલીલ કરવામાં આવી છે કે આ ખરીદી તેમની કુલ જરૂરિયાતના એક ભાગ જેટલી છે અને આ દેશો મોસ્કો પર નિર્ભરતા ઘટાડવા માટે પગલાં લઈ રહ્યા છે.

ભારત અને ચીન ઉપરાંત ટૅરિફથી પ્રભાવિત થનારા અન્ય દેશો સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન છે. કનેક્ટિકટના ડેમોક્રેટિક સેનેટર રિચાર્ડ બ્લૂમેન્થલે પત્રકારોને હતું કે તેને ટૅરિફ બિલ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે રશિયન અર્થતંત્રપર સંપૂર્ણ રોક લગાવનારા પ્રતિબંધો લાદે છે, જેમાં તેનો ઊર્જા ઉદ્યોગ, નાણાકીય ઉદ્યોગ, સંરક્ષણ ઉદ્યોગ, વ્યવસાયિક લોકો અને વ્લાદિમીર પુતિનનો સમાવેશ થાય છે. પાંચ મુખ્ય ખરીદદારો પર ૧૦૦ ટકા સુધી ટૅરિફ લાગી શકે છે. ■






# જગતનો નાથ આજે નગરચર્યાએ નીકળશેઃ અમદાવાદ રથયાત્રા માટે સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢી બીજના પાવન પર્વે અમદાવાદમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક રથયાત્રા માટે સમગ્ર શહેર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયું છે. જમાલપુર સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિર અને વહીવટી તંત્ર દ્વારા રથયાત્રાની તમામ પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. દેશભરની બીજા ક્રમની સૌથી મોટી ગણાતી અમદાવાદ રથયાત્રા આવતીકાલે, ૧૬ જુલાઈ ૨૦૨૬ ને ગુરુવારના રોજ પરંપરાગત હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક નીકળશે. અષાઢી બીજના આ પાવન પર્વે જગતનો નાથ નગરચર્યાએ નીકળી ભક્તોને સામેથી દર્શન આપશે.

રથયાત્રાની પૂર્વસંધ્યાએ સુપ્રસિદ્ધ જમાલપુર જગન્નાથ મંદિરે ભગવાનના અલૌકિક સોનાવેશ દર્શન યોજાયા હતા. ભગવાનને દિવ્ય સુવર્ણ વસ્ત્રો અને અલંકારોથી શણગારવામાં આવ્યા હતા, જેનો લાભ લેવા લાખો ભક્તો ઉમટ્યા હતા. કેન્દ્રીય અગ્રણીઓ, આઈસીસી ચેરમેન જય શાહ (જુઓ પાનું ૨) ▸▸

**જગન્નાથની નગરચર્યાની તૈયારીઃ** અમદાવાદમાં રથયાત્રાની તૈયારીના ભાગરૂપે બુધવારે હાથી પર ચિત્રકામ કરતો કલાકાર. (પીટીઆઇ)



# ‘સલવાર કાઢવી, સ્ત્રીની છાતી દબાવવી એ બળાત્કારનો પ્રયાસ ન કહી શકાય’

## પટણા હાઈ કોર્ટના વિવાદાસ્પદ ચુકાદા પર સુપ્રીમ કોર્ટ ભડકી

નવી દિલ્હીઃ પટણાની વડી અદાલતે બળાત્કારના પ્રયાસને લગતા એક કેસમાં આપેલા વિવાદાસ્પદ ચુકાદામાં જણાવ્યું હતું કે મહિલાની સલવાર કાઢવી અને તેના સ્તન દબાવવાની ક્રિયાને બળાત્કારનો પ્રયાસ ગણવા માટે પૂરતી ગણી ન શકાય. જોકે આ ચુકાદાથી સુપ્રીમ કોર્ટ ભડકી હતી અને આવા ચુકાદા આપતા પહેલા પૂરતા અભ્યાસના અભાવ વિશે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે ગંભીર ચિંતા વ્યકત કરી હતી. સુપ્રીમ કોર્ટે અદાલતી સંવેદનશીલતા સંબંધી નિષ્ણાત સમિતિની માર્ગદર્શિકાને અમલી બનાવી હતી. કેસની વિગતો મુજબ (જુઓ પાનું ૨) ▸▸

# ચીનનું અર્થતંત્ર ધીમું પડ્યુંઃ ૨૦૨૨ પછીનો સૌથી ઓછો વૃદ્ધિદર

હૉંગ કૉંગઃ સરકારે બુધવારે જાહેર કર્યું હતું કે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ચીનનું અર્થતંત્ર વાર્ષિક ૪.૩ ટકાના દરે વૃદ્ધિ પામ્યું, જે ૨૦૨૨ પછી સૌથી નબળું છે. એઆઈમાં તેજી અને ચાઇનીઝ ઇલેક્ટ્રિક વાહનોની મજબૂત વૈશ્વિક માગને કારણે નિકાસમાં વધારો થયો હોવા છતાં, જાન્યુઆરી-માર્ચમાં અર્થતંત્રના મજબૂત પાંચ ટકાના દરની વૃદ્ધિ અને સત્તાવાર ડેટાની આગાહીઓ કરતા ઓછો રહ્યો, જોકે આંશિક રીતે નિકાસમાં વધારો થયો હતો. ચીને ઈરાન યુદ્ધના વ્યાપક આર્થિક પ્રભાવોને મોટાભાગે અવગણ્યા છે કારણ કે ઊર્જાના ભાવમાં વધારો થવાથી વૈશ્વિક ફુગાવામાં વધારો થયો હતો. ■

# દેશના સૌથી મોટા અણુઊર્જા મથકનો ડેટા લીક થતા ફફડાટ

## રિલાયન્સની કુલ ૮,૫૮,૦૦૦ ફાઇલમાંની ૧૯,૦૦૦ ફાઇલ બહુ જ સંવેદનશીલ

બેંગ્લૂરુઃ દેશના સૌથી મોટા અણુઊર્જા મથક - કુડનકુલમ ન્યૂક્લિઅર પાવર પ્લાન્ટની ઘણી સંવેદનશીલ માહિતી રેન્સમવૅર ગ્રૂપ વર્લ્ડ લીક્સે ડાર્ક વૅબ પર પોસ્ટ કરી છે. આ માહિતી તેને અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રૂપ પાસેથી મળી હોવાનો દાવો કરાયો છે.

તમિળનાડુમાંનો કુડનકુલમ ન્યૂક્લિઅર પાવર પ્લાન્ટ દેશના સાત અણુઊર્જા મથકોમાંનો સૌથી મોટો છે અને દેશની અણુઊર્જા ક્ષમતા વધારવા માટેના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યોજનામાં ઘણું જ મહત્ત્વ ધરાવે છે.

અણુઊર્જા મથકમાંના (સાધનસામગ્રીના) ભાગોની (જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકાનો ચાબહાર પર હુમલો

▸ ઈરાનના 30 સૈનિક શહીદ, ૨૬0થી વધુ ઘાયલ

▸ તેલ, ગૅસની નિકાસ સંપૂર્ણ બંધ કરાવવાની તહેરાનની ધમકી

તહેરાનઃ અમેરિકાએ ઈરાનના ચાબહાર બંદર પર ભારે બૉમ્બમારો કર્યો છે. એક રિપોર્ટ અનુસાર, અમેરિકન સૈન્યએ ઇરાનના મહત્ત્વપૂર્ણ ચાબહાર બંદર પર દરિયાઈ ટ્રાફિક કંન્ટ્રોલ ટાવર પર મિસાઇલ હુમલો કર્યો છે, જેમાં ટાવર સંપૂર્ણપણે જમીનદોસ્ત થયો છે. એક અઠવાડિયાથી ઓછા સમયમાં આ સુવિધા પર આ બીજો સીધો હુમલો છે.

અમેરિકાએ બંદર શહેર ચાબહારમાં શહીદ કલંતરી બંદર પર એક વોચટાવરને નિશાન બનાવ્યો હતો. ઇરાનના સરકારી મીડિયા અનુસાર, ઓમાનના અખાતના કિનારે સિસ્તાન અને બલૂચિસ્તાન પ્રાન્તમાં સ્થિત ચાબહારનો વોચટાવર પર પણ હુમલો કરાયો હતો. ચાબહાર વોચટાવર પર અમેરિકાનો આ બીજો હુમલો હતો. જે દરિયાઇ સુરક્ષા અને માછીમારોની શોધ અને બચાવ કામગીરી માટે ઉપયોગમાં લેવાતી નાગરિક સુવિધા છે. અમેરિકાના લશ્કરે ઇરાન પર (જુઓ પાનું ૨) ▸▸

## હવે ઈરાનના પાવર પ્લાન્ટ અને પુલોને ટાર્ગેટ કરાશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે આવનારાં બે-ત્રણ દિવસમાં અમેરિકા ઇરાન પર વધુ ભીષણ હુમલા કરશે. આવતા અઠવાડિયે પરિસ્થિતિ વધુ વણસશે કેમ કે ત્યારે ઇરાનના ઊર્જા મથકોને નિશાન બનાવી હુમલા કરવામાં આવશે અને ત્યાર બાદ પુલોને નિશાન બનાવવામાં આવશે. જો તેઓ ચર્ચા માટે વાટાઘાટના ટેબલ પર નહીં આવે તો અમે તેમના તમામ ઊર્જા મથકો અને પુલોનો નાશ કરીશું, એમ ટ્રમ્પે કહ્યું હતું. ■

# સૅમિકન્ડક્ટર, મૉબાઈલ ઉત્પાદનમાં જંગી રોકાણની સરકારની જાહેરાત

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે દેશમાં સૅમિકન્ડક્ટર અને મૉબાઇલ ફોનનું ઉત્પાદન વધારવા માટે અંદાજે રૂપિયા ૧.૯ લાખ કરોડ (૨૨ અબજ ડૉલર)ના ખર્ચવાળી યોજનાને બુધવારે મંજૂરી આપી હતી. આ ઉપરાંત, દેશને ખાતરના ઉત્પાદનમાં સ્વાવલંબી બનાવવા માટે ગૅસ પર આધારિત નવ પ્લાન્ટ શરૂ કરવાની ‘નેશનલ ઇન્વેસ્ટમેન્ટ પૉલિસી ફૉર યુરિયા’ની જાહેરાત કરી હતી, જેમાં વધુ એક કરોડ ટન યુરિયાનું ઉત્પાદન કરવાની ક્ષમતા હશે.

કેન્દ્ર સરકારે સૅમિકન્ડક્ટરની ડિઝાઇન તૈયાર કરવા અને તેનું ઉત્પાદન કરવા માટેના રૂપિયા ૧.૨૭ લાખ કરોડના ‘સૅમિકૉન ૨.૦ પ્રૉગ્રામ’ને બહાલી આપી હતી. મૉબાઇલ ફૉન મેન્યુફેક્ચરિંગ સ્કીમમાં રૂપિયા ૬૨,૫૦૦ કરોડનો ખર્ચ કરાશે.

‘ઇન્ડિયા સૅમિકન્ડક્ટર મિશન’માં ચિપ ડિઝાઇન, સૅમિકન્ડક્ટર ઇક્વિપમેન્ટ અને મટિરિયલ્સ, ફેબ્રિકેશન ફેસિલિટીઝ, ઍડવાન્સ્ડ પૅકેજિંગ અને ટેસ્ટિંગ, સંશોધન અને વિકાસ તેમ જ કૌશલ્ય વધારવાની બાબતનો સમાવેશ કરાયો છે. કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રૉગ્રામના અંત સુધીમાં ભારત (સૅમિકન્ડક્ટર) ચિપ્સના ઉત્પાદનમાં સ્વાવલંબી બની જશે. (એજન્સી)■

# તત્કાલ ટિકિટના ધાંધિયાઓને દૂર કરવા નવી વેબસાઈટ લૉન્ચ કરાશે

નવી દિલ્હીઃ આઇઆરસીટીસીની નવી વેબસાઇટ ટૂંકમાં આવી રહી છે જેમાં તત્કાલ ટિકિટના ધાંધિયા દૂર થશે તેમજ પેમેન્ટ ફેલ થવાનું ટેન્શન પણ નહીં રહે.

આ નવી વેબસાઈટમાં અઈ પાવર્ડ ફીચર્સ સાથે ઘણા નવા ફીચર્સ જોવા મળશે. આ નવી વેબસાઇટમાં માત્ર નવી ડિઝાઈન જ નહીં મળે પરંતુ ટિકિટ બુકિંગની પ્રોસેસમાં સરળતા રહેશે.

નવી વેબસાઈટમાં કોઈ કેપ્ચા નહીં હોય. તેમાં છ સ્ટેપમાં ટિકિટ બુકિંગ થઈ જશે. જો તમારા આઇડીમાં ઈન્ફોર્મેશન પહેલાથી સેવ હશે તો છ સ્ટેપમાં ગણતરીના સેકંડમાં ટિકિટ બુક થઈ જશે.

નવી વેબસાઇટ લાઇટવેઇટ હશે. ઇન્ટરનેટ સ્પીડ ઓછી હશે તો પણ ઝડપથી લોડ થશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત બફરિંગ તથા પેજ હેંગ થવાની સમસ્યા પણ નહીં રહે.

નવી વેબસાઇટ પર તમે માત્ર યુઝર આઈડી અને પાસવર્ડની મદદથી જ લૉગ-ઇન કરી શકશો. તમારે આડા-અવળા અક્ષરોવાળા કેપ્ચા કોડને ઉકેલવાની જરૂર નહીં પડે. નવી વેબસાઇટમાં એડવાન્સ સિક્યોરિટી ફીચર્સ ઉમેરવામાં આવશે, જેથી સામાન્ય બુકિંગના સમયે કેપ્ચાની માથાકૂટ ખતમ થઈ જશે. ■

# પીઓકેમાં ઉકળતો ચરુઃ કોઇ પણ હિસાબે પાકિસ્તાનથી છેડો ફાડવો છે

નવી દિલ્હીઃ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) ઉકળતા ચરુ જેવી વિસ્ફોટક સ્થિતિ છે. જોઈન્ટ અવામી લીગે અર્ધલશ્કરી દળોના જવાનોની ભારે તહેનાતી, રકતરંજિત આંદોલન અને જુલમી જવાબ છતાં તેના વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાનું નક્કી કર્યું છે. સુરક્ષા દળો અને પીઓકેના લોકો વચ્ચે મંગળવારે જોરદાર અથડામણ થઈ હતી અને બાર જણના ભોગ લેવાયા હતા. આને લીધે બુધવારે બપોરે મુઝફ્ફરાબાદમાં જંગી કૂચ કાઢી હતી અને એક લાખ લોકો આમાં જોડાયા હતા. પીઓકેના શહેરોને સીલ કરી દેવામાં આવ્યા છે. સત્તાવાળાઓએ સમાચારની સેન્સરશિપ લાદી છે. રાવલકોટમાં પત્રકારોને પ્રવેશવા દેવામાં આવ્યા નથી. છેલ્લા એક મહિનાથી પીઓકેમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. મંગળવારે બે જવાન સહિત ૧૨ જણ મરણ પામ્યા હતા. પીઓકે ઉકળતા ચરુ જેવી વિસ્ફોટક સ્થિતિ છે ત્યારે દેખાવકારોના નેતાએ એક સનસનાટીભર્યું નિવેદન કર્યું છે. વિરોધ ચળવળના મુખ્ય ચહેરા સરદાર અમન ખાને કાશ્મીર એ વિવાદાસ્પદ ભૂમિ છે એવા પાકિસ્તાનના વલણને પડકાર્યું હતું. તેમણે કહ્યું હતું કે આ વિવાદાસ્પદ નહીં પરંતુ બળપૂર્વક કબજે કરાયોલો પ્રદેશ છે. એક લાખ લોકાએ મુઝફ્ફાબાદમાં કૂચ કરી હતી. ■






# મોદીની વાત પુતિને માનતા અણુ ખતરો ટળ્યો હતોઃ પોલેન્ડના પ્રધાન

નવી દિલ્હીઃ પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાન વ્લાદિસ્લાવ ટેઓફિલ બાર્તોશેવ્સ્કીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાજદ્વારી ભૂમિકાની ખુલ્લેઆમ પ્રશંસા કરતા મોટો દાવો કર્યો છે. તેમનું કહેવું છે કે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન ૨૦૨૨ના અંતમાં જ્યારે રશિયા દ્વારા યુક્રેનમાં વ્યૂહાત્મક (ટેક્ટિકલ) અણુશસ્ત્રોના ઉપયોગની આશંકા હતી, ત્યારે વડાપ્રધાન મોદીએ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને આવું પગલું ભરતા રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે દુનિયાના પસંદગીના નેતાઓમાં મોદી એક એવા નેતા છે, જેમની વાત પુતિન ગંભીરતાથી સાંભળે છે.

ભારત-પોલેન્ડ સંયુક્ત આર્થિક આયોગની બેઠક બાદ નવી દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં બાર્તોશેવ્સ્કીએ જણાવ્યું હતું કે ભારત અને રશિયા (અગાઉ સોવિયત સંઘ) વચ્ચે દાયકાઓ જૂના વ્યૂહાત્મક સંબંધો છે. આ જ કારણે રાષ્ટ્રપતિ પુતિન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહને મહત્ત્વ આપે છે. તેમણે કહ્યું કે પીએમ મોદી એક સન્માનિત વૈશ્વિક નેતા છે અને તેમની વાતની આંતરરાષ્ટ્રીય સ્તરે અસર થાય છે. ■

# અમેરિકામાં ભારતીયનો ધર્મ પૂછીને ૧૫ વાર ચાકુ મરાયું

વેસ્ટ વેલીઃ અમેરિકાના યુટાહના એક મૉલમાં એક ભારતીય મુસલમાનને તેનો ધર્મ પૂછીને ૧૫ વખત ચાકુ મરાયું હતું. યુટાહના વેસ્ટ વેલી શહેરમાંના વેલી ફેર મૉલની અંદર સોહેલ પર આ હુમલો કરાયો હતો. હુમલાખોર લાર્સને સોહેલ પર હુમલો કરતાં પહેલાં પૂછ્યું હતું કે તું ક્યાંનો મૂળ વતની છે? શું તું મુસલમાન છે?■

# ઈડીની નૉટિસ મળતા જ મદન મિત્રાએ મમતાનો સાથ છોડ્યો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીના પક્ષને વધુ એક ઝટકો લાગ્યો છે. ટીએમસીના વરિષ્ઠ ધારાસભ્ય મદન મિત્રા બુધવારે વિપક્ષના નેતા ઋતબ્રત બેનરજીના નેતૃત્વ હેઠળના બળવાખોર જૂથમાં જોડાઇ ગયા હતા. જો કે અનુભવી ધારાસભ્યએ તેમણે પાર્ટી છોડી ન હોવાનું જણાવ્યું હતું. મમતા બેનરજીના સૌથી જૂના રાજકીય સહયોગીઓ અને ટીએમસીના શરૂઆતના સમયના નેતાઓ પૈકીના એક મિત્રાએ જાહેરાત કરી હતી કે તેઓ મમતા બેનરજી-ટીએમસી જૂથ હેઠળ કામ કરતી તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સંગઠનાત્મક સમિતિઓમાંથી રાજીનામું આપી રહ્યા છે. તેમજ વિધાનસભામાં પાર્ટીના મુખ્ય દંડકનું પદ પણ છોડી રહ્યા છે. પરિવારને ઈડીની નૉટિસ મળ્યાના બીજા દિવસે મિત્રાએ મમતાનો સાથ છોડ્યો હતો.

વિધાનસભામાં તેમની ચેમ્બરમાં ઋતબ્રત બેનરજીને મળ્યા બાદ તેમણે પત્રકારોને જણાવ્યું કે મેં માત્ર ઓરડો બદલ્યો છે, ઘર નહીં. હું હજુ પણ ટીએમસીમાં જ છું. ■




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જાતિય અપરાધોમાં અસંવેદનશીલ વલણઃ માનસિકતા બદલો તો ફરક પડે

**સુપ્રીમ** કોર્ટે સેક્સ્યુઅલ ક્રાઈમ (જાતીય ગુના)ના કેસોમાં કરાતી અસંવેદનશીલ ટીપ્પણીઓ કે વલણને રોકવા માટે એક રાષ્ટ્રીય માર્ગદર્શિકાનો અમલ કરવા આદેશ આપ્યો છે. સેક્સ્યુઅલ ક્રાઈમ સાથે સંકળાયેલા કેસોમાં બળાત્કાર માટે છોકરીઓ જ જવાબદાર હોય એ પ્રકારની હલકી માનસિકતાથી ભરેલી ન્યાયાધિશોની ટીપ્પણીઓ સામે સુપ્રીમ કોર્ટ પોતે જ ખફા હતી. તેના પગલે ન્યાયિક સંવેદનશીલતા જાળવવા રાષ્ટ્રીય ન્યાયિક એકેડેમીએ નિષ્ણાત સમિતિની રચના કરી હતી. આ સમિતીએ તેનો અહેવાલ મંગળવારે એટલે કે ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ ચીફ જસ્ટિસને આપ્યો.

ચીફ જસ્ટિસે ધરમના કામમાં ઢીલ નહીં એમ સમજીને તમામ અદાલતોને તેનો અમલ કરવાનું ફરમાન કરી દીધું. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે આદેશ આપ્યો છે કે, સુપ્રીમ કોર્ટ, દેશભરની તમામ હાઈ કોર્ટ અને જિલ્લા અદાલતોની વેબસાઇટ પર આ માર્ગદર્શિકાની હેન્ડબુક અપલોડ કરવામાં આવે. આ ઉપરાંત નેશનલ જ્યુડિશિયલ એકેડેમી સહિત તમામ રાજ્ય ન્યાયિક એકેડેમીઓને પણ મોકલવામાં આવે કે જેથી વકીલો તેનું પાલન કરે, નેશનલ લો યુનિવર્સિટી અને વિવિધ યુનિવર્સિટીઓના કાયદા વિભાગોને પણ મોકલવામાં આવે કે જેથી ભાવિ વકીલો અને ન્યાયાધિશોને તેની જાણ થાય. સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલી માર્ગદર્શિકાઓને ન્યાયિક આદેશનો ભાગ બનાવવાનો આદેશ પણ અપાયો છે.

સુપ્રીમ કોર્ટનો નિર્ણય સૈદ્ધાંતિક રીતે સારો છે પણ તેના કારણે સ્થિતી બદલાશે એવી બહુ આશા રાખવા જેવી નથી. તેનું કારણ એ કે, ભારતમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં બેઠેલા ન્યાયાધિશોમાંથી મોટા ભાગના જવાબદારીપૂર્ણ રીતે વર્તીને પોતાની ફરજ બજાવે છે પણ ઘણા એવા ન્યાયાધિશો પણ છે કે જે પોતાને કોઈ બંધન નથી નડતાં એવું માને છે. સુપ્રીમ કોર્ટ કે હાઈ કોર્ટના જજની ખુરશી પર બેસી ગયા એટલે પોતાને કાયદાનું મનફાવે એ રીતે અર્થઘટન કરવાનો અને ચુકાદા આપવાનો અધિકાર છે એમ સમજીને વર્તે છે. ઘણા ન્યાયાધિશો ભ્રષ્ટ હોય છે તેથી પણ બેફામ બનીને વર્તે છે.

ન્યાયાધિશનું કામ બંધારણ અને કાયદાની મર્યાદામાં રહીને ચુકાદા આપવાનું છે પણ ઘણા ન્યાયાધિશો આ મર્યાદાનું પાલન નથી કરતા. કેસને લાગતું વળગતું ના હોય એવી વાતોનો ઉલ્લેખ કરવો ને પોતાની માનસિકતા પ્રમાણે જ્ઞાન પિરસવાને આ ન્યાયાધિશો પોતાનો અબાધિત અધિકાર માને છે. તેના કારણે સુપ્રીમ કોર્ટને પણ ઘોળીને પી જાય છે ને તેનો તાજો જ દાખલો પટણા હાઈ કોર્ટે સેક્સ્યુઅલ એસોલ્ટ (જાતીય હુમલા)ના કેસમાં આપેલો ચુકાદો છે.

પટના હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પૂર્ણેન્દુ સિંહે ૮ જુલાઈએ બળાત્કારના પ્રયાસના કેસમાં એક આરોપીને નિર્દોષ છોડી મૂક્યો. જસ્ટિસ સિંહે ચુકાદામાં જ્ઞાન પિરસ્યું કે, કોઈ વ્યક્તિ મહિલાની સલવાર ખોલે અને તેનાં સ્તન દબાવે તો બળાત્કારનો પ્રયાસ કરવાનો ગુનો નથી બનતો પણ મહિલાની મર્યાદા ભંગ કરવાનો ગુનો બને છે. જસ્ટિસ સિંહે આ જ્ઞાન પિરસીને આરોપીને બળાત્કારના પ્રયાસના આરોપમાંથી મુક્ત કરી દીધો ને મહિલાની મર્યાદા ભંગ કરવાનો ગુનો નોંધીને કેસ ચલાવવા આદેશ આપ્યો.

આઘાતજનક વાત એ કહેવાય કે, ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટ પોતે એવો ચુકાદો આપી ચૂકી છે કે, કોઈ છોકરીની સલવારનું નાડું ખેંચવું એ બળાત્કારનો પ્રયાસ જ કહેવાય. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપવો પડેલો કેમ કે ભૂતકાળમાં બીજી એક હાઈ કોર્ટના ન્યાયાધિશે જસ્ટિસ સિંહ જેવો જ વાહિયાત ચુકાદો આપ્યો હતો. યુપીના કાસગંજમાં એક મહિલાએ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કોર્ટમાં ફરિયાદ કરેલી કે ૧૦ નવેમ્બર, ૨૦૨૧ના રોજ પોતાની ૧૪ વર્ષની દીકરી સાથે ગઈ હતી ત્યારે સાંજે ઘેર પાછા ફરતી વખતે રસ્તામાં ગામના પવન, આકાશ અને અશોક મળી ગયા હતા.

આ પૈકી પવને દીકરીને પોતાની બાઇક પર બેસાડીને ઘરે છોડવાની ઓફર કરતાં માતાએ તેની વાત માની લીધેલી પણ રસ્તામાં પવન અને આકાશે છોકરીના ગુપ્તાંગોને પકડીને છેડતી કરી હતી. આકાશે છોકરીને પુલ નીચે ખેંચવાનો પ્રયાસ કરીને સલવારનું નાડું ખોલી નાંખ્યું હતું. છોકરીની ચીસો સાંભળીને દોડી આવેલા બે યુવકોને આરોપીઓએ દેશી તમંચો બતાવીને બંનેને ધમકાવ્યા હતા અને પછી બંને ફરાર થઈ ગયા હતા. છોકરીની માતાએ ફરિયાદ કરતાં પોલીસે આરોપી પવન અને આકાશ સામે ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)ની કલમો હેઠળ બળાત્કારના પ્રયાસ તથા પોક્સો એક્ટની કલમ ૧૮ હેઠળ સગીરા પર રેપના પ્રયાસનો કેસ નોંધ્યો હતો.

પોલીસે બીજી પણ ઘણી કલમો લગાવી હતી પણ અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાએ આ કલમો હટાવી દીધી હતી. બંને આરોપીઓ સામે બળાત્કારના પ્રયાસના બદલે મર્યાદાભંગની કલમો હેઠળ કેસ નોંધવાનો આદેશ જસ્ટિસે આપેલો. જસ્ટિસ મિશ્રાએ એવી કોમેન્ટ પણ કરેલી કે. સલવારનું નાડું ખેંચવું એ બળાત્કારનો પ્રયાસ ના કહેવાય.

આ મામલે ભારે હોહા થઈ પછી સુપ્રીમ કોર્ટે સુઓમોટો કરીને સુપ્રીમ કોર્ટે હાઈ કોર્ટના નિર્ણય પર સ્ટે આપેલો. ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ એ.જી. મસીહની બેન્ચે હાઈકોર્ટના આદેશમાં કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓને સંપૂર્ણપણે અસંવેદનશીલ અને અમાનવીય ગણાવી હતી. સુપ્રીમ કોર્ટે એ પછી ચુકાદો આપેલો કે, મહિલાની છેડતી કરવી અને તેના પાયજામાનું નાડું ખોલવું બળાત્કારનો પ્રયાસ જ ગણાય તેથી આકરી કલમો હેઠળ જ કેસ થવો જોઈએ.

આ કેસ બહુ જૂનો નથી. માત્ર બે વર્ષ જૂનો છે તેથી સૌને ખબર છે ત્યારે પટણા હાઈ કોર્ટના જસ્ટિસ સિંહને તેની ખબર ના હોય એવું બને? એ છતાં જસ્ટિસ સિંહે કોઈ વ્યક્તિ મહિલાની સલવાર ખોલે અને તેનાં સ્તન દબાવે તો બળાત્કારનો પ્રયાસ કરવાનો ગુનો નથી બનતો એવો ચુકાદો કેમ આપ્યો? જવાબ સૌને ખબર છે પણ ન્યાયતંત્રની ગરિમાના નામે ઘણી વાતો ઉઘાડેછોગ નથી બોલી શકાતી. સુપ્રીમ કોર્ટને પણ આવી વાતો ગમતી નથી તેથી એ વાત નથી કરતા પણ જસ્ટિસ સિંહ સુપ્રીમ કોર્ટને ઘોળીને પી ગયા તેમાં બેમત નથી. ખરેખર તો સુપ્રીમ કોર્ટે તેની તપાસ કરાવવી જોઈએ. પોતાના જ ચુકાદાને હાઈ કોર્ટના એક જજ ન માને ને પોતાને ફાવે એવો ચુકાદો કેમ આપ્યો તેનો ન્યાયાધિશ પાસે ખુલાસો માગવો જોઈએ પણ સુપ્રીમ કોર્ટ એવી હિંમત પણ નથી બતાવતી.

પટણા હાઈ કોર્ટનો ચુકાદો તાજો છે ને સુપ્રીમ કોર્ટની ધરાર અવમાનના કરાઈ છે તેથી તેની વાત કરી પણ આવાં તો અનેક ઉદાહરણો છે. ન્યાયાધિશો અત્યંત અસંવેદનશીલ કોમેન્ટ્સ કરે કે સાવ વાહિયાત વાતો કરે એવાં અસંખ્ય ઉદાહરણો મળી આવશે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા આવી ટીપ્પણીઓને નહીં રોકી શકે કેમ કે આ દેશમાં માર્ગદર્શિકાઓથી કોઈ ફરક પડતો નથી. દેશમાં દરેક વ્યક્તિ એમ જ માને છે કે, આ માર્ગદર્શિકાનો અમલ બીજાંએ કરવાનો છે, આપણે નહીં ને તેથી કોઈ તેનો અમલ નહીં કરે.

સુપ્રીમ કોર્ટ માર્ગદર્શિકા બનાવવાના બદલે આવી ટીપ્પણી કરનારાં સામે કડક પગલાં લેવાનું રાખે તો ફરક પડે. અસંવેદનશીલ ટીપ્પણી કરનારની તાત્કાલિક પનિશમેન્ટ ટ્રાન્સફર કે બીજાં એવાં પગલાંથી સ્થિતી બદલાય પણ ભારતમાં કોઈ તંત્રમાં એકાઉન્ટિબિલિટી છે નહીં તેથી ન્યાયતંત્રમાં તેના અમલની આશા રાખવા જેવી નથી. મતલબ કે આગુ સે ચલી આતી હૈ જ રહેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૧૬-૭-૨૦૨૬, રથયાત્રા,

- ભારતીય દિનાંક ૨૫, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨જો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૧૯-૫૧ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૧૯-૫૧ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૨ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૦૬-૫૩, રાત્રે ક. ૧૯-૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ - દ્વિતિયા. રથયાત્રા, મુસ્લિમ ૨જો સફર માસારંભ, નિરયન સૂર્ય કર્ક રાશિમાં ૨૩-૩૮, મું. ૩૦, સામ્યાર્ઘ, સંક્રાંતિ-પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત, માનસપૂજા (બંગાળ), ગુરુ પશ્ચિમમાં લોપ થાય છે, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સૂર્યોદયથી સૂર્યાસ્તમાં શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ભગવાન જગન્નાથની રથયાત્રા ઉત્સવ, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ચંપાનું પુષ્પ અર્પણ કરવું, સર્પપૂજા, સંક્રાંતિ પુણ્યકાળમાં શ્રી વિષ્ણુ, ઋષિ તર્પણ શ્રાદ્ધ, જપ, તપ, દાન, નિત્ય થતાં દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડના કામકાજ, ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર જમીન, મકાન, લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પ્રાણી પાળવા.

આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ ચાલબાજીવાળા,

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન/કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈસ્લામ અને જીવદયાઃ સદ્વર્તન સ્તંભ

**ઈસ્લામ** જીવદયાની હિમાયત કરનારા સૌથી મોટા ધર્મો પૈકીનો એક ધર્મ છે. દીને ઈસ્લામે પ્રાણી માત્ર પર દયા રાખવાના આદેશો ઉમ્મતિઓને આપ્યા છે. યાદ રહેવું ઘટે કે, કુરાન કરીમના આદેશો જેટલા જ નબવી આદેશો પણ ઈસ્લામી શાસ્ત્રનો ભાગ છે. પ્રથમ આપણે વિશ્વકૃપા હુઝૂર નબીએ કરીમ હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લ (સ.અ.વ.)ના આદેશો જોઈએ.

આપ હુઝૂરે અનવર (સ. અ. વ.) ફરમાવો છોકે-

૧ - જે કોઈ વ્યક્તિ, કોઈ જાનવર પર દયા નહીં કરે તેની પર અલ્લાહ પણ રહમ કરતો નથી (સિહાહ).

૨ - જે કોઈ વ્યક્તિ, કોઈ જાનવરના નાક- કાન કાપી નાખે જેને 'મુસ્લહ' કહેવાય છે, તો અલ્લાહ તઆલા તે મુસ્લહ કરનાર વ્યક્તિને કયામતના દિવસે (ન્યાયના દિવસે) મુસ્લહ કરશે. (મુસ્નદ અહમદ).

૩- નબીએ કરીમ (સ. અ. વ.) એક એવા માણસ પાસેથી પસાર થયા જે એક જાનવરને પોતાના ઘૂટણોથી દબાવી રાખીને, છરીને તેજ કરી રહ્યો હતો. વિશ્વકૃપા બનીને પધારેલા નબીએ ઉમ્મી (સ.અ.વ.) ફરમાવ્યું- તારું ખરાબ થાય. તેં આ પ્રાણી પર અનેક મૃત્યુને ભેગાં કરી દીધાં. જાનવરને નીચે પછાડતાં પહેલાં જ છરીની ધારને તેજ કરી લેવી જોઈતી હતી. (મુસ્નદઃ હાકિમ) ઈસ્લામ હલાલ ઠેરવેલાં જાનવરોના માંસને ખાવાની રજા જરૂર આપે છે પણ જીવ દયાનો તે પ્રખર હિમાયતી હોઈ, તે માટેની આચારસંહિતા પણ ઘડી આપી છે.

૪- હઝ ખલીફા હઝરત ઉમરના ફરઝંદે જણાવ્યું કે, રસુલે કરીમ (સ.અ.વ.) તેવી વ્યક્તિ પર લાનત કરતા હતા, જે કોઈના આત્મા (જાનવર)ને પોતાની તીરઅંદાઝીનું નિશાન બનાવે. (મિશ્કાત).

૫- ઈસ્લામના મહાન કૃપાળુ- દયાળુ નબીએ કરીમ (સ.અ.વ.) એક ગધેડાને જોયો, જેના મોઢા પર કોઈએ ડામ દીધા હતા તેના નાકમાંથી લોહી નીકળી રહ્યું હતું. તે જોઈ આપ સરકાર (સ.અ.વ.) ફરમાવ્યું કે, અલ્લાહ તે શખશ પર લાનત (ફીટકાર) કરે, જેણે આ પ્રાણી સાથે આવો ખરાબ વર્તાવ કર્યો છે (રાવી જાબિર બીન અબ્દુલ્લાહ).

૬- એક દિવસ નબીએ કરીમ (સ.અ.વ.) એક અન્સારી (કોમ)ના બાગમાં પધાર્યા. ત્યાં એક ઊંટ હતું, જેણે આપ સરકારને જોઈને રડવાનું શરૂ કર્યું. હુઝૂર દયાના સાગર, જગત ઉધ્ધારક, વિશ્વ કૃપા, નબીઓની અંતિમ કડી, હઝરત મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) આ દશ્ય જોઈ, તે ઊંટના કાન પાછળ પ્રેમાળ હાથ ફેરવ્યો. ઊંટે રડવાનું બંધ કરી દીધું. આપ હૂઝૂરે અનવર (સ.અ.વ.) પૂછયું- 'આ ઊંટનો માલિક કોણ છે?' એક અન્સારી નવયુવાને જણાવ્યું કે, 'યા અલ્લાહના રસૂલ! આ ઊંટ મારું છે.' આપે તે નવજવાનને ફરમાવ્યું- 'શું તે અલ્લાહ, જેણે તેને આ (મુંગા) પ્રાણીનો માલિક બનાવ્યો છે. તે અલ્લાહથી તું ડરતો નથી? આ ઊંટે મારી પાસે ફરિયાદ કરી છે કે, તું તેને ભૂખ્યું રાખે છે અને ઘણી બધી તકલીફો આપે છે.'

૭- એક દિવસ દયાના સાગર હુઝૂર (સ.અ.વ.) એક એવા ઊંટ પાસેથી પસાર થયા, જેની પીઠ (ભૂખ અને તરસના કારણે) તેના પેટ સાથે લાગી ગઈ હતી. આપ સરકારે ફરમાવ્યું- 'આ મુંગાં પ્રાણીઓ વિશે અલ્લાહથી ડરો. તમે તેમની પર માત્ર એવા સમયે જ સવારી કરો, જ્યારે તે પ્રાણી સવારી કરવા માટે યોગ્ય હોય. નહીં તો, જ્યાં સુધી તે પ્રાણી સવારીને લાયક બની ન જાય, ત્યાં સુધી તેને છૂટું રહેવા દો.'

૮- હઝરત અબુ રાકિદ (રદિયલ્લાહો અન્હો) જણાવે છે કે, જ્યારે હુઝૂર મદની તાજદાર (સ.અ.વ.) મદીના શરીફ તશરીફ લાવ્યા (પધાર્યા), તો જોયું કે ગામડાના લોકો ઊંટોની ખાંધ, દુંબાની ચકી (ઘુટી)અને ઘેટાં- બકરાઓની સુરીનનું (પુંઠનું) માંસ ખાવા માટે તેને પહેલેથી જ કાપી લે છે. દયાના સાગર પયગંબરે આઝમ (સ.અ.વ.) આ વિશે મનાઈ ફરમાવીને જણાવ્યું- 'જે જીવતા ચાર પગા પ્રાણીનું માંસ કાપે છે, તે માંસ ખાવું હરામ છે.'

૯- હઝરત અલુ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો) જણાવે છે કે, નબીએ કરીમ (સ.અ.વ.) ફરમાવ્યું કે- 'તમે તમારા જાનવરોની પીઠોને કાયમની બેઠક અને ખુરસી બનાવી ન રાખો એટલે સમગ્ર સમય તેની પર ચઢેલા ન રહો. કારણ કે અલ્લાહે તેઓને તમારા તાબે (એટલા માટે કર્યા છે કે, તે એવાં શહેરોમાં તમને પહોંચાડી દે, જ્યાં તમે અસહ્ય કષ્ટ વિના પહોંચી શકત નહીં.

૧૦- આપ હુઝૂરે કરીમ (સ.અ.વ.) ફરમાવ્યું કે- 'એક સ્ત્રી એક બિલાડીના કારણે જહન્નમ, દોઝખમાં ગઈ. તેણીએ તે બિલાડીને બાંધી રાખી હતી. તેને ખાવાનું આપ્યું નહીં અને છોડી પણ નહીં. જેથી એ ધરતીના જીવ-જંતુઓ ખાઈ શકે. તે બિલાડી આખરે મરી ગઈ.' અને આગળ કહ્યું તેમ એ સ્ત્રી જહન્નમ; દોઝખમાં ગઈ.

- પ્રાણી માત્ર પર પ્રેમ, દયા રાખવાનો ઈસ્લામ ઉમ્મત; પ્રજા, અનુયાયીઓને આદેશ આપે છે.

પ્રસ્તુત લેખની શરૂઆતમાં જણાવ્યું તેમ અલ્લાની વાણી, પવિત્ર ગ્રંથ કુરાનમાં જગતકર્તા, સૃષ્ટિના સર્જનહાર હિદાયત, આદેશ, ઉપદેશ, ધર્મજ્ઞાન આપે છે. તેવા જ હુઝૂરે અનવર હઝરત મહંમ્મદ સાહેબ તેમનાં કથનો, વાક્યો, હદીસમાં જીવદયા પર જે બોધ આપે છે તેને ઈન્શાઅલ્લાહ ફરી ક્યારેક જાણીશું.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

'... તેજ (અલ્લાહ છે, જેણે અરબસ્તાનના અભણ લોકોમાં તેમનામાંથી જ એક રસૂલ, ઈશ્વરના દૂતને મોકલ્યા, જે તેમને અલ્લાહની આયતો, વાક્યો સંભળાવે છે અને તેમને પાક, સાફ કરે છે, ઈસ્લાહ કરે છે, એટલે સુધારે છે અને તેમની કિતાબ, ગ્રંથ, કુરાનના ઈલ્મ, બોધઃ જ્ઞાનની અને હિકમત, વિદ્યા, કળા, કારીગરી, ચાતુર્ય, ઈલ્મોજ્ઞાનની વાતોની તાલીમ, શિક્ષણ આપે છે, જોકે તે લોકો ખુલ્લી ગુમરાહી, માર્ગ ભટકેલા હતા. (સૂરહ (પ્રકરણ) 'લુક માન'ની આયત્ વાક્ય ૭મીનો ભાવાનુવાદ).

## પહેલા પાનાનું ચાલુ

### જગતનો નાથ

અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ મંદિરે હાજરી આપી ગજરાજો અને રથોનું પૂજન-આરતી સંપન્ન કરી હતી. ત્રણેય પવિત્ર રથોને શાસ્ત્રોક્ત વિધિથી મંદિરના પ્રાંગણમાં લાવી સજ્જ કરી દેવાયા હતા. રથયાત્રાનું સત્તાવાર સમયપત્રક ૧૬ જુલાઈ ગુરુવારથી શરૂ થશે, ભગવાનની રથયાત્રા વહેલી સવારથી શરૂ થઈ મોડી રાત સુધી પરંપરાગત વિધિઓ સાથે આગળ વધશે. સત્તાવાર સમયપત્રક મુજબ સવારે ૦૪:૦૦: ભગવાનની ભવ્ય મંગળા આરતી કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા પરંપરાગત આરતી કરવામાં આવશે. ત્યાર બાદ સવારે ૦૪:૩૦: ભગવાનને પરંપરાગત ખીચડી અને ગવારફળીનો ભોગ અર્પણ કરવામાં આવશે, સવારે ૦૬:૦૦ વાગ્યે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીનું રથારોહણ કરવામાં આવશે. સવારે ૦૬:૩૦ થી ૦૭:૦૦: ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા સોનાની સાવરણીથી રથની આગળ સફાઈ કરવાની પવિત્ર 'પહિંદ વિધિ' કરાશે. સવારે ૦૭:૦૦: રથયાત્રાનું જમાલપુર નિજ મંદિરથી સત્તાવાર પ્રસ્થાન કરવામાં આવશે. બપોરે ૧૨:૦૦ થી ૦૧:૩૦: ભગવાનના મોસાળ સરસપુર ખાતે આગમન થશે. ત્યાર બાદ મહાપ્રસાદ યોજાશે. સાંજે ૦૮:૩૦ આસપાસ ૧૬.૨ કિલોમીટર લાંબો રૂટ પૂર્ણ કરી રથયાત્રા નિજ મંદિરે પરત ફરશે. રથયાત્રાનો સંપૂર્ણ રૂટભગવાનના ત્રણેય રથ જૂના અમદાવાદના કોટ વિસ્તારના પરંપરાગત માર્ગો પરથી પસાર થશે, જેમ કે જમાલપુર નિજ મંદિર, ખાડિયા, કાલુપુર, સરસપુરથી પરત વળતી વખતે સરસપુર, પ્રેમ દરવાજા, દિલ્હી દરવાજા, શાહપુર, ઘીકાંટા, માણેક ચોક અને જમાલપુર નિજ મંદિરમાં પર ફરશે.

ભવ્ય શોભાયાત્રાના અગ્રભાગમાં ૧૮ શણગારેલા ગજરાજ (હાથી), સંસ્કૃતિની ઝાંખી કરાવતી ૧૦૧ ટ્રકો, ૩૦ અખાડા અને ૧૮ ભજન મંડળીઓ જોડાશે. હજારો સાધુ-સંતો અને ખલાસીઓ ઉપરાંત હરિદ્વાર, અયોધ્યા અને પુરીથી આવેલા ૨,૫૦૦ થી વધુ સાધુ-સંતો તેમજ રથ ખેંચવા માટે ૧,૨૦૦ જેટલા ખલાસી ભાઈઓ જોડાશે. ભગવાનના મોસાળ સરસપુરમાં ૨૬ જેટલા રસોડા (કમ્યુનિટી કિચન) શરૂ કરાયાં છે, જેમાં એક જ પોળમાં ૩૦,૦૦૦ થી વધુ ભક્તો માટે મોહનથાળ-ફૂલવડીનો મહાપ્રસાદ અપાશે. વહેલી સવારથી જ બટેકાનું શાક, મિક્સ શાક, ગરમાગરમ પુરી અને દાળ-ભાત બનાવવાની કામગીરી શરૂ કરાશે. આ વખતે જમણવાર માટે ૧૮૦૦ કિલો બુંદી, ૧૮૦૦ કિલો જેટલી ફૂલવડી, ૧૫૦૦ કિલો જેટલા બટાકાનું શાક બનાવવામાં આવે છે. આ ભોજન માટે ૬૦ જેટલા ડબ્બા તેલનો વપરાશ થાય છે, જ્યારે ભોજન માટે પૂરી બનાવવા માટે ૨૫૦૦ કિલો જેટલા લોટનો વપરાશ થયો છે.

આ વર્ષે રથયાત્રાને વિઘ્નરહિત અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે રથયાત્રાના સમગ્ર રૂટને ૨૬ રેન્જ, ૫૩ એરિયા અને ૧,૩૯૭ પોઈન્ટ્સમાં વહેંચીને ૧૦ આઇજી/ડીઆઇજી, ૪૨ ડીસીપી, ૮૮ એસીપી અધિકારીઓ સહિત ૩૦,૦૦૦થી વધુ પોલીસ જવાનો, ૧૫ એસઆરપીએફ અને ૯ સેન્ટ્રલ પેરામિલીટરી ફોર્સની કંપનીઓ ખડેપગે તૈનાત રહેશે. ચુસ્ત બંદોબસ્ત સાથે પહેલીવાર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ટેક્નોલોજી, ડ્રોન અને ૧૦૦૦ જેટલા બોડી-વોર્ન કેમેરા જેવા સ્માર્ટ પોલીસિંગ હથિયારોનો ઉપયોગ કરવામાં આવશે. જ્યારે ઈમર્જન્સી મેડિકલ સેવા માટે રથયાત્રાના સમગ્ર રૂટ પર ૧૨ એમ્બ્યુલન્સ સાથે અંદાજે ૬૦ કર્મચારીઓ અને ૮થી ૧૦ સુપરવાઇઝરો ફરજ પર રહેશે.

### 'સલવાર કાઢવી,

બિહારના બાંકા જિલ્લામાંના ફોટોગ્રાફી સ્ટુડિયો ખાતે ૨૦૦૮માં બનેલી આ ઘટનાને લગતો કેસ ચલાવનારી અદાલતે જે વ્યક્તિને બળાત્કારનો પ્રયાસ કરવા અને મહિલાને કેદમાં રાખવા બદલ દોષી ઠેરવ્યો હતો, તેને વડી અદાલતે આ આરોપમાંથી મુક્ત કરતો ચુકાદો આપ્યો હતો. ન્યાયાધીશ પૂર્ણેન્દુ સિંહે જણાવ્યું હતું કે આરોપીને ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૬ અને ૫૧૧ હેઠળ બળાત્કારનો પ્રયાસ કરવા બદલ દોષી ઠેરવી ન શકાય.

### દેશના સૌથી મોટા

બ્લૂપ્રિંટ્સ (રૂપરેખા) અને પુરવઠો પૂરો પાડનારાઓ (સપ્લાયર)ની માહિતી સહિતનો ઘણો ડેટા લીક થઇ ગયો છે.

કુડનકુલમ ન્યૂક્લિઅર પાવર પ્લાન્ટના કૉન્ટ્રેક્ટર્સમાંના એક અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રૂપે એક નિવેદનમાં જણાવ્યું હતું કે થર્ડ-પાર્ટી ઇન્ડિયન ડેટા સેન્ટર સર્વિસ પ્રૉવાઇડર યોટા દ્વારા હૉસ્ટ કરાતા સર્વરમાંથી 'થોડો ડેટા' લીક થયો હતો. આમ છતાં, રિલાયન્સે ક્યો અને કેટલો ડેટા લીક થયો છે, તે અંગે વધુ જાહેરાત નહોતી કરી.

અણુઊર્જા મથકોની સલામતી માટે સરકારને સલાહ આપતી એક કંપનીના સિનિયર ડિરેક્ટર નિકોલસ રોથે જણાવ્યું હતું કે ન્યૂક્લિઅર પ્લાન્ટની માહિતી જાહેર થવી એ ઘણી 'ગંભીર' અને 'જોખમી' બાબત ગણાય. ભારતમાં હૅકિંગ સામાન્ય બનતું જાય છે અને ઘણી કંપનીઓ આવા જોખમનો સામનો કરવા સજ્જ નથી.

લીક થયેલા દસ્તાવેજો ૨૦૧૬ અને ૨૦૨૫ના મધ્ય વચ્ચેના સમયગાળાના છે, પરંતુ તે સાચા છે કે ખોટા, તે અંગે તાત્કાલિક કોઇ સ્પષ્ટતા થઇ નહોતી.

લીક થયેલા સંબંધિત ડેટામાં અમુક બ્લૂપ્રિંટ્સ અને સપ્લાયરની માહિતી ઉપરાંત મિટિંગ અને ઇન્સ્પેક્શનના રેકોર્ડ્સ, સાધનસામગ્રીની સમીક્ષા તેમ જ વીમાની પોલિસીનો પણ સમાવેશ થાય છે.

વર્લ્ડ લીક્સ વૅબસાઇટ પરની રિલાયન્સની કુલ ૮,૫૮,૦૦૦ ફાઇલમાંની ૧૯,૦૦૦ ફાઇલ બહુ જ સંવેદનશીલ છે.

રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને આ પ્લાન્ટના યુનિટ ત્રણ અને યુનિટ ચારની ડિઝાઇન તૈયાર કરવાનો અને તેનું આંતરિક માળખું બાંધવાનો કૉન્ટ્રેક્ટ ૨૦૧૮માં મળ્યો હતો. આ બન્ને યુનિટ હજી નિર્માણાધીન છે અને ૨૦૨૭માં શરૂ થવાની આશા રખાય છે. તેઓ સંયુક્ત રીતે ૨,૦૦૦ મેગાવૉટ્સ વીજળીનું ઉત્પાદન કરશે.

રેન્સમવૅર ગ્રૂપ વર્લ્ડ લીક્સે અગાઉ નાઇકી અને ભારતના ટાટા ગ્રૂપને પણ લક્ષ્ય બનાવ્યા હતા. કંપનીઓ જો ચોરાયેલી માહિતી જાહેર નહિ કરવા માટે રકમ ચૂકવવા તૈયાર ન થાય, તો તે પોતાની વૅબસાઇટ પર મૂકી દે છે.

દેશના અણુઊર્જા મથકો ચલાવતી ન્યૂક્લિઅર પાવર કોર્પોરેશન ઑફ ઇન્ડિયા આ કિસ્સામાં રિલાયન્સ અને ભારતની મુખ્ય સાયબરસિક્યોરિટી એજન્સી - ઇન્ડિયન કમ્પ્યૂટર ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમના સંપર્કમાં હોવાનું કહેવાય છે.

યોટાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમારા દ્વારા હૉસ્ટ્સ કરાતા રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સર્વરમાં અમને ૨૯ મેએ શંકાસ્પદ એક્ટિવિટી દેખાઇ હતી. અમે આ એક્ટિવિટી નિષ્ક્રિય કરી હતી અને રેન્સમવૅરને અટકાવ્યો હતો. આમ છતાં, રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરે અમને જૂનના અંતમાં જાણ કરી હતી કે 'બહારના જોખમી પરિબળો' દ્વારા ડેટા લીક થયો છે.

જે ડેટા લીક થયો હોવાનું કહેવાય છે, તેમાં પ્લાન્ટના યુનિટ ત્રણ અને યુનિટ ચારની વૅન્ટિલેશન અને કૂલિંગ સિસ્ટમ્સની બ્લૂપ્રિંટ્સ અને 'કૉમન કન્ટ્રૉલ રૂમ'ના ફ્લૉર લૅઆઉટનો પણ સમાવેશ થાય છે.

### અમેરિકાનો ચાબહાર પર

બુધવારે ધોળે દિવસે કરેલા હુમલામાં ઇરાનના ઓછામાં ઓછા ૩૦ સૈનિક માર્યા ગયા હતા અને અન્ય ૨૬૦થી વધુ ઘાયલ થયા હતા. તહેરાને પણ વળતા હુમલા શરૂ કર્યા હતા અને મધ્ય પૂર્વમાંથી તેલ, ગૅસની નિકાસ સંપૂર્ણ બંધ કરાવવાની ધમકી આપી હતી. દરમિયાન, ઇરાન દ્વારા બાહરીન, કુવૈત અને જૉર્ડન પર પણ બુધવારે હુમલા થયા હતા. અખાતમાંના યુદ્ધને લીધે ખનિજ તેલ, ગૅસ અને ખાતરના ભાવમાં ફરી મોટો વધારો થવાની ભીતિ છે.

અમેરિકાના લશ્કરના સેન્ટ્રલ કમાંડે દાવો કર્યો હતો કે ઇરાનનું લશ્કર હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં વેપારી જહાજો પર હુમલા કરી ન શકે, તે માટે તેની લશ્કરી તાકાત ઘટાડવા અમે ઇરાન પર નવેસરથી હુમલા શરૂ કર્યા હતા.

ઇરાનમાં અગ્નિ દિશામાં આવેલા પ્રાંત સિસ્તાન અને બલૂચિસ્તાનમાંના લશ્કરના બૅરેક પર કરાયેલા હુમલામાં અનેક સૈનિક માર્યા ગયા હતા.

અમેરિકા અત્યાર સુધી મોટા ભાગે રાતે જ ઇરાન પર હુમલા કરતું હતું, પરંતુ હવે ધોળે દિવસે પણ હુમલા શરૂ કર્યા હતા.

ઇરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે બુધવારે ધમકી આપી હતી કે અમે મધ્ય પૂર્વના દેશોમાંથી તેલ અને ગૅસની કરાતી બધી નિકાસ અટકાવી દઇશું. અમારા ઇંધણનાં જહાજોને સલામત રીતે પસાર થવા નહિ દેવાય, તો અમે બીજા કોઇ પણ દેશનાં જહાજોને આ વિસ્તારમાંથી અવરજવર કરવા નહિ દઇએ.

અમેરિકાએ બુધવારે સાત કલાક દરમિયાન ઇરાનમાંના અનેક ડઝન સ્થળને લક્ષ્ય બનાવીને હુમલા કર્યા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અખાતના દેશોના રાજાઓ અને અમીરોને અમેરિકામાં અબજો ડૉલરનું રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું અને જણાવ્યું હતું કે મને નથી લાગતું કે કોઇ હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં બધાં જહાજો પાસેથી ચાર્જ વસૂલ કરી શકે એમ છે.

અધિકારીઓએ સિસ્તાન અને બલૂચિસ્તાન પ્રાંતમાં ભારે હુમલાઓની પણ જાણકારી આપી હતી. ઇરાનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકાના હુમલાઓ રાત ભર ચાલ્યા હતા. હુમલાઓમાં ૨૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. બુશહરના ગવર્નર મોહમ્મદ મુઝફરીએ જણાવ્યું હતું કે મંગળવારે અમેરિકાની સેનાએ પશ્ચિમી બંદર શહેરમાં ચાર સ્થળોએ હુમલો કર્યો હતો. ઇરાનની સત્તાવાર ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી. બચાવ એજન્સીઓ હાલમાં સતર્ક છે અને શહેરમાં શાંતિ છે.

ઇરાનની સેનાએ અમેરિકા પર બુધવારે વહેલી સવારે ઇરાનશહર નજીક બાંપુરમાં એક લશ્કરી બેરેક પર ૧૩ મિસાઇલ છોડવાનો પણ આરોપ લગાવ્યો હતો. આ હુમલામાં રહેઠાણની ઇમારતો અને ચોકીઓ પર હુમલો થયો હોવાના અહેવાલ છે, જેમાં સાત લશ્કરી કર્મચારીઓ માર્યા ગયા હતા, જ્યારે ઘણા અન્ય ઘાયલ થયા હતા.

બદલો લેવાની ચેતવણી આપતા ઇરાની સેનાએ કહ્યું હતું કે, આ શહીદોના લોહીનો બદલો ચોક્કસ લેવામાં આવશે. તે હુમલાનો ''નિર્ણાયક જવાબ'' આપશે. સરકારના પ્રવક્તા ફાતેમેહ મોહાજેરાનીએ 'એક્સ' પર જણાવ્યું હતું કે દક્ષિણ ઇરાનમાં તાજેતરના હુમલાઓમાં ૩૦થી વધુ નાગરિકો માર્યા ગયા છે.



ARKCruises
Worldwide Cruises
ARKTRAVELGROUP
DeckPro
10th ANNIVERSARY
Dream Cruises
DREAM CRUISES
7.00 AM
Sunrise wow from balcony room
11.00 AM
Pool-side wow
Har Hour
Ek Naya
Wow.
Delightful multi-cuisine wow
2.00 PM
Trust fall wow at Zodiac Theatre
9.00 PM
Crazy Foam-party wow
5.00 PM
GENTING DREAM | EX SINGAPORE
3 NIGHTS CRUISE
Starting from
USD 325* Per Person
*Excludes Port Charges & Gratuity
Every hour full of Wow.
START YOUR WOW JOURNEY
Book with your preferred travel partner | www.deckpro.in
Subscribe to our YouTube Channel
BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

# મુંબઈમાં નવી વિશેષ એનઆઈએ અદાલત

નવી દિલ્હીઃ ગૃહ મંત્રાલયે સમગ્ર મહારાષ્ટ્રમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા તપાસ કરાયેલા ગુનાઓના ટ્રાયલ (ન્યાયિક સુનાવણી) માટે એક નવી વિશેષ અદાલતની નિયુક્તિ કરી છે. એનઆઈએ કાયદાની જોગવાઈઓ મુજબ, મંત્રાલયે બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને મહારાષ્ટ્ર સરકાર સાથે ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લીધો છે.

ગૃહ મંત્રાલયે મુંબઈની સિટી સિવિલ અને સેશન્સ કોર્ટના રૂમ નંબર ૨૬ ને એનઆઈએ દ્વારા તપાસ કરાયેલા ગુનાઓની ટ્રાયલ ચલાવવા માટે ખાસ કોર્ટ તરીકે નિયુક્ત કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય આતંકવાદ-વિરોધી એજન્સી કાયદાની કલમ ૧૧(૧) હેઠળ આવતા કેસો માટે જ આ અદાલતને સૂચિત કરવામાં આવી છે.

મંત્રાલયે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે સમગ્ર મહારાષ્ટ્ર રાજ્ય નવી નિયુક્ત સ્પેશિયલ એનઆઈએ કોર્ટના અધિકારક્ષેત્રમાં આવશે. આ સૂચના ગૃહ મંત્રાલયના કાઉન્ટર ટેરરિઝમ એન્ડ કાઉન્ટર રેડિકલાઇઝેશન વિભાગ દ્વારા જારી કરવામાં આવી હતી.

એનઆઈએ દ્વારા તપાસ કરાયેલા ગુનાઓની ઝડપી સુનાવણી સુનિશ્ચિત કરવા માટે ગૃહ મંત્રાલય દ્વારા ખાસ અદાલતોની રચના કરવામાં આવે છે. સમર્પિત અદાલતની નિમણૂકનો ઉદ્દેશ્ય આવા કેસોનું કાર્યક્ષમ રીતે સંચાલન કરવાનો અને સાથે જ રાજ્યમાં એનઆઈએની તપાસ માટે એક સમાન ન્યાયિક મંચ પૂરો પાડવાનો છે.

# એસી લોકલ રોજ મોડી, વધુ ભાડું ચૂકવવા છતાં મુસાફરો હેરાન

## ટિકિટની એક કલાકની વેલિડિટી પર ઊઠ્યા સવાલ!

મુંબઈઃ મધ્ય રેલવે પર એસી લોકલ ટ્રેનો રોજ સરેરાશ ૧૫ મિનિટ મોડી દોડતી હોવાને કારણે મુસાફરોમાં નારાજગી વધી રહી છે. ખાસ કરીને રાતના સમયે એસી લોકલ વધુ મોડી પડતી હોવાની ફરિયાદ મુસાફરોએ કરી હતી. આના લીધે એસી લોકલની ટિકિટ પર મળતી એક કલાકની વેલિડિટીનો મુદ્દો ચર્ચાના સ્થાને આવ્યો છે. ટિકિટની સમયમર્યાદા પૂરી થઈ જવાને કારણે તાજેતરમાં જ એક મુસાફરે ૫૦૦ રૂપિયાનો દંડ ભરવો પડ્યો હતો.

એસી લોકલની ટિકિટ લીધા પછી એક કલાકની અંદર મુસાફરી કરવી જરૂરી છે તેવું ટિકિટ પર સ્પષ્ટ લખેલું હોય છે. ઓનલાઇન અને ઓફલાઇન બંને ટિકિટ માટે આ જ નિયમ લાગુ પડે છે. જો કે, જો લોકલ પોતે જ મોડી દોડતી હોય અને તે દરમિયાન ટિકિટની વેલિડિટી પૂરી થઈ જાય, તો શું આવા મુસાફરો સામે કાર્યવાહી કરવામાં આવશે, તેવો સવાલ ઊભો થઈ રહ્યો છે. રેલવે પ્રશાસને આ અંગે પોતાની સ્પષ્ટ ભૂમિકા જાહેર કરવી જોઈએ, તેવી માગ ઊઠી રહી છે.

બીજું, એસી લોકલમાં ઘણીવાર ટીસી હોતો નથી. તેના કારણે ટિકિટ વગરના મુસાફરો તેમજ સેકન્ડ અને ફર્સ્ટ ક્લાસની ટિકિટ કે પાસ ધારકો પણ એસી ડબ્બામાં ચડી જતા હોવાથી ભારે ગરદી થાય છે. વધુ ભાડું ચૂકવવા છતાં એસી લોકલમાં બેસવાની જગ્યા મળતી નથી. સવારે અને સાંજે ભીડના સમયે ડબ્બામાં પ્રવેશવું પણ મુશ્કેલ બની જાય છે, તેવું મુસાફરોનું કહેવું છે.

૧૧ જૂનના રોજ કલ્યાણ સ્ટેશન પર એક વ્યક્તિ પોતાના સગાં-સંબંધીઓને મૂકવા માટે પ્લેટફોર્મ ટિકિટ લઈને આવ્યો હતો. ટ્રેન ૧૨ વાગ્યાને બદલે ૫ કલાક મોડી એટલે કે સાંજે ૫ વાગ્યે આવી. પ્લેટફોર્મ ટિકિટની વેલિડિટી માત્ર બે કલાકની જ હોવાથી, ટ્રેન મોડી પડવાના કારણે તે વ્યક્તિની ટિકિટની સમયમર્યાદા પૂરી થઈ ગઈ. આથી ટિકિટ ચેકરે તેની પાસેથી ૫૦૦ રૂ. નો દંડ વસૂલ કર્યો હતો. આ ઘટના બાદ હવે એવો સવાલ ઊઠી રહ્યો છે કે, જો મધ્ય રેલવેની એસી લોકલ ટ્રેનો પણ આમ જ મોડી દોડશે અને મુસાફરોની ટિકિટની એક કલાકની વેલિડિટી પૂરી થઈ જશે, તો શું રેલવે પ્રશાસન એસી લોકલના મુસાફરો પાસેથી પણ આ જ રીતે દંડ વસૂલશે?

## હિન્દુ મરણ

રાજકોટ, સ્વ. દિનેશભાઈ હરિદાસ ચોલેરા (ઉં.વ. ૬૫) તા. ૧૪-૭-૨૬, મંગળવાર રોજ શ્રીજીચરણ પામેલ છે. સ્વ. હરિદાસભાઈ પરમાનંદદાસ ચોલેરા તથા ગં. સ્વ. કાંતાબેન ચોલેરાના પુત્ર તથા ગીતાબેનના પતિ. કલ્પેશભાઈ હરિદાસ ચોલેરાના મોટાભાઈ. બીજલબેન કલ્પેશભાઈ ચોલેરાના જેઠ. શગુનના મોટાપપ્પા અને સ્વ. ભગવાનજીભાઈ જમનાદાસ સિમરિયાના જમાઈ. સદ્ગત બેસણું તા. ૧૬/૭/૨૬ના ગુરુવાર સમય ૫:૦૦ થી ૬:૦૦. સ્થળઃ પારસ સોસાયટી કમ્યુનિટી હોલ, પારસ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ સામે, રાજકોટ. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**કાછિયા પટેલ**

ગામ ભાવનગર, હાલ બોરીવલી નિવાસી ગં. સ્વ. શકુંતલાબેન ચંદ્રકાંતભાઈ કંકુવાલાના પુત્ર હરેશ (ઉં. વ. ૪૫) સોમવાર, તા. ૧૩-૭-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે ગિરીશ અને નિતાના ભાઈ. તે માયા ગિરીશના દિયર. તે નિલેશભાઈ અજવાળિયાના સાળા. તે સલોની, યાસનાના કાકા. તે જય, કાજલના મામા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૭-૨૦૨૬ના ૪.૦૦ થી ૬.૦૦ કલાકે તેમના નિવાસસ્થાને બાબુભાઈ ડી. ચાલ, દત્તપાડા રોડ નં. ૨, રીટા બ્યુટી પાર્લરની પાછળ, બોરીવલી (પૂર્વ). (લૌકિક રિવાજ બંધ છે.)

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગ્યારશે બ્રાહ્મણ**

ગામ ભડી ભંડારિયા, હાલ મુંબઈ, અરુણકુમાર ઈચ્છાશંકર દવે (ઉં.વ. ૮૨) તા. ૧૪/૭/૨૬ના મંગળવારે મુંબઈ કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. ઈચ્છાશંકર અને સ્વ. લીલાવતીબેનના સુપુત્ર. પન્નાબેનના પતિ. સ્વ. રતિલાલ મહેતાના જમાઈ. સ્વ. સરલાબેન અને સંજયભાઈના ભાઈ. મિનલ, જતીન, ગૌરાંગના પિતા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭/૭/૨૬ શુક્રવારે સાંજે ૫ થી ૭. જાનકીબાઈ હોલ, દાદાભાઈ રોડ, ભવન્સ કોલેજની નજીક, અંધેરી વેસ્ટ.

**કપોળ**

ચોગઠવાળા હાલ અમદાવાદ ભરતભાઈ ત્રંબકલાલ દેસાઈ (ઉં.વ. ૭૪) ૧૪/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. દર્શના, રચના, ધવલના પિતા. દેવાંગ મહેતા, હિરેન ગાંધી, પાયલ દેસાઈના સસરા. સ્વ. હસમુખભાઈ, સ્વ. યોગેશભાઈ, વસંતભાઈ, કિરણબેન મુકેશકુમાર કાચરીયાના ભાઈ. વાશીયાળા નિવાસી સ્વ. નાનાલાલ ભાયચંદ ચિતલીયાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૬/૭/૨૬ના ૯ થી ૧૧. અમદાવાદ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. નિર્મળાબેન જમનાદાસ ચોટાઈના પુત્ર મુકેશભાઈ (ઉં.વ. ૬૭) (રાજકોટવાળા) હાલે મુંબઈ, તે ગીતાબેનના પતિ. સ્વ. પુરુષોત્તમભાઈ બદિયાનીના જમાઈ. મેહુલભાઈના પિતાશ્રી. ઉષાબેન પ્રકાશ ઠક્કર, કિશોરભાઈ, હસુમતીબેન નરેન્દ્ર રૂઘાણીના ભાઈ. ખુશ્બુબેનના સસરા. તા. ૧૪-૭-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૭-૨૬ના સમય ૫.૩૦ થી ૭. પેલેસ બેન્ક્વેટ, નેતાજી સુભાષ રોડ, મુલુંડ વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળગામ ગુરગઢ હાલ થાણા, દિલીપ દ્વારકાદાસ સચદેવ (ઉં.વ. ૭૫) સોમવાર, તા. ૧૩/૭/૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દ્વારકાદાસ સચદેવ અને સ્વ. દમયંતીબેન સચદેવના પુત્ર. સ્વ. હિનાબેનના પતિ. સ્વ. રંભાબેન નારાયણદાસ ગોકાણીના જમાઈ. સ્વ. હરેશભાઈ, જયંતભાઈ, હંસાબેન રાવલ, વિણાબેન ખટાઉ અને કલ્પનાબેન રાડીયાના ભાઈ. ચિ. દિપા તન્ના (સચદેવ), ચિ. રીટા દિલીપ, ચિ. ચિરાગ દિલીપના પિતા. ચેતન ઘનશ્યામ તન્નાના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૬/૬/૨૬ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦ ક. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

કાનપર નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. ઇન્દુબેન (ઉં.વ. ૭૪) તે સ્વ. રમેશચંદ્ર ન્યાલચંદભાઈ સાંગાણીના ધર્મપત્ની તા. ૧૨-૭-૨૬ના રવિવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ત્રિકમદાસ કાનજી ભુપતાણીની દિકરી. રાજેશ, શિલ્પા હિતેશકુમાર, શિતલ દેવાંગકુમારના માતુશ્રી. રૂપલના સાસુ. સ્વ. મનસુખભાઈ, સ્વ. જગમોહનભાઈ, અરવિંદભાઈ, અશોકભાઈ, મધુકાંતભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. કાંતાબેન બાબુલાલ, સ્વ. કંચનબેન ચંપકલાલ, ગં.સ્વ. મંજુલાબેન સાકરલાલ, સ્વ. નિર્મળાબેન ધીરજલાલ લોટિયા, જયશ્રીબેન વિનોદરાય ભુપતાણી, ગં.સ્વ. શશિકલાબેન શશિકાંત ભુપતાણીના ભાભી. ચંદ્રકાંતભાઈ ભગવાનદાસ આણંદપરા, સ્વ. બાબુલાલ જાધવજી કઢી, હર્ષદભાઈ અમરચંદ સંઘાણીના વેવાણ. પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૬ શુક્રવારના બપોરે ૪ થી ૬. સર્વોદય હૉલ, ડાયમંડ ટૉકીજની સામે, એલ.ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

મહુવા નિવાસી હાલ વિરાર સ્વ. નવીનચંદ્ર કલ્યાણજી મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૮૦) ૧૪-૭-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પલ્લવી હરેશ ગગલાણી અને પીનલ પીયુષ પારેખના માતુશ્રી. વલ્લભદાસ કપૂરચંદ ઘીયા હિંગણઘાટવાળાના દીકરી. સ્વ. હસમુખરાય, ગીરીશભાઈ, સ્વ. કિશોરભાઈ તથા રક્ષાબેન મગનલાલ વસાણીના ભાભી. કોમલ ધવલ ધ્રુવ અને જીગ્નેશના નાની. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોની**

મુંબઈ નિવાસી અશોકભાઈ મંગળદાસ સોની (ઉં. વ. ૭૭) ૧૪-૭-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે કિરણ અશોકભાઈ સોનીના પતિ. જાસ્મિન, મિથુનના પિતા. સોનિયાના સસરા. ચુનીલાલ ચંદારાણાના જમાઈ. લૌકીક પ્રથા બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા ૧૬-૭-૨૬, ગુરુવારના સ્થળ મુક્તાંગન હોલ, કમલા રહેજા કોલેજ, વિદ્યાનિધિ માર્ગ, જુહુ સ્કીમ, મુંબઈ-૪૯. સમય સાંજે ૫ થી ૭.

## પારસી મરણ

દિલનાવાઝ બજી ખંભાતા તે મરહુમ બજીના ધન્યાની. તે ગુલામાય સોરાબજી કોન્ટ્રાકટરના દીકરી. તે કેશમીરા ને બીનાઈફરના માતાજી. તે જોજી ને કૈઝાદના સાસુજી. તે રોહન, ફરહાન, ફીયાના મમઈજી. (ઉં. વ. ૮૨) રહેવાનું ઠે. જે-જી-૧ કામા પાર્ક, કામા રોડ, ભોઈ તળે, જી-૧-જે બિલ્ડીંગ, અંધેરી રેલવે સ્ટેશન, મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાની ક્રિયા ૧૬-૭-૨૬ને દીને બપોરે ૩-૪૦ વાગે હોડીવાલા બંગલીમાં છેજી.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના કાંતિલાલ પ્રેમજી શાહ/કારાણી (ઉં.વ. ૭૨) તા. ૧૩-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. લક્ષ્મીબેન પ્રેમજી ભારમલના સુપુત્ર. જયવંતીબેનના પતિ. મયુર, મિનલના પિતાશ્રી. દમયંતીબેન, પ્રફુલ્લ, અરવિંદના ભાઈ. લઠેડીના જવેરબેન પ્રેમજી ખીમજી શાહના જમાઈ. પ્રાર્થના : શ્રી સુમતિનાથ જિનાલય (પાંચમે માળે), ગુજરાત કલબની બાજુમાં, કિંગ્સ સર્કલ/માટુંગા, મુંબઈ-૧૯. ટા. ૨ થી ૩.૩૦. નિ. કાંતિલાલ પ્રેમજી શાહ : ૧૫૦૩, શ્રીજી પેરેડાઈઝ, ખજુરીયા ટેંક રોડ, કાંદીવલી-વે.

કપાયાના જવેરબેન લીલાધર સંગોઈ (ઉં.વ. ૮૭) તા. ૧૪-૭-૨૬ના દેહત્યાગ કરેલ છે. સુંદરબેન દેવજીના પુત્રવધૂ. લીલાધરના પત્ની. વર્ષા, મીના, જયશ્રી, વસંતના માતા. મોંઘીબેન રામજીના પુત્રી. હિંમત, ચંદ્રકાંત, મણીબેન દેવશી, રૂક્ષ્મણી રાઘવજી, વનિતા માવજી, છાયા દિનેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : વસંત સંગોઈ. ૨૨, હેન્દ્રે મેન્શન, વાડિયા સ્ટ્રીટ, તારદેવ, મું. ૩૪.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિસાવદર નિવાસી હાલ કાંદીવલી, ચુનીલાલ હીરાચંદ મોદી (બાદશાહ)ના ધર્મપત્ની તારાબેન ચુનીલાલ મોદી (ઉં.વ. ૯૭) તા. ૧૧-૭-૨૬ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સરસઈ નિવાસી શાંતાબેન મોનજી રૂપાણીના દીકરી. રમણીકભાઈ, જયંતીભાઈ, ધનકુંવરબેનના બેન. ભરતભાઈ, મીરાબેન, કિશોરભાઈ, અનિલભાઈ, દિનેશભાઈ, રાજેશભાઈ અને ડેલરભાઈના માતુશ્રી. શીલાબેન, દિનકરરાય, સાધનાબેન, સાલનીબેન, રશ્મીબેન, છાયાબેન અને છાયાબેનના સાસુ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૭-૨૬ને ગુરુવારના સાંજે ૪ થી ૬ ક. લોટસ હોલ, ચોથા માળે, રઘુલીલા મોલ, કાંદીવલી વેસ્ટ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ. જૈન**

ધાંગધ્રા નિવાસી હાલ ડોમ્બીવલી, અનિલભાઈ કપાસી (ઉં.વ. ૭૦) રાજકોટ શનિવાર, તા. ૧૧-૭-૨૬ના અરીહંતશરણ પામેલ છે. તે સ્વ. લાભુબેન સ્વ. ધીરજલાલ કપાસીના પુત્ર. શ્રેયાંશ અને કૃપાના પિતા. અખીશકુમાર અને બ્રિંદાના સસરાજી. જીતેન્દ્રભાઈ, સ્વ. સ્મિતાબેન, ગાર્ગીબેન અને ચેતનાબેનના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. શાંતિભાઈ નટવરલાલ શાહના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૭-૨૬ના ગુરૂવારે બપોરે ૪.૦૦ થી ૫.૩૦. સમયે ૧લો માળો, શ્રી કરસનભાઈ લધુભાઈ નિશાર જૈન ધર્મ સ્થાનક, ૧૨, જ્ઞાન મંદિર રોડ, એસ.કે. બોલે રોડ, દાદર(વે).

**પોરબંદર સ્થા. દશા શ્રીમાળી જૈન**

સ્વ. કીશોરભાઈ કાંતિલાલ બ્રોકરના ધર્મપત્ની તે જયંત અને યોગેશના માતુશ્રી શ્રીમતી રમાબેન કિશોરભાઈ બ્રોકર ૧૫.૭.૨૬ના અરિહંતના શરણે થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વીશા શ્રીમાળી જૈન**

લાખાપાદર (અમરેલી જીલ્લો)ના વાશી હાલ માટુંગા (સે.) અ. સૌ. હેતલ દિવ્યેશ રામાણી (ઉં. વ. ૫૨) ૧૪.૭.૨૬ના રોજ મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે દેવ્યાનીબેન (ચંદ્રીકાબેન) ધીરેન્દ્ર દોશીના પુત્રી. અરૂણાબેન નવીનચંદ્ર રામાણીના પુત્રવધૂ. દિવ્યેશ નવીનચંદ્ર રામાણીના ધર્મપત્ની. ભૂમિ દિવ્યેશ રામાણીના માતોશ્રી. સમીરભાઈ, કલ્પેશભાઈના ભાભી. રાખીબેન અને પારૂલબેનના દેરાણી. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ છે.

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૨૧૪-ઈ)

### ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સમેન મિત્રો તથા હેલ્પરભાઈઓ** તુરંત જોઈએ છે ક્રોકરી, થર્મોવેર, હોમ એપ્લાયન્સીસ, સ્ટે. સ્ટીલ, યુટેન્સીલ્સ હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર, બેડ એન્ડ બાથ તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનનાં મહેનતી, ઈમાનદાર ઉં. વ. ૧૮ થી ૪૫ સુધીના અનુભવી/બિનઅનુભવી સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ ત્રણેય શો રૂમ માટે સેલ્સમેન મિત્રો તથા હેલ્પર ભાઈઓ તુરંત જોઈએ છે. બે શીફટમાં ફક્ત આઠ કલાકની ડ્યુટી. ફ્રેશ (બિનઅનુભવી)ને એક સારા વાતાવરણમાં ટ્રેનિંગ આપવામાં આવશે. કોઈ જ્ઞાતિબાધ નથી. તે ઉપરાંત માર્કેટિંગ (કોર્પોરેટ ગીફટ) માટે મુંબઈ તથા બહારગામ (ઓલ ઓવર ઈન્ડિયા) ફરી શકે તેવા અંગ્રેજી, હિંદી, ગુજરાતી તથા મરાઠી ભાષા જાણનાર ઈમાનદાર, મહેનતી નવ યુવાન મિત્રો તુરંત જોઈએ છે. સારો પગાર + પી.એફ. તથા સારી ફેસિલીટી. આગળ વધવાની એક સારી તક. તમારા સર્કલમાં અન્યોને પણ આ જાહેરાત વિશે જણાવશો. ઈન્ટરવ્યુનો સમય ૧ થી ૫. બાયોડેટા તથા ફોટોગ્રાફ સાથે રૂબરૂ સંપર્ક કરો. આ પૃથ્વી પર દરેક જીવમાત્રે શુભ, મંગલ, કલ્યાણ થાય તેવી શુભકામના. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કંપાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું-૫૪. અરવિંદ હરીયા - 9967024390, સુમીત ગાલા - 7506752375. (એસડીબી-૩૪૧૫)

■ વ્યવસાયની તક - વરિષ્ઠ, ગૃહિણીઓ, પોલીસ/ આર્મી નિવૃત્ત. નિશ્ચિત પગારઃ 9869378430. (બી-૧૭૭૯૫)

### ૧૭. જગ્યા આપવી છે

**SANTACRUZ (WEST)**

3 BHK on Rent, Carpet 1050 + Pocket Terrace + Fully Furnished + 2 Parking, Near Poddar School, Rent 2 Lakh, Deposit 4 Months. Ready Possession Contact - Satyawan 9820186496. (B-17869)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઇડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૨૨૧-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### વિનાયક રાઉતની મુશ્કેલીઓ વધી

# ૨૩ જુલાઈની સુનાવણી પહેલા જ ધરપકડ થવાની શક્યતા, કોર્ટ તરફથી કોઈ રાહત નહીં!

મુંબઈઃ શિવસેના ઠાકરે પક્ષના નેતા અને ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉતની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમની પુત્રવધૂ ગિરિજા રાઉત દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર વિનાયક રાઉત અને ગીતેશ રાઉત વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસમાં વિનાયક રાઉતે કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, પરંતુ આ અરજી પર મુખ્ય સુનાવણી ન થાય ત્યાં સુધી તેમને કોર્ટ તરફથી કોઈ વચગાળાનું રક્ષણ મળ્યું નથી. વિનાયક રાઉતની આગોતરા જામીન અરજી પર મુખ્ય સુનાવણી ૨૩ જુલાઈએ થશે. જોકે, ૨૩ જુલાઈ સુધી કોઈ કોર્ટ પ્રોટેક્શન ન હોવાથી, પોલીસ વિનાયક રાઉતને પૂછપરછ માટે કસ્ટડીમાં લઈ શકે છે અથવા તે પહેલાં ગમે ત્યારે તેમની સામે કાર્યવાહી કરી શકે છે. આનાથી ૨૩ તારીખે મહત્ત્વપૂર્ણ સુનાવણી પહેલા જ રાઉત સામે ધરપકડની તલવાર ઊભી થઈ છે. વિનાયક રાઉતની પુત્રવધૂ ગિરિજા રાઉતે તેના પતિ, સાસરિયાઓ અને પરિવાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવ્યા બાદ, ઘરેલુ ઉત્પીડન અને મેલીવિદ્યા વિરોધી કાયદા હેઠળ કુલ સાત લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. દરમિયાન, ફિરોઝ શેખની અઘોરી કાયદા અને મેલીવિદ્યા નિવારણ કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી છે. ફિરોઝ શેખ કસ્ટડીમાં છે.

આગોતરા જામીન પર મુખ્ય સુનાવણી ૨૩ જુલાઈએ થશે. વિનાયક રાઉતને ૨૩ તારીખ સુધી કોર્ટ રક્ષણ મળશે નહીં.વિનાયક રાઉતે તમામ આરોપોને નકારી કાઢ્યા છે અને આરોપ લગાવ્યો છે કે તેમની પુત્રવધૂએ ૧૨ કરોડ રૂપિયાની માંગણી કરી હતી.

# વરસાદને કારણે બુલેટ ટ્રેનના ઉલ્હાસ નદી પરના પુલને અસર

મુંબઈઃ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને બુધવારે દાવો કર્યો હતો કે ગયા અઠવાડિયે થાણે જિલ્લામાં પડેલા ધોધમાર વરસાદને કારણે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભાગરૂપે ઉલ્હાસ નદી પરના પુલ માટે બાંધકામ સામગ્રીની અવરજવર માટેના કામચલાઉ પ્રવેશને અસર થઈ હતી. મુખ્ય પુલના નિર્માણ માટે બાંધવામાં આવેલો કામચલાઉ પુલ ઉલ્હાસ નદીના પૂરમાં ધોવાઈ ગયો હોવાના મીડિયા અહેવાલો પછી આ સ્પષ્ટતા આવી છે. કોર્પોરેશનના જણાવ્યા અનુસાર 'અસરગ્રસ્ત માળખું ફક્ત કામચલાઉ પ્રવેશ વ્યવસ્થા હતી અને કાયમી પુલનો ભાગ નહોતી. ગયા અઠવાડિયે આ પ્રદેશમાં ભારે વરસાદને કારણે કામચલાઉ પ્રવેશ પર અસર પડી હતી. પ્રોજેક્ટ માટે માણસો, મશીનરી અને બાંધકામ સામગ્રીની અવરજવરને સરળ બનાવવા માટે કામચલાઉ પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યો હતો.' કોર્પોરેશન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે 'આ ઘટનાથી ઉલ્હાસ નદી પરના રેલ પુલની ડિઝાઇન, સલામતી અથવા અમલીકરણ પર કોઈ અસર પડી નથી. પુલનું બાંધકામ અને અન્ય પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ આયોજન અનુસાર ચાલી રહ્યું છે.'

છેલ્લા પાનાનું ચાલુ

## કોસ્ટલ રોડની

જણાવ્યું હતું. સદ્નસીબે આગની ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

બુધવારે બપોરે ૧૨.૨૫ વાગ્યે ટનલની દક્ષિણ તરફ હાજી અલીથી વરલી તરફ જતા ટ્રાફિક લેનમાં ઝડપથી દોડી રહેલી કારમાં આગ લાગી હતી. આગની જાણ થતા ફાયર બ્રિગેડ અને ટ્રાફિક પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જોકે આ દરમ્યાન ટનલમાં કારમાં લાગેલી આગને કારણે ગાઢ ધુમાડાના ગોટેગોટા ઝડપથી બંધ જગ્યામાં ફેલાઈ ગયા હતા, જેના કારણે બળતી કારની પાછળ રહેલાં વાહનોમાં રહેલા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ સેંકડો લોકો બહાર નીકળવાના રસ્તા તરફ દોડી રહ્યા હતા જ્યારે અન્ય લોકો ડરના માર્યા પોતાની કાર પાછી ફેરવી રહ્યા હતા. સોશ્યલ મીડિયા પર ફરી વળેલા વીડિયોમાં ત્યજી દેવાયેલાં વાહનો લેનને અવરોધતા અને લોકો ઘટનાસ્થળેથી ભાગી રહ્યા હતા.

પોલીસ અને ટ્રાફિક કર્મચારીઓ સાથે ફાયર ફાઇટરોએ ઝડપથી કાર્યવાહી કરી હતી અને ૨૦ મિનિટમાં આગ બુઝાવવામાં આવી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. આગમાં બળી ગયેલા વાહનને ક્રેનનો ઉપયોગ કરીને દૂર કરવામાં આવ્યું હતું. સલામતી તપાસ પછી બપોરે ૧:૩૦ વાગ્યે અસરગ્રસ્ત વિસ્તાર ફરીથી ખોલવામાં આવ્યો હતો. જોકે થોડા સમય માટે ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલુ રહ્યો હતો. સદ્નસીબે કોઈને ઈજા થઈ નહોતી. જોકે અમુક વાહનચાલકોએ ટનલમાં અંદર રહેલા ધુમાડાને કારણે શ્વાસમાં લેવાની ફરિયાદ કરી હતી.

જોઈન્ટ પોલીસ કમિશનર (ટ્રાફિક) સત્યનારાયણ ચૌધરીએ જણાવ્યું હતું કે બ્રીચ કેન્ડીથી નરીમન પોઈન્ટ સુધીની ટનલ તાત્કાલિક બંધ કરવામાં આવી હતી. મુંબઈ ફાયર બ્રિગેડ અને ટ્રાફિક વિભાગે બાદમાં નિવેદનો જારી કરીને પુષ્ટિ કરી હતી કે બંને લેન પર સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થઈ ગઈ છે.

મુસાફરોએ ટનલની અંદર સલામતી સુવિધાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પ્રત્યક્ષદર્શીના કહેવા મુજબ આગ ૧૦૦ ફૂટથી ઓછા અંતરે લાગી હતી અને સ્પષ્ટ સંકેતો અને કટોકટી બહાર નીકળવાના રસ્તાઓના અભાવે મૂંઝવણમાં વધારો થયો હતો. મુંબઈ કોસ્ટલ રોડની ટ્વિન ટનલ, ભારતની પ્રથમ અંડરસી રોડ ટનલ છે, તેમાં ધુમાડો બહાર કાઢવા માટે સકાર્ડો વેન્ટિલેશન, અગ્નિશામક હાઇડ્રેન્ટ્સ અને કટોકટી આશ્રય વિસ્તારો સહિત અદ્યતન સલામતી પ્રણાલીઓથી સજ્જ છે. અધિકારીઓએ આગનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે, જેમાં પ્રાથમિક તપાસમાં વાહનની ખામી હોવાનું જણાઈ આવ્યું હતું.

## સીએમને

પવાર) ભાજપના નેતૃત્વ હેઠળના શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણમાં સામેલ થઈ શકે છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પાટીલે એમ પણ કહ્યું કે 'આ વર્ષે જાન્યુઆરીમાં હવાઈ દુર્ઘટનામાં અજિત પવારના મૃત્યુ પછી અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી સાથે એનસીપી (એસપી)ના સંભવિત વિલીનીકરણ અંગેની સંભાવનાનો અંત આવી ગયો.એનડીએમાં જોડાવા અંગે અમારા પક્ષમાં કોઈ ચર્ચા ચાલી રહી નથી. હું ફક્ત ઇસ્લામપુર મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખનો મુદ્દો ઉઠાવવા માટે મુખ્ય પ્રધાનને મળ્યો હતો. એકનાથ શિંદે દિલ્હીમાં હોવાથી સીએમ પાસેથી સમય માંગ્યો હતો. મુલાકાત માંડ પાંચથી દસ મિનિટ ચાલી અને કોઈ રાજકીય ચર્ચા થઈ નહીં.'

મુખ્ય પ્રધાનના નિવાસસ્થાનની મુલાકાત દરમિયાન હરીફ એનસીપીના પ્રફુલ પટેલ અથવા સુનીલ તટકરેને મળ્યા હોવાના અહેવાલોને પણ નકારી કાઢ્યા.

પ્રસ્તાવિત સીમાંકન બિલ કે વન નેશન વન ઇલેક્શન કાયદા પર એનસીપી (એસપી) એનડીએને સમર્થન આપી શકે છે કે કેમ તે પૂછવામાં આવતા, પાટીલે કહ્યું કે આવા નિર્ણયો સુપ્રિયા સુળેના નેતૃત્વ હેઠળની પક્ષની સંસદીય શાખા દ્વારા લેવામાં આવશે. (પીટીઆઈ)

## સીમાંકન ખરડા

કૉંગ્રેસના નેતા સતેજ પાટીલ અને શિવસેના (યુબીટી) સંસદસભ્ય સંજય રાઉત સાથે પણ વાત કરી છે. પક્ષને સીમાંકન કવાયત અંગે કેન્દ્ર તરફથી કોઈ લેખિત દરખાસ્ત મળી નથી અને તેથી આ તબક્કે વલણ સ્પષ્ટ કરી શકાય એમ નથી. જો આવી કોઈ દરખાસ્ત મળશે તો પક્ષ ૨૪ કલાકની અંદર પોતાનું વલણ જાહેર કરશે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમે તાજેતરમાં દાવો કર્યો હતો કે ભાજપ ૧૩૧મા બંધારણ સુધારા બિલ માટે એનસીપી (એસપી) અને ડીએમકેને તેમનું સમર્થન મેળવવા માટે કોશિશ કરી રહી છે, જેમાં ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં લોકસભાની બેઠકો વધારીને ૮૫૦ કરવાનો અને સીમાંકન શરૂ કરવાનો પ્રસ્તાવ છે.

આ મુદ્દા પર અગાઉની ચર્ચાઓને યાદ કરતાં સુળેએ કહ્યું કે સંસદમાં મહિલા અનામત બિલ સર્વાનુમતે પસાર થયા પછી સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ તેમને, શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય અરવિંદ સાવંત અને એઆઈએમઆઇએમના લોકસભા સભ્ય અસદુદ્દીન ઓવૈસીને સીમાંકન પર પરામર્શ માટે આમંત્રણ આપ્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પણ આ બેઠકમાં હાજર હતા એમ તેમણે જણાવ્યું હતું.

સુળેએ એમ પણ જણાવ્યું હતું કે જો પ્રસ્તાવિત કાયદો બધા રાજ્યોમાં બેઠકોમાં એકસમાન ૫૦ ટકા વધારા પર આધારિત હશે તો તેનો વિરોધ કરવાનું કારણ નહીં રહે. જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા પ્રસ્તાવને ટેકો આપવાનો કોઈપણ નિર્ણય 'ઈન્ડિયા' બ્લોકમાં ચર્ચા પછી જ લેવામાં આવશે. (પીટીઆઈ)

## પવારની

વિધાનસભ્યોને મળ્યા હતા.

લાંબા સમયથી ચાલી રહેલા મહારાષ્ટ્ર-કર્ણાટક સરહદ વિવાદ પર રાજ્ય સરકાર દ્વારા રચાયેલી સમિતિના સભ્ય તરીકે બેઠકમાં હાજરી આપવા માટે પીઢ નેતા રાજ્ય વિધાનસભા પરિસરમાં હાજર હતા. બેઠક પછી, પવાર શિંદેને મળવા તેમની ચેમ્બરમાં ગયા હતા.આ મુલાકાત પછી રાજકીય અટકળો શરૂ થઈ ગઈ હતી અને એનસીપી (એસપી)ના સાથી પક્ષ શિવસેના (યુબીટી) તરફથી તેની ટીકા પણ થઈ હતી. શિવસેના (યુબીટી)એ શિંદે અને તેમના પક્ષના નેતાઓ પર નિશાન સાધતી ટિપ્પણી કરી આ મુલાકાતને દેશદ્રોહીઓનો મહિમા કરતું પગલું ગણાવ્યું હતું.

આ સંદર્ભે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે શરદ પવારને વધુ પડતો શ્રમ ન કરવા કહ્યું હોવા છતાં તેઓ વિધાનસભા સંકુલમાં ગયા હતા. (એનસીપી-એસપીના) કેટલાક વિધાનસભ્યોએ થોડી વાર સાથે રહેવા વિનંતી કરી હતી. ત્યારબાદ તેઓ (શિંદેની) કેબિનમાં પ્રવેશ્યા હતા. સંસદ અને કોઈપણ વિધાનસભામાં, ફક્ત વડા પ્રધાન કાર્યાલય અને મુખ્ય પ્રધાન કાર્યાલયના જ નિશ્ચિત સ્થાન હોય છે. અન્ય નેતાઓના કાર્યાલયો બદલાતા રહે છે. રાજકારણમાં કશું કાયમી નથી હોતું.

એનસીપી (એસપી) નેતા જયંત પાટીલની મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેની તાજેતરની મુલાકાત અંગે સુળેએ કહ્યું હતું કે પાટીલે શરદ પવારની આગેવાની હેઠળના પક્ષના મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રમુખ સામે કાર્યવાહીનો મુદ્દો ઉઠાવવા માટે સત્તાવાર રીતે મુલાકાતની માગ કરી હતી. બેઠકમાં એનસીપી નેતાઓ સુનીલ તટકરે અને પ્રફુલ પટેલ હાજર હતા કે કેમ તે અંગે પૂછવામાં આવતા સુળેએ કહ્યું કે તેમની પાસે કોઈ જાણકારી નથી અને સૂચન કર્યું કે આ પ્રશ્ન ફડણવીસને પૂછવો જોઈએ કારણ કે બેઠક તેમના નિવાસસ્થાને થઈ હતી. (પીટીઆઈ)

## શિંદેએ

કરવા વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. તેમણે આગામી સત્રમાં બિલને સમર્થન આપવા માટે તમામ પક્ષોને અપીલ કરી હતી.

બંધારણીય સુધારા ખરડાનો ઉદ્દેશ્ય ૨૦૨૯માં યોજાનારી આગામી લોકસભા ચૂંટણીઓ પહેલાં લોકસભાની બેઠકોની સંખ્યા વર્તમાન ૫૪૩થી વધારીને મહત્તમ ૮૫૦ કરવાનો હતો. ૧૭ એપ્રિલે સંસદના સત્ર દરમિયાન, ૨૦૨૯માં મહિલાઓ માટે અનામત લાગુ કરવા અને લોકસભામાં બેઠકોની સંખ્યા વધારવા અંગેનો ખરડો નીચલા ગૃહમાં નામંજૂર થયો હતો. આ ખરડાની તરફેણમાં ૨૯૮ સભ્યોએ અને વિરોધમાં ૨૩૦ સાંસદોએ મતદાન કર્યું હતું. બહુમતી માટે ૩૫૨ મતોની જરૂર હતી.

## ખેડૂતોના બાકી

છે. તેની વસૂલાત ગમે ત્યારે થઈ શકે છે. તેના કારણે ખેડૂત જો બીજું કોઈ કનેક્શન લેવા જાય, તો તેને તે મળતું નથી. હવે ૪૮ હજાર કરોડ રૂપિયાના જૂનાં બિલો માફ કરાશે. ખેડૂતની પાટી ચોખ્ખી થવી જોઈએ અને તે નવી પાટી પર નવો ઇતિહાસ લખી શકે, તે દ્રષ્ટિએ આ નિર્ણય લીધો હોવાનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

આ પ્રસંગે દેવેન્દ્ર ફડણવીસે ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય બજાર અને નવી ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને કૃષિ ક્ષેત્રે રોકાણ વધારવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજે રાજ્યના ૭૬ ટકા ખેડૂતોને આપણે દિવસે વીજળી આપી રહ્યા છીએ. આ વર્ષના અંત સુધીમાં ૧૦૦ ટકા ખેડૂતોને દિવસે મફત વીજળી આપવાનો પ્રયત્ન કરીશું.

વધુમાં તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી આપણે કૃષિ ક્ષેત્રે મોટા પાયે રોકાણ કર્યું છે. તેના માટે 'જલયુક્ત શિવાર' અને 'માગશે તેને ખેતતલાવડી' જેવી યોજનાઓ અમલમાં મૂકી. મહારાષ્ટ્રમાં લાખો ખેતતલાવડીઓ બનાવવામાં આવી. ચાલુ વર્ષ 'અલ નીનો'નું વર્ષ છે. આવા સમયે પાકને પાણી આપવા માટે આ ખેતતલાવડીઓ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. અગાઉ સિંચાઈની યોજનાઓ માટે રાહ જોવી પડતી હતી. પરંતુ હવે આપણે ડ્રિપ ઈરિગેશન અને અન્ય સિંચાઈ યોજનાઓની પ્રક્રિયા ઓનલાઈન કરી દીધી છે, તેમ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સુરતમાં પૂરના અસરગ્રસ્ત વેપારીઓ માટે ગુજરાત સરકારે પૅકેજ જાહેર કર્યું

## ૭,૫૦૦થી લઈ એક લાખ સુધીની રોકડ સહાય લોન સહિતની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં જુલાઈ મહિનાના પહેલા જ અઠવાડિયામાં પડેલા વરસાદ અને ખાડીપૂરને કારણે વેપારીઓને ભારે નુકસાન થયું હતું. પોતાનો બગડેલો માલ જોઈ આંખમાં આસું આવી ગયા હોય તેવા વીડિયો પણ સોશ્યલ મીડિયમાં વાઇરલ થયા હતા અને મુખ્ય પ્રધાન તેમ જ નાયબ મુખ્ય પ્રધાને સુરતની મુલાકાત પણ લીધી હતી. હવે સરકારે વેપારીઓ માટે રાહત પેકેજની જાહેરાત કરી છે.

ગુજરાત સરકારે ૬ જુલાઈના રોજ ભારે વરસાદને કારણે સુરતમાં આવેલા પૂરમાં નુકસાન સહન કરનારા વેપારીઓ અને નાના વ્યવસાય માલિકો માટે ખાસ રાહત પેકેજની જાહેરાત કરી હતી. આ પેકેજમાં એક લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાય અને અસરગ્રસ્ત વ્યવસાયોને ફરીથી કામગીરી શરૂ કરવામાં મદદ કરવા માટે ૩૦ લાખ રૂપિયા સુધીની સબસિડીવાળી લોનનો સમાવેશ થાય છે.

પૂરને કારણે સુરતના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા જેના કારણે દુકાનો, કમર્શિયલ ઈસ્ટિટ્યૂટ્સ અને લાખો રૂપિયાના માલસામાનને નુકસાન થયું હોવાના અહેવાલો હતો. પૂરના પાણી ઘર અને દુકાનમાં ઘુસી જતા વેપારીઓને ભારે નુકસાન પહોંચ્યું હતું.

રાજ્ય સરકારની જાહેરાત મુજબ, જે વેપારીઓ અને નાના વ્યવસાય માલિકો પાસે વીમા કવરેજ નથી તેઓ રાહત પેકેજ હેઠળ નાણાકીય સહાય માટે પાત્ર બનશે. સરકારે પૂરથી જેમની આજીવિકા પ્રભાવિત થઈ હતી તેવા લારી અને ઓટો-રિક્ષા ચાલકો માટે ૭,૫૦૦ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી હતી.

૪૦ ચોરસ ફૂટ સુધીના કેબિનના માલિકોને ૨૫,૦૦૦ રૂપિયા મળશે, જ્યારે ૪૦ ચોરસ ફૂટથી મોટા કેબિન ધરાવતા વેપારીઓને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય મળશે. કાયમી દુકાનોમાંથી કાર્યરત વેપારીઓને એક લાખ રૂપિયા સુધીની સહાય મળશે. આ લાભ એવા પાત્ર વેપારીઓને મળશે જેમણે છેલ્લા ત્રણ મહિના દરમિયાન જીએસટી રિટર્ન ફાઇલ કર્યું છે.

વ્યવસાયોને ફરીથી કામગીરી શરૂ કરવામાં મદદ કરવા માટે, સરકારે લોન સહાય યોજના પણ રજૂ કરી છે જે હેઠળ તે ત્રણ વર્ષ માટે લોનના વ્યાજના ૭% ભોગવશે. આ યોજના હેઠળ, સાત લાખ રૂપિયા સુધીના વાર્ષિક જીએસટી ટર્નઓવર ધરાવતા વેપારીઓ ૨૦ લાખ રૂપિયા સુધીની લોન અને પાંચ લાખ રૂપિયા સુધીની વ્યાજ સહાય માટે પાત્ર બનશે. ૭.૫ લાખ રૂપિયા સુધીના ટર્નઓવર ધરાવતા વેપારીઓ આઠ લાખ રૂપિયા સુધીના વ્યાજ સહાય સાથે ૨૫ લાખ રૂપિયા સુધીની લોન મેળવી શકે છે, જ્યારે ૭.૫ લાખ રૂપિયાથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ ૩૦ લાખ રૂપિયા સુધીની લોન અને ૧૦ લાખ રૂપિયા સુધીની વ્યાજ સહાય માટે પાત્ર બનશે.

દરમિયાન, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે સુરતમાં પૂરગ્રસ્ત પરિવારો માટે રાહત પગલાં ચાલુ છે. અસરગ્રસ્ત રહેવાસીઓને રોકડ સહાય અને ઘરગથ્થુ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે સ્થિતિ સામાન્ય કરવા માટે ઘરે ઘરે આરોગ્ય તપાસ, તબીબી કેમ્પ અને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યા છે. પૂરગ્રસ્ત વિસ્તારોને સાફ કરવા માટે છેલ્લા અઠવાડિયામાં શહેરમાં ૯,૦૦૦થી વધુ સફાઈ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

સરકારના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૯,૦૦૦ થી વધુ લોકોને રોકડ સહાય અને ઘરગથ્થુ રાહત મળી છે. આ સહાય ઉપરના માળે રહેતા રહેવાસીઓને પણ આપવામાં આવી છે, જેમના ઘરમાં પૂરનું પાણી પ્રવેશ્યું ન હોવા છતાં, પૂરને કારણે આવકનું નુકસાન થયું હતું. ■

# અષાઢી બીજ પહેલા ગુજરાતના ૮૦ તાલુકા ભિંજાયા, આજે મેઘકૃપાની આશા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં બુધવારે ફરી વરસાદી માહોલ જામ્યો હતો અને દિવસ દરમિયાન અમુક તાલુકામાં એકથી દોઢ ઇંચ વરસાદ સાંજ સુધીમાં નોંધાયો હતો. હવામાન ખાતાની આગાહી અનુસાર આજે પણ વરસાદી માહોલ રહે તેવી સંભાવના છે.

ગુજરાતમાં જુલાઈના પહેલા અઠવાડિયામાં અમુક જિલ્લાઓને બાદ કરતા વરસાદ ઘણો ઓછો પડ્યો છે. જૂન મહિના બાદ જુલાઈનો અડધો મહિનો પણ કોરો ગયો છે. રાજ્યમાં સિઝનનો કુલ વરસાદ ૨૪. ૬૫ ટકા જ નોંધાયો છે, તેમાં પણ કચ્છ, ઉત્તર ગુજરાત અને પૂર્વ મધ્યના જિલ્લાઓમાં લગભગ નહીંવત વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પણ અમુક જિલ્લાઓમાં વરસાદ ઘણો જ વરસ્યો છે, જ્યારે ઘણા જિલ્લામાં વરસાદની ઘટ છે.

બુધવારે ફરી રાજ્યના અમુક ભાગોમાં વરસાદી માહોલ જામ્યો હતો. ખેડા જિલ્લાના નડિયાદમાં ૧.૫૭ ઇંચ, વલસાડના પારડીમાં ૧.૫૪ ઇંચ, સાબરકાંઠાના તાલોદમાં ૧.૧૦ ઇંચ, નવસારી અને તાપીના તાલુકામાં એક એક ઇંચ વરસાદ નોંધાયો હતો. તે સિવાયના ૭૦ કરતા વધુ તાલુકામાં માત્ર રસ્તા ભીના થવા જેટલો વરસાદ વરસ્યો હતો.

આજે અષાઢી બીજ છે અને આજે વરસાદ પડવાને ઘણો જ શુભ માનવામાં આવે છે ત્યારે લોકો મેઘકૃપાની પ્રાર્થના કરી રહ્યા છે. વરસાદ ખેંચાતા ફરી ગરમીનો માહોલ છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું જ્યારે અન્ય મોટાભાગના મથકોમાં પણ ૩૫ ડિગ્રી જેટલું તાપમાન રહ્યું છે.

જોકે હવામાન વિભાગના બુલેટીન અનુસાર આગામી ૨૨ તારીખ સુધીમાં રાજ્યના અમુક ભાગોમાં માત્ર હળવા અને છુટાછવાયા ઝાપટાં પડવાની શક્યતા છે. અમદાવાદ સહિત અમુક જિલ્લાઓમાં તોફાની પવનો સાથે વરસાદી માહોલ છવાશે, તેવી સંભાવના છે. જોકે રાજ્યમાં ફરી મેઘરાજાએ દસ્તક દીધી છે અને અમુક જિલ્લાઓમાં સારો એવો વરસાદ વરસ્યો છે, જેથી લોકોમાં આશા જાગી છે.

આજે કચ્છીઓનું નવું વર્ષ છે. અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. સવારથી જ આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો, જેની હાજરીમાં કેટલાક વિસ્તારોમાં હળવાં ઝરમરિયાં વરસતાં માર્ગો ભીના થયા હતા.

રાત્રિના સમયે ભુજ તાલુકાના પદ્ધર, મમુઆરા, કાળીતલાવડી અને કુકમા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે. આ ઉપરાંત મિરજાપર અને તેની આસપાસના ગામોમાં પણ હળવાં છાંટા પડ્યા હતા. જિલ્લા મથક ભુજ તેમજ આર્થિક પાટનગર ગાંધીધામમાં પણ અમીછાંટણા થતાં કાળઝાળ ગરમી વચ્ચે જમીન ભીની થતાં વાતાવરણમાં આંશિક ઠંડક પ્રસરી હતી. કચ્છમાં સિઝનનો માત્ર ૨ ટકા વરસાદ વરસ્યો હોવાથી નવા વર્ષે મેઘરાજાની કૃપા વરસે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. ■

# ઑક્ટોબર સુધીમાં ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થઈ જશેઃ રામમોહન નાયડુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામમોહન નાયડુ કિંજારાપુએ ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટના ચાલી રહેલા બાંધકામ અને વિકાસની વ્યાપક સમીક્ષા કરી હતી.

ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય પ્રધાને આ પ્રોજેક્ટ્ના મહત્ત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ માત્ર અમદાવાદ કે ગુજરાત માટે પ્રાદેશિક સંપત્તિ નથી, પરંતુ સમગ્ર દેશ માટે અત્યંત વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતો એક સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ છે. તેમણે નોંધ્યું હતું કે ભારતમાં આ પ્રકારનો આ પહેલો એરપોર્ટ પ્રોજેક્ટ છે જે મેન્યુફેક્ચરિંગ હબ, ફ્યુચરિસ્ટિક ગ્રીન સિટી અને સેમિકન્ડક્ટર ક્લસ્ટરની સાથે એકીકૃત રીતે સંકલિત કરવામાં આવી રહ્યો છે. તેમણે કોન્ટ્રાક્ટરો અને સત્તાવાળાઓને સપ્ટેમ્બર સુધીમાં સાઇટ પરની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવાનો નિર્દેશ આપ્યો હતો. ■

## અમદાવાદ પ્લેનક્રેશનો અહેવાલ ટૂંકમાં

એર ઇન્ડિયાની ફ્લાઇટ સાથે સંકળાયેલા અમદાવાદ પ્લેન ક્રેશ અંગે પ્રધાને જણાવ્યું હતું કે હાલમાં તપાસ અંતિમ તબક્કામાં છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો, જે આ તપાસ સંભાળતી સંસ્થા છે, તે સંપૂર્ણ સક્ષમ છે અને સંપૂર્ણ પારદર્શક રીતે તપાસ ચલાવી રહી છે. તેમણે હાઇલાઇટ કર્યું હતું કે આ અહેવાલ બને તેટલી ઝડપથી બહાર લાવવો મહત્ત્વપૂર્ણ છે, પરંતુ અકસ્માત કેવી રીતે અને શા માટે થયો તે અંગેનું સંપૂર્ણ સત્ય બહાર આવે તે વધુ મહત્ત્વનું છે. તપાસનો અંતિમ અહેવાલ ખૂબ જ ટૂંક સમયમાં બહાર આવશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કરીને તેમણે સમાપન કર્યું હતું. ■

ગુજરાત હાઈ કોર્ટનો સંવેદનશીલ નિર્ણય

# કચ્છ અને સાબરકાંઠાની બે દુષ્કર્મ પીડિત સગીરાઓને ગર્ભપાતની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત હાઈ કોર્ટે તાજેતરમાં એક અત્યંત સંવેદનશીલ મામલામાં માનવીય અભિગમ અપનાવીને બે દુષ્કર્મ પીડિત સગીરાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી છે. કચ્છ અને સાબરકાંઠા જિલ્લાની આ બંને સગીરાઓના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને અદાલતે આ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. તબીબી પ્રક્રિયાને સંપૂર્ણપણે સુરક્ષિત અને સફળ બનાવવા માટે નિષ્ણાત ડૉક્ટરોની એક ખાસ પેનલની પણ રચના કરવામાં આવી હતી. આ કેસની વિગતો મુજબ, સાબરકાંઠાની ૧૬ વર્ષીય સગીરા ૨૬ સપ્તાહનો ગર્ભ ધરાવતી હતી, જે અંગે અગાઉ હિંમતનગર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. સગીરાના પરિવારે ગર્ભપાત માટે હાઈ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. આ અરજી પરની સુનાવણી બાદ કોર્ટે હિંમતનગર સિવિલ હૉસ્પિટલના સિનિયર તબીબોની સીધી દેખરેખ હેઠળ ગર્ભપાતની પ્રક્રિયા પૂર્ણ કરવાનો આદેશ કર્યો છે. બીજી તરફ, કચ્છની ૧૭ વર્ષીય સગીરા ૧૬ સપ્તાહનો ગર્ભ ધરાવતી હતી. તબીબી તપાસ દરમિયાન સગીરામાં લોહીની ભારે ઊણપ (એનિમિયા) જોવા મળી હતી. જો કે, તમામ તબીબી પાસાઓની ઝીણવટભરી ચકાસણી કર્યા બાદ કોર્ટે તેને ગાંધીધામ જનરલ હોસ્પિટલમાં ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી દીધી છે. ■

# મોરબીથી અમદાવાદ એરપોર્ટ પર ઊતરેલા મુસાફર પાસેથી ૪.૩૧ કરોડનું સોનું જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના એરપોર્ટ પર ફરી દાણચોરીનો કેસ નોંધાયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ) અને એર ઇન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)એ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોનાની દાણચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં ૪.૩૧ કરોડ રૂપિયાનું દાણચોરી કરેલું સોનું જપ્ત કરવામાં આવ્યું છે અને દુબઈથી આવેલા એક મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. આરોપીની ઓળખ મોરબી જિલ્લાના વેગડવાવ ગામના રહેવાસી દિલીપ હરખાભાઈ પિપરિયા તરીકે થઈ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડીઆરઆઈને ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી કે દુબઈથી આવી રહેલો એક મુસાફર ભારતમાં પ્રતિબંધિત વસ્તુઓની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ગુપ્ત માહિતીના આધારે, બન્ને એજન્સીના અધિકારીઓએ દુબઈથી ઈન્ડિગોની ફ્લાઇટમાં પહોંચ્યા બાદ પિપારિયાને અટકાવ્યો હતો અને ટર્મિનલ-૨ ની ગ્રીન ચેનલ પર તેને રોક્યો હતો. ■

# રાજપીપળાની મુખ્ય પોસ્ટ ઑફિસ અને પાસપોર્ટ કેન્દ્રને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નર્મદા જિલલાના મુખ્ય મથક રાજપીપળા ખાતે આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસને ફરી એકવાર બૉમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સમગ્ર પંથકમાં અને વહીવટી તંત્રમાં ભારે હડકંપ મચી ગયો હતો. આ ચોંકાવનારી ઘટનાને પગલે સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી અને કચેરીઓમાં યુદ્ધના ધોરણે સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. ૧૫ જુલાઈ બુધવારે ચાલુ કામકાજના દિવસે જ આ ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હોવાથી વહીવટી તંત્ર કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતું ન હતું. ઘટનાની ગંભીરતાને જોઈને નર્મદા જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) રાજેન્દ્ર દેવધા, રાજપીપળા ટાઉન પી.આઈ. ગામિત અને એસ.ઓ.જી. (એસઓજી) પી.આઈ. વાળા સહિતનો મોટો પોલીસ કાફલો ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે દોડી ગયો હતો.

કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે ડોગ સ્ક્વોડ અને બી.ડી.ડી.એસ. (બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ)ની ટીમે અત્યાધુનિક સાધનો સાથે પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસના પરિસરમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે, પોલીસની તપાસ દરમિયાન પરિસરમાં કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવી ન હતી. ■

# વીજલાઈનના વિરોધમાં સેંકડો ખેડૂતોની મોરબીમાં વિશાળ રેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકારે વીજ થાંભલા અને હાઇ-ટેન્શન લાઇન પ્રોજેક્ટ્સથી પ્રભાવિત ખેડૂતો માટે વળતરમાં વધારો કરવાની જાહેરાત કર્યા પછી પણ, ખાનગી કંપનીઓ દ્વારા ટ્રાન્સમિશન લાઇનો નાખવા સામે ખેડૂતોનો વિરોધ ચાલુ છે. ખેડૂતોએ મોરબીમાં એક વિશાળ રેલી સાથે તેમના વિરોધનો બીજો તબક્કો શરૂ કર્યો હતો. અગાઉ જેતપરમાં ૧૯ દિવસની ભૂખ હડતાળ ખેડૂતો કરી હતી.

મોરબીના મહેન્દ્રનગરથી શરૂ થયેલી આ રેલીમાં હજારો ખેડૂતોએ ભાગ લીધો હતો. પ્રદર્શનકારીઓ બાદમાં જિલ્લા કલેક્ટર કચેરી તરફ કૂચ કરી ગયા હતા અને લગભગ ૩૬૫ ગામની ગ્રામ સભાઓમાં પસાર થયેલા ઠરાવોનું એક આવેદનપત્ર સુપરત કર્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે જ્યાં સુધી સરકાર ખેડૂતોની માગણીઓ સ્વીકારે નહીં ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. ખેડૂત આંદોલન સમિતિના નેતા નેહુલ અમૃતિયાએ જણાવ્યું હતું કે ગુજરાતભરના ખેડૂતો સાથે ચર્ચા કર્યા પછી આ મેમોરેન્ડમ તૈયાર કરવામાં આવ્યું છે. વહીવટીતંત્રને ઔપચારિક રીતે તેમની સમસ્યા પહોંચાડી છે. તેમણે દાવો કર્યો હતો કે ૩૬૫ ગામની ગ્રામ પંચાયતોએ રાજ્યના નવા વળતર પરિપત્રનો વિરોધ કર્યો છે અને જિલ્લા ખેડૂતોએ ત્રણ વૈકલ્પિક વળતર મૉડેલનો પ્રસ્તાવ મૂક્યો છે. પ્રથમ દરખાસ્ત હેઠળ, તેમણે ટ્રાન્સમિશન ટાવર માટે વપરાતી જમીન માટે બજાર મૂલ્યના ૪૦૦% જેટલું વળતર માગ્યું છે, જે હાલના ૨૦૦% છે. ટ્રાન્સમિશન કોરિડોર માટે, તેમણે બજાર મૂલ્યના ૨૬૦% વળતરની માગ કરી છે, જેમાં ગ્રામીણ, મ્યુનિસિપલ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો માટે સમાન દર છે . ■

# મુખ્ય પ્રધાનનો ૬૫મા જન્મદિવસે સંકલ્પઃ સોમનાથ મંદિરમાં કરશે 'સ્વાભિમાન પર્વ' વિશેષ મહાપૂજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બુધવારે તેમના ૬૫મા જન્મદિવસના અવસરે સોમનાથ મહાદેવનાં ચરણોમાં શીશ ઝુકાવીને એક વિશેષ સંકલ્પ લીધો છે. ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત વિશેષ મહાપૂજા માટે નોંધણી કરાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર આ વિશે માહિતી આપતાં કહ્યું હતું કે, ''આજે જન્મદિવસ પર પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના વર્ચ્યુઅલ માધ્યમથી દર્શન કરી મહાપૂજામાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મંદિર ટ્રસ્ટના પૂજારીઓ દ્વારા શ્રી સોમનાથ મહાદેવનો રુદ્રાભિષેક અને વિશેષ પૂજન સંપન્ન કરવામાં આવ્યા, તે ક્ષણો ખૂબ આસ્થામય બની રહી. માનનીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ ખાતે લોન્ચ કરેલ સ્વાભિમાન પર્વ વિશેષ મહાપૂજા માટે રજિસ્ટ્રેશન પણ કરાવ્યું છે. આ મહાપૂજા માટે સોમનાથ મંદિરે વ્યક્તિગત જઈને મહાદેવના દર્શનની મારી નેમ છે.

મુખ્ય પ્રધાને જન્મદિવસના રોજ દિવસભર શહેરી વિકાસ વિભાગ, માહિતી પ્રસારણ વિભાગ સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સર્વગ્રાહી કામગીરી સમીક્ષા બેઠકમાં વ્યસ્ત રહીને જનસુવિધા સુખાકારી માટેના કામોનું માર્ગદર્શન આપ્યુ હતું અને આ લોકચાહનાને વધુ પ્રબળ બનાવી હતી. તેમણે ગિફ્ટ સિટીની પણ મુલાકાત લીધી હતી. ■

# કચ્છમાં ૧૨૫ ડેમ ખાલી, નર્મદા કૅનાલનું પાણી ઘટતાં ખેડૂતોની ચિંતામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં મેઘરાજાની લાંબી ખેંચ અને નર્મદા કેનાલના સમારકામ વચ્ચે જિલ્લામાં જળસંકટ વધુ ઘેરું બન્યું છે. આખો જૂન મહિનો કોરોધાકોડ પસાર થયા બાદ જુલાઈના મધ્ય સુધીમાં પણ વરસાદની નોંધપાત્ર હાજરી ન દેખાતા ખેડૂતો અને તંત્રની ચિંતા વધી છે. આ પરિસ્થિતિમાં હવે નર્મદા કેનાલમાં સર્જાયેલી ટેકનિકલ ખામીને પગલે પાણીનો જથ્થો ઘટતાં ખેડૂતો માટે 'પડ્યા પર પાટુ' જેવી સ્થિતિ સર્જાઈ છે.

જિલ્લામાં વરસાદી સિઝન અત્યંત નબળી રહી છે. સત્તાવાર આંકડા મુજબ, અત્યાર સુધી માંડ બે ટકા જેટલો વરસાદ નોંધાયો છે. મધ્યમ સિંચાઈના ૫ અને નાની સિંચાઈના ૧૨૦ મળી કુલ ૧૨૫ ડેમ હાલ સંપૂર્ણપણે તળિયાં ઝાટક થઈ ગયા છે. રાજ્યના અન્ય ઝોનની સરખામણીએ કચ્છમાં જળસંગ્રહની સ્થિતિ સૌથી વધુ નબળી છે. ગયા વર્ષે જુલાઈ મહિના સુધીમાં મધ્યમ સિંચાઈના ડેમોમાં ૫૬ ટકા જળસંગ્રહ હતો, જેની સામે આ વર્ષે માત્ર ૨૪ ટકા પાણીનો જથ્થો જ ઉપલબ્ધ છે. આમ, ગત વર્ષની સરખામણીએ જળસંગ્રહમાં ૩૨ ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો.

વરસાદની ખેંચ વચ્ચે ખેડૂતો નર્મદા કેનાલના પાણી પર નિર્ભર હતા, પરંતુ હવે ત્યાં પણ મુશ્કેલી ઊભી થઈ છે. પાટણ જિલ્લાના ઝઝામ પાસે મુખ્ય નહેરમાં ગાબડું પડતાં સમારકામ માટે પાણીનો પ્રવાહ ઘટાડી દેવામાં આવ્યો છે. શરૂઆતમાં ૯૦૦ ક્યુસેક પાણીનો પ્રવાહ ઘટાડીને ૬૦૦ અને ત્યારબાદ હવે માત્ર ૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. તંત્રના જણાવ્યા અનુસાર, સમારકામ પૂર્ણ થતાં અને સ્થિતિ રાબેતા મુજબ થતાં હજુ ૬ થી ૭ દિવસનો સમય લાગી શકે છે, જેના કારણે આગામી સપ્તાહ સુધી કચ્છમાં કેનાલ દ્વારા મળતા પાણીમાં નોંધપાત્ર ઘટ રહેશે. ■

# રાજય સરકારે સેક્શન ઑફિસરના ૨૮ નવાં પદોને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકારે વહીવટી કામગીરીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા સચિવાલય સંવર્ગમાં સેક્શન ઑફિસર (વર્ગ-૨)ના પદોની સંખ્યામાં વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ સેક્શન ઑફિસરના મંજૂર પદો ૬૦૬થી વધારીને ૬૩૪ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી સરકારી ફાઇલોના નિકાલની ગતિ વધશે, નીતિગત નિર્ણયોનું અમલીકરણ ઝડપી બનશે અને સામાન્ય નાગરિકોના કામો ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. નવી કેડર રચનામાં મુખ્ય પ્રધાન કાર્યાલય સહિત રાજ્યના ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓમાં વધારાનું કાર્યબળ મળશે. આ ઉપરાંત; મુખ્ય પ્રધાન કાર્યાલય, ગુજરાત તકેદારી પંચ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સહિતની કેટલીક મહત્ત્વની કચેરીઓ માટે હંગામી પદો તથા ડેપ્યુટેશન રિઝર્વની પણ જોગવાઈ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વધતી વહીવટી જવાબદારીઓ અને ફાઇલોના ભારને ધ્યાનમાં રાખીને કેડર સ્ટ્રેન્થની સમીક્ષા કરવામાં આવી રહી હતી. તેના આધારે પદોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે, જેથી વિભાગો વચ્ચે નિર્ણય પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બની શકે. ■


ભારતીય લશ્કર સેના

JOIN INDIAN ARMY AS AN OFFICER

www.joinindianarmy.nic.in

**ઓફિસર એન્ટ્રિઓ**

૧. નીચેના અભ્યાસક્રમો માટે અરજીઓ મંગાવવામાં આવે છે:-

(ક) **૧૨૫મો** અલ્પકાલીન સેવા કમીશન જે.એ.જી. કોર્સ એપ્રિલ ૨૦૨૭, કાયદામાં સ્નાતક પુરુષ અને સ્ત્રી ઉમેદવારો માટે.

(ખ) **૧૨૫મો** અલ્પસેવા કમીશન એન. સી. સી. વિશેષ ભરતી કોર્સ (પુરુષ) (યુદ્ધમાં હતાહત સેના કર્મીઓના આશ્રિત સહિત) એપ્રિલ ૨૦૨૭ માટે.

(ગ) **૧૨૫મો** અલ્પસેવા કમીશન એન. સી. સી. વિશેષ ભરતી કોર્સ (મહિલા) (યુદ્ધમાં હતાહત સેના કર્મીઓના આશ્રિત સહિત) એપ્રિલ ૨૦૨૭ માટે.

૨. ઓનલાઈન અરજીઓ નીચેના સમયગાળા સુધી ખુલ્લી રહેશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | જે.એ.જી. કોર્સ | - | પુરુષ અને સ્ત્રી | - | ૧૭ જુલાઈથી ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ |
| (ખ) | એન. સી. સી. વિશેષ ભરતી કોર્સ | - | પુરુષ | - | ૨૦ જુલાઈથી ૨૦ ઓગસ્ટ ૨૦૨૬. |
| (ગ) | એન. સી. સી. વિશેષ ભરતી કોર્સ | - | મહિલા | - | ૨૧ જુલાઈથી ૨૧ ઓગસ્ટ ૨૦૨૬. |

**OFFICER ENTRIES**

**1.** Applications are invited for the following courses:-

(a) 125th Short Service Commission JAG Entry Scheme Course (Men & Women) Apr 2027 course for Law Graduates.

(b) 125th Short Service Commission NCC Special Entry Scheme Course Apr 2027 for Men (including Wards of Battle Casualties of Army personnel)

(c) 125th Short Service Commission NCC Special Entry Scheme Course Apr 2027 for Women (including Wards of Battle Casualties of Army personnel)

**2.** Online applications will open as under:-

| | | | | | |
|---|---|---|---|---|---|
| (a) | JAG Course | - | Men & Women | - | 17 July to 17 Aug 2026 |
| (b) | NCC (Special) Course | - | Men | - | 20 July to 20 Aug 2026 |
| (c) | NCC (Special) Course | - | Women | - | 21 July to 21 Aug 2026 |

નોંધ:-

૧. સેનામાં ભરતી સંપૂર્ણપણે પારદર્શક અને મફત છે. દલાલોથી સાવધ રહો.

૨. વિગતવાર સૂચના અને માહિતી માટે, કૃપા કરીને www.joinindianarmy.nic.inની મુલાકાત લો.

Note :-

1. Recruitment in the Army is totally transparent and free. Beware of touts.

2. For detailed Notification, please visit www.joinindianarmy.nic.in

CBC 10601/11/0011/2627




# સ્પેન ૧૬ વર્ષે ફરી ફાઇનલમાં

## ▶ ટાઈટલ ફેવરિટ ફ્રાન્સને સેમિમાં ૨-૦થી હરાવ્યું: ફ્રેન્ચ ખેલાડીઓની નિરાશાજનક રમત

અર્લિંગ્ટન: ફિફા વર્લ્ડ કપમાં સ્પેને મંગળવારે રાત્રે ૨૦૨૨ના રનર-અપ ફ્રાન્સને સેમિ ફાઈનલમાં ૨-૦થી પછડાટ આપીને ૧૬ વર્ષ બાદ પહેલી વાર અને કુલ બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. જોકે હવે ફ્રાન્સને આ વખતની ટૂર્નામેન્ટની ત્રીજી શ્રેષ્ઠ ટીમ બનવાનો મોકો મળશે.

સ્પેન ફિફા વર્લ્ડ કપના ઇતિહાસની એવી પહેલી ટીમ બની છે જે વર્લ્ડ કપની એક ટૂર્નામેન્ટની ૬ મૅચમાં ક્લીન શીટ સાથે આગળ વધી છે (છ મૅચમાં હરીફ ટીમને એકેય ગોલ નથી કરવા દીધો). વર્તમાન વર્લ્ડ કપમાં સ્પેનનો પર્ફોર્મન્સ આ મુજબ રહ્યો કેપ વર્ડે સામે ૦-૦થી ડ્રૉ, સઉદી સામે ૪-૦થી વિજય, ઉરુગ્વે સામે ૧-૦થી વિજય, ઑસ્ટ્રિયા સામે ૩-૦થી વિજય, પોર્ટુગલ સામે ૧-૦થી વિજય, બેલ્જિયમ સામે ૨-૧થી વિજય અને ફ્રાન્સ સામે ૨-૦થી વિજય.





ફાઈનલમાં પહોંચ્યા બાદ સેલિબ્રેશનના મૂડમાં સ્પેનના ખેલાડીઓ (ડાબે). ફ્રાન્સ સતત ત્રીજી વખત ફાઈનલમાં પહોંચવાથી વંચિત રહી ગયું એનો અફસોસ કરી રહેલો કૅપ્ટન ઍમ્બપ્પે (જમણે). (એપી)

### ટ્રોફી જીતશે તો આ સિદ્ધિ પણ મેળવશે

ટૂંકમાં, આ વખતે આખી ટૂર્નામેન્ટમાં અપરાજિત રહેનાર સ્પેન હવે ૨૦૧૦ બાદ ફરી એક વખત વર્લ્ડ ચેમ્પિયન બનવાથી એક જ ડગલું દૂર છે. જો સ્પેન આ વખતે વર્લ્ડ ચેમ્પિયન બનશે તો કોઈ દેશે યુરો ચેમ્પિયન બન્યા પછીના વર્લ્ડ કપમાં ટાઈટલ મેળવ્યું હોય એવો ત્રીજો કિસ્સો બનશે (પશ્ચિમ જર્મની ૧૯૭૨-૭૪ અને સ્પેન ૨૦૦૮-૧૦).

### કોણે સ્પેનને બે ગોલ અપાવ્યા?

રેફરીઓના વિવાદાસ્પદ નિર્ણયોના માહોલમાં સ્પેને ફ્રાન્સને ૨-૦થી હરાવ્યું હતું જેમાં પ્રથમ ગોલ મિકેલ ઑયારઝાબલે બાવીસમી મિનિટમાં લેમિન યમાલ સાથેના ફાઉલને પગલે મળેલી પેનલ્ટી કિકની મદદથી કર્યો હતો. બીજો ગોલ ૫૮મી મિનિટમાં પેડ્રો પૉરોએ ફ્રાન્સની ડિફેન્સ ભેદીને ડાની ઑલ્મોના સુંદર ફ્લિક બાદ કર્યો હતો.

એકંદરે આખી મૅચમાં સ્પેનની ટીમનું વર્ચસ્વ જોવા મળ્યું હતું. ટ્રોફી મેળવવા માટે ફેવરિટ મનાતી ફ્રાન્સની ટીમનો અસલ પર્ફોર્મન્સ આ સેમિ ફાઇનલમાં જોવા ન મળ્યો. ફ્રાન્સના ખેલાડીઓ જોઈએ એવા આક્રમક નહોતા તેમ જ તેમનું ડિફેન્સ વારંવાર સ્પેન દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. ખાસ કરીને ફ્રાન્સનો કીલિયાન ઍમ્બપ્પે સ્પેનની આક્રમક ટીમ સામે નબળો સાબિત થયો હતો.

### સ્પેનની અન્ય ઉપલબ્ધિઓ...

(૧) સ્પેન ૨૦૦૬થી માંડીને અત્યાર સુધીમાં ફિફા વર્લ્ડ કપની જેટલી પણ નૉકઆઉટ મૅચ રમ્યું છે એમાં સતત ૧૦ મૅચમાં અપરાજિત રહ્યું છે.

(૨) તમામ ટૂર્નામેન્ટોની ગણતરી કરીએ તો સ્પેન છેલ્લી સતત ૩૭ મૅચમાં અપરાજિત રહ્યું છે.

(૩) સ્પેન હવે ફ્રાન્સ સામે છેલ્લી પાંચમાંથી ચાર નૉકઆઉટ મૅચ જીત્યું છે.

(૪) ફિફા વર્લ્ડ કપની છેલ્લી ૧૦ મૅચમાં ગોલ કરવાની ફ્રાન્સની પરંપરાને સ્પેને ૨-૦ના વિજય સાથે મંગળવારે અટકાવી દીધી હતી.

(૫) ફિફા વર્લ્ડ કપમાં સતત છ મૅચમાં જીત મેળવવાની ફ્રાન્સની પરંપરાને પણ સ્પેને બ્રેક મારી હતી.

(૬) ફ્રાન્સ લાગલગાટ બે વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચવાની પશ્ચિમ જર્મની અને બ્રાઝિલ જેવી સિદ્ધિ મેળવવાથી વંચિત રહી ગયું છે.

(૭) ફિફા નૉકઆઉટ તબક્કામાં ૦-૨નો પરાજય ફ્રાન્સ માટે ૧૯૮૬ની પશ્ચિમ જર્મની સામેની હાર પછીનો સૌથી ખરાબ પરાજય છે.

(૮) સ્પેન વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ૧૭ પેનલ્ટી કિકથી ગોલ કરનાર દેશ બન્યો છે. ■

# વિરાટ-રોહિતની ઇંગ્લૅન્ડમાં છેલ્લી સિરીઝ: ટિકિટ ખરીદવા લોકોની પડાપડી

## ▶ લૉર્ડ્સની વન-ડેની એક ટિકિટનો ભાવ ₹ ૬૫,000થી ₹ ૧.30 લાખ સુધી ઊંચો

*અમિત શાહ*

કાર્ડિફ: ભારતીય ક્રિકેટના બે સિતારા રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભારતમાં જે ક્રિકેટપ્રેમીઓ રહે છે તેઓ આંતરરાષ્ટ્રીય મૅચો ઉપરાંત દર વર્ષે યોજાતી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) દરમ્યાન નજીકના સ્ટેડિયમમાં જઈને તેમને પ્રત્યક્ષ રમતા જોઈ શકે છે, પણ ઇંગ્લૅન્ડમાં આ બન્ને પીઢ ખેલાડીઓના જે ચાહકો રહે છે તેમને આ વખતે છેલ્લી વખત રો-કો (રોહિત-કોહલી)ને નજરે રમતા જોવાનો મોકો છે એટલે વર્તમાન વન-ડે સિરીઝની મૅચોની ટિકિટ લેવા પડાપડી થઈ રહી છે.

વિરાટ-રોહિત છેલ્લી વખત ઇંગ્લૅન્ડમાં રમી રહ્યા છે. મંગળવારે વન-ડે શ્રેણીમાં બર્મિંગમની પ્રથમ મૅચમાં તો વિરાટ-રોહિત સારું નહોતા રમી શક્યા, પણ ગુરુવાર, ૧૬મી જુલાઈએ (ભારતીય સમય અનુસાર સાંજે ૫.૩૦ વાગ્યાથી) રમાનારી કાર્ડિફમાં રમાનારી બીજી મૅચમાં સારું પર્ફોર્મ કરશે એવી આશા છે. ખરેખર તો મંગળવારની અને ગુરુવારની ટિકિટો લોકો કોઈ પણ ભોગે ખરીદવા ખૂબ ઉત્સુક જોવા મળ્યા અને એમાં પણ, રવિવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) લૉર્ડસમાં રમાનારી છેલ્લી વન-ડેની ટિકિટની એટલી બધી ડિમાન્ડ છે કે વાત ન પૂછો.

ભારત મંગળવારે જીતીને ૧-૦થી સરસાઈમાં છે. ગુરુવારની મૅચનું જે પણ પરિણામ આવે, પણ લોકો લૉર્ડ્સમાં વિરાટ-રોહિતને રમતા જોવા કોઈ તક નથી છોડવા માગતા. એ મૅચની ટિકિટનો ભાવ ૫૦૦ પાઉન્ડ (અંદાજે ૬૫,૦૦૦ રૂપિયા)થી ૧,૦૦૦ પાઉન્ડ (૧,૩૦,૦૦૦ રૂપિયા) સુધીનો છે અને એ ખરીદવા માગતા ક્રિકેટપ્રેમીઓની સંખ્યા પણ કંઈ નાનીસૂની નથી.

હેડ-કોચ ગૌતમ ગંભીરે બન્ને મહારથી (વિરાટ-રોહિત)ને તેમની નૅચરલ ગેમ રમવાની છૂટ આપી દીધી છે એ જોતાં જો તેઓ અસ્સલ ફૉર્મમાં આવી જશે તો બ્રિટિશરોનું આવી જ બન્યું સમજો. હા, બેમાંથી કોઈ સ્ટાર ફરી ફ્લૉપ જશે તો પણ ટીમમાં તેમની હાજરી જ શુભમન ગિલ ઍન્ડ કંપનીને મૉટિવેટ કરવા માટે પૂરતી છે એમ કહી શકાય. ■

### ભારતને આજે સિરીઝ જીતવાની તક

કાર્ડિફમાં આજે ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે સિરીઝની બીજી વન-ડે (સાંજે ૫.૩૦ વાગ્યાથી) રમાશે જે જીતીને ગિલ ઍન્ડ કંપની ૨-૦થી વિજયી સરસાઈ મેળવી શકશે અને શ્રેયસના સુકાનમાં ભારતે ટી-૨૦માં જોવી પડેલી ૦-૪ની હારને થોડી ભુલાવી શકશે. કાર્ડિફમાં ઇંગ્લૅન્ડ ૧૪માંથી ૧૦ વન-ડે જીત્યું છે. અહીં ભારતનો રેકૉર્ડ પણ બહુ સારો છે. ભારત અહીં ચારમાંથી ત્રણ વન-ડે જીત્યું છે.

# વન-ડેના વર્લ્ડ કપમાં સુપર-સેવન, ટી-૨૦ વિશ્વ કપમાં સુપર-ટેન

એડિનબર્ગ: ખેલકૂદપ્રેમીઓએ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપની ભરપૂર મોજ માણી રહ્યા છે ત્યારે ક્રિકેટની સર્વોચ્ચ સંચાલક સંસ્થા ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ફૉર્મેટમાં બે નવા રસપ્રદ ફેરફાર રજૂ કર્યા છે. ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં અને ૨૦૨૮ના ટી-૨૦ વિશ્વ કપમાં આ ફેરફાર અમલી બનાવવામાં આવશે.

વન-ડે અને ટી-૨૦ વર્લ્ડ કપને વધુ રસપ્રદ, રોમાંચક અને સ્પર્ધાત્મક બનાવવા આઇસીસીએ વન-ડે વર્લ્ડ કપમાં 'સુપર-સેવન'નો તબક્કો ઉમેર્યો છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં હવેથી સુપર-એઇટને બદલે સુપર-ટેન તબક્કો રાખવામાં આવશે. સ્કૉટલૅન્ડના પાટનગર એડિનબર્ગમાં આયોજિત વાર્ષિક પરિષદમાં આઇસીસીએ આ નિર્ણયો લીધા હતા.

### ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપના ફેરફાર

(૧) ૨૦૨૭નો વિશ્વ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં સંયુક્ત રીતે યોજાશે.

(૨) એ વર્લ્ડ કપ ૧૦ને બદલે ૧૪ ટીમનો હશે, પણ ગ્રૂપ-સ્ટેજના રાઉન્ડ પહેલાં સુપર સિરીઝ રાઉન્ડ યોજાશે, જ્યારે સેમિ ફાઇનલ પહેલાં સુપર-સેવન રાઉન્ડ યોજવામાં આવશે.

(૩) ૧૨, ૧૩ અને ૧૪મા સ્થાને ક્વૉલિફાય થનારી ટીમ વચ્ચે સુપર સિરીઝ રાઉન્ડ રમાશે. એમાં સૌથી સારું પર્ફોર્મ કરનારી ટીમ મુખ્ય ૧૧ ટીમમાં જોડાશે એટલે કુલ ટીમની સંખ્યા ૧૨ થશે.

(૪) ૧૨ ટીમને છ-છ ટીમના બે ગ્રૂપમાં વહેંચવામાં આવશે. બન્ને ગ્રૂપની ટોચની ત્રણ-ત્રણ ટીમ તેમ જ બન્ને ગ્રૂપને ધ્યાનમાં લઈએ તો વધુ એક બેસ્ટ ટીમ (કુલ મળીને સાત ટીમ) સુપર-સેવન રાઉન્ડમાં પહોંચશે અને એમાં ટોચના ચાર સ્થાને રહેનારી ટીમ સેમિ ફાઇનલમાં પ્રવેશ કરશે.

### ૨૦૨૮ના ટી-૨૦ વર્લ્ડ કપના ફેરફાર

(૧) ૨૦૨૮માં ટી-૨૦નો વર્લ્ડ કપ ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડમાં સંયુક્ત રીતે યોજાશે.

(૨) આ વર્લ્ડ કપમાં કુલ ૨૦ દેશની ટીમ ભાગ લેશે. આ ૨૦ ટીમને ચાર-ચારના કુલ પાંચ ગ્રૂપમાં વહેંચવામાં આવશે.

(૩) દરેક ગ્રૂપની ટોચની બે-બે ટીમ સુપર-ટેન રાઉન્ડમાં પહોંચશે. અગાઉ સુપર-એઇટ રાઉન્ડ રાખવામાં આવ્યો હતો.

(૪) આ વર્લ્ડ કપના ફૉર્મેટમાં બે નૉકઆઉટ મૅચનો ઉમેરો કરવામાં આવ્યો છે.

(૫) ૨૦ ટીમ વચ્ચે કુલ પંચાવન મૅચ રમાશે. ફર્સ્ટ રાઉન્ડની ગ્રૂપ મૅચોની સંખ્યા ૪૦થી ઘટાડીને ૩૦ કરવામાં આવી છે. જોકે બીજા રાઉન્ડની મૅચોની સંખ્યા ૧૨થી વધારીને ૨૦ કરાઈ છે.

(૬) સેમિ ફાઇનલના તબક્કા પહેલાં બે 'એલિમિનેટર' મૅચ રમાશે જે ક્વૉર્ટર ફાઇનલ જેવી જ ગણાશે.

(૭) સુપર-ટેન રાઉન્ડની ૧૦ ટીમને પાંચ ટીમના બે ગ્રૂપમાં વહેંચવામાં આવશે.

(૮) આ બન્ને ગ્રૂપની સર્વોત્તમ (પ્રથમ નંબરની) ટીમ સીધી સેમિ ફાઇનલમાં પહોંચશે. જોકે બન્ને ગ્રૂપની બીજા-ત્રીજા નંબરની ટીમ (સામેવાળા ગ્રૂપની ટીમ) સામે રમશે જે 'એલિમિનેટર' તરીકે ઓળખાશે. એક ગ્રૂપની બીજા નંબરની ટીમ સામા ગ્રૂપની ત્રીજા નંબરની ટીમ સામે રમશે. આવા બે 'એલિમિનેટર'ની બન્ને વિજેતા ટીમ સેમિ ફાઇનલમાં જશે. બે સેમિ ફાઇનલમાં વિજેતા થનારી ટીમ ફાઇનલમાં ટકરાશે. ■

# ચાર વિકેટ અને હાફ સેન્ચુરી: સચિન, હાર્દિક પછી હવે અક્ષર ત્રીજો ભારતીય ઑલરાઉન્ડર

બર્મિંગમ: વિદેશી ધરતી પર એક વન-ડેમાં ચાર વિકેટ લેવા ઉપરાંત ૫૦-પ્લસ રન બનાવનાર ભારતીયોમાં અક્ષર પટેલે મંગળવારે સચિન તેંડુલકર અને હાર્દિક પંડ્યાની બરાબરી કરી હતી. અક્ષરે મંગળવારની મૅચમાં ઇંગ્લૅન્ડની ૬૨ રનમાં ચાર વિકેટ લીધી હતી. છેલ્લા ચારેય બૅટ્સમેનને અક્ષરે આઉટ કર્યા હતા. ત્યાર બાદ અક્ષરે ભારતની ઇનિંગ્સમાં એક સિક્સર અને પાંચ ફોરની મદદથી ૫૨ બૉલમાં અણનમ ૫૭ રન કર્યા હતા. અક્ષરને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.



સચિન તેંડુલકરે ૧૯૯૮માં ઢાકામાં ઑસ્ટ્રેલિયા સામેની એક વન-ડેમાં ૧૪૧ રન બનાવવા ઉપરાંત ચાર વિકેટ પણ લીધી હતી. અઢી દાયકા બાદ (૨૦૨૨ની સાલમાં) હાર્દિક પંડ્યાએ મૅન્ચેસ્ટરમાં ઇંગ્લૅન્ડ સામેની એક વન-ડેમાં ૭૧ રન બનાવવા ઉપરાંત ચાર વિકેટ પણ મેળવી હતી.

અક્ષર અને બીજા સ્પિન ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર (૬૩ બૉલમાં એક સિક્સર અને ચાર ફોરની મદદથી અણનમ બાવન રન) વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૦૨ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ઇંગ્લૅન્ડે ૨૫૮ રન કર્યા પછી ભારતનો સ્કોર ૨૮મી ઓવરમાં ચાર વિકેટે ૧૬૦ રન હતો ત્યારે વૉશિંગ્ટન સુંદર સાથે અક્ષર જોડાયો હતો અને બંને ઑલરાઉન્ડર ટીમના સ્કોરને ૪૬મી ઓવરમાં ૨૬૨ રન સુધી લઈ ગયા હતા અને ભારતની જિતાડી દીધું હતું. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| सण | લખવાનો ચોક |
| उस | હરણ |
| खडू | ઝાકળ |
| ओस | તહેવાર |
| मृग | શેરડી |

## જાણવા જેવું

ગરમીમાં ચાર ગુણ છે: જે ચીજમાં ગરમી દાખલ થાય છે તે ચીજનું કદ ફૂલીને વધે છે. કેટલાક નક્કર પદાર્થને તાવીને પ્રવાહી કરે છે. પાણી જેવા પદાર્થને તે વરાળ રૂપમાં લાવે છે અને જે જે ચીજો ગરમીથી કદમાં વધે નહીં, અથવા હવારૂપે ઊડી જઈ શકે નહીં તેવી ચીજોને તે બાળીને ભસ્મ કરી શકે છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષની માતાના બાપના દીકરાની પત્ની એ પુરુષની પત્નીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકીજી બ) મામીજી
ક) ફોઈજી ડ) માસીજી

## નોંધી રાખો

*સતત ગતિમાં રહેવા છતાં હીંચકો હોય પોતાની જગ્યાએથી આગળ પણ નથી વધી શકતો અને પાછળ પણ નથી જઈ શકતો.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | | ૪ | ■ | ૫ | ■ |
| ૬ | | ૭ | | ■ | ■ | ૮ | | | |
| ૯ | | | ■ | ૧૦ | ■ | ■ | | | ■ |
| ■ | ■ | | ■ | ૧૧ | | | ■ | ■ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | |
| | ■ | ■ | ૨૧ | | | | ૨૨ | ■ | ■ |
| ■ | ૨૩ | ■ | | ■ | | | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | ■ | ■ | ૨૯ | | | |
| ■ | | | ૩૦ | | | | ■ | ૩૧ | |

### આડી ચાવી

૧. તપસ્યા (૨)
૩. બંગાળમાં --- ખૂબ ધામધૂમથી ઉજવાય છે (૪)
૬. મંત્રથી મોહ પામેલું (૪)
૮. ભાવની ચડઉતર (૪)
૯. નક્કી, ખાતરીપૂર્વક (૩)
૧૧. કુદરત (૩)
૧૩. --- વિના નર પશુ (૨)
૧૫. મા (૨)
૧૬. દીવો, ફાનસ (૩)
૧૮. નિર્દય, કઠોર (૩)
૧૯. સુલેહ (૨)
૨૦. દૂધ (૨)
૨૧. ખોળાનો ખૂંદનાર દેનાર દેવી (૩)
૨૪. નાગોનો રાજા (૩)
૨૭. અણધારી આફત, માંદગી (૪)
૨૯. રામને ચૌદ વર્ષનો --- મળ્યો હતો (૪)
૩૦. એક કૌરવ, ધૃતરાષ્ટ્રનો એક પુત્ર (૪)
૩૧. સમાન (૨)

### ઊભી ચાવી

૧. પિસ્તોલ (૩)
૨. યાદીના કાગળોની નોટ (૩)
૩. દૂધ (૨)
૪. પોતે, પડે (૨)
૫. અહંકાર, ગર્વ (૩)
૭. ખરડો, કાચું લખાણ (૩)
૧૦. --- દો રંગી છે (૩)
૧૨. વિનાશ (૩)
૧૩. સ્ત્રી (૩)
૧૪. સારી રીતે, ઉત્તમ રીતે (૨)
૧૭. દીવો (૨)
૧૯. કહેણ, સમાચાર (૩)
૨૨. વજીર, પ્રધાન (૩)
૨૩. મગદૂર (૩)
૨૫. સુગંધ, ફોરમ (૩)
૨૬. પ્રકાર, રીત (૩)
૨૮. હાથ ચાલાકીનું કામ (૨)
૨૯. જંગલ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મં | ત | ૨ વ્ય | ■ | ■ | ૩ મો | ■ | ૪ ડે | ફા | ૫ સ |
| ડ | ■ | ક્તિ | ■ | ૬ મે | હ | ■ | ખ | ■ | હ |
| ૭ પ | ૮ રા | ગ | ૯ તિ | ■ | ૧૦ ક | ૧૧ દા | ■ | ૧૨ જા | ન |
| ■ | ૧૩ ઈ | ત | રા | ૧૪ જ | ■ | ૧૫ ઢી | લ | ■ | શી |
| ■ | મી | ■ | ૧૬ ડ | ર | ■ | ■ | ■ | ૧૭ ગે | લ |
| ૧૮ કા | હું | ■ | ■ | ■ | ૧૯ મો | ૨૦ જ | ■ | ર | ■ |
| ઠિ | ■ | ૨૧ એ | ૨૨ દી | ■ | ૨૩ ત | ણ | ૨૪ ખ | લા | ■ |
| ૨૫ યા | ત્રી | ■ | ૨૬ ન | ૨૭ દી | ■ | ૨૮ સ | ર | ભ | ૨૯ રા |
| વા | ■ | ૩૦ હે | ■ | ૩૧ દા | રા | ■ | ગો | ■ | હ |
| ૩૨ ડ | ગ | લો | ■ | ર | ■ | ■ | ૩૩ શ | મિ | ત |

## ઓળખાણ પડી?

મુખ્યત્વે હિમાલય અને મધ્ય ચીનના વિસ્તારમાં જોવા મળતા અને ઝાડ પર સડસડાટ ચડવા માટે જાણીતા આ વિશિષ્ટ પક્ષીની ઓળખાણ પડી?



અ) Flycatcher બ) Treecreeper ક) Sunbird ડ) Kingfisher

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક જંગલી હિંસક પ્રાણી સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.

ઘણા સમયથી બંધ હોવાથી ઘર અવાવરુ થઈ ગયું છે.

## માઈન્ડ ગેમ

દુનિયામાં અમુક દેશ એવા છે જેની રાજધાનીનાં શહેરનાં નામ અને દેશનાં નામ લગભગ એક સમાન હોય છે. એવો દેશ જણાવો.

અ) પેરુ બ) સિંગાપોર ક) મ્યાનમાર ડ) ઝિમ્બાબ્વે

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | | | | | | ૧ | ૯ |
| ૪ | | | | | | | | ૨ |
| | | ૫ | ૬ | | ૨ | ૩ | | |
| ૬ | | | ૧ | ૫ | ૯ | | | ૮ |
| | | ૧ | ૮ | | ૬ | ૯ | | |
| ૨ | | | ૩ | ૪ | ૭ | | | ૬ |
| | | ૪ | ૯ | | ૫ | ૮ | | |
| ૮ | | | | | | | | ૫ |
| ૫ | ૯ | | | | | | ૭ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ |
| ૩ | ૪ | ૬ | ૨ | ૮ | ૧ | ૫ | ૭ | ૯ |
| ૭ | ૨ | ૮ | ૫ | ૯ | ૩ | ૪ | ૬ | ૧ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ |
| ૨ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૪ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૪ | ૩ | ૯ | ૨ | ૫ | ૮ |
| ૮ | ૬ | ૨ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ | ૫ |
| ૧ | ૭ | ૯ | ૩ | ૫ | ૬ | ૮ | ૨ | ૪ |
| ૪ | ૩ | ૫ | ૮ | ૧ | ૨ | ૭ | ૯ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| शहाणा | ડાહ્યો |
| वेडा | ગાંડો |
| आळसी | આળસુ |
| बावळट | બાઘો |
| उद्यमी | મહેનતુ |

**ગુજરાત મોરી મોરી રે:** પિતા

**ઓળખાણ પડી?** હોલો

**માઈન્ડ ગેમ :** Pulluau

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** લપ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ધીરેન ઉદેશી (૬) ભરત કજરિયા (૭) નૂતન વિપીન શાહ (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મીનળ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) હર્ષા મહેતા (૧૩) નિખિલ બંગાળી (૧૪) લજિતા ખોના (૧૫) અમીશી બંગાળી (૧૬) મુલરાજ કપૂર (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) પ્રવીણ વોરા (૨૪) નંદુભાઈ અ. ગૌઠી (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) અરવિંદ કામદાર (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) કમલ માતલિયા (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) હિનાબેન દલાલ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નીતા દેસાઈ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) પુષ્પા પટેલ (૪૬) મહેશ દોશી

# પુરુષ

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

# ‘ગુડ બૉય સિંડ્રોમ’ એટલે આદર્શોના ઓઠા હેઠળ ચૂકવાતી કિંમત!




**નાનપણથી** જ જેમના કાનમાં એક વાક્ય મંત્રની જેમ ફૂંકવામાં આવે છે કે ‘જોજે, તું તો બહુ ડાહ્યો દીકરો છે, તારે કોઈને હેરાન નથી કરવાના.’


એ બાળકના અચેતન મનમાં એક અદૃશ્ય બંધારણ ઘડાવા લાગે છે. આ બંધારણની પહેલી કલમ એ હોય છે કે પોતાની ઇચ્છાઓ, ગુસ્સો કે નબળાઈઓને દબાવીને હંમેશાં અન્યોની અપેક્ષાઓ પર ખરા ઊતરવું. મનોવિજ્ઞાનની ભાષામાં આ માનસિક સ્થિતિને ‘ગુડ બૉય સિંડ્રોમ’ કહેવામાં આવે છે. આ કોઈ તબીબી બીમારી નથી,પરંતુ એક એવી સામાજિક અને માનસિક કન્ડિશનિંગ છે, જેમાં એક પુરુષ આખી જિંદગી ‘પરફેક્ટ’ અને ‘સજ્જન’ દેખાવાના ચક્કરમાં પોતાના અસલી અસ્તિત્વને હોમી દે છે. સદ્‌ગુણી હોવું અને ‘ગુડ બૉય સિંડ્રોમ’નો શિકાર હોવું એ બંને વચ્ચે એક બહુ બારીક રેખા છે. સદ્‌ગુણી એ ભીતરની સહજતા છે, જ્યારે આ સિંડ્રોમ એ અન્યોની સ્વીકૃતિ મેળવવા માટે પહેરેલો એક ભારેખમ મુખવટો છે જે સમય જતાં પુરુષના માનસિક સ્વાસ્થ્યને અંદરથી કોતરી ખાય છે.

આ સિંડ્રોમની શરૂઆત બહુ નિર્દોષતાથી થાય છે. ઘરમાં માતા-પિતાને રાજી રાખવાં, શાળામાં શિક્ષકોની ગુડ બુકમાં રહેવા અને સમાજમાં એક આદર્શ દાખલો બનવા માટે બાળક પોતાની નાની-નાની જીદ અને લાગણીઓનો ત્યાગ કરવાનું શીખી જાય છે. તે સમજી લે છે કે જો તે પોતાની ઇચ્છા વ્યક્ત કરશે તો કદાચ તે ‘ખરાબ’ ગણાશે અને લોકોનો પ્રેમ ગુમાવી બેસશે. આ ભય પુખ્ત વયે પણ તેનો પીછો નથી છોડતો. મોટો થઈને આવો પુરુષ એક એવી વ્યક્તિ બને છે જે ક્યારેય કોઈને ‘ના’ કહી શકતો નથી. ઑફિસમાં બૉસ ગમે તેટલું ઓવરટાઇમ કામ આપે, મિત્રો ગમે ત્યારે આર્થિક કે માનસિક મદદ માગે કે પરિવાર તરફથી ગમે તેટલી બિનવ્યાવહારિક અપેક્ષાઓ રાખવામાં આવે, તે હંમેશાં સ્મિત સાથે ‘હા’ ભણે છે. આ ‘હા’ની પાછળ તેની ભલાઈ ઓછી અને નકારી દેવાવાનો, એકલા પડી જવાનો કે અપ્રિય બનવાનો ભય વધુ હોય છે. તે દરેક વ્યક્તિને ખુશ રાખવાના અશક્ય મિશન પર નીકળેલો એક એવો સૈનિક છે જે અંતે પોતાના જ હાથે પરાજિત થાય છે.

તાર્કિક રીતે વિચારીએ તો જે પુરુષ આટલો સારો, વિનમ્ર અને મદદગાર હોય તેનું જીવન તો સુંદર હોવું જોઈએ, પણ હકીકત તેનાથી તદ્દન વિપરિત હોય છે. ‘ગુડ બૉય સિંડ્રોમ’ ધરાવતા પુરુષો અંદરથી અતિશય અકળામણ અને ગુપ્ત આક્રોશ અનુભવતા હોય છે. તે પોતાની ભાવનાઓને સતત દબાવતા હોવાથી તેમનો આક્રોશ ક્યારેય બહાર આવી શકતો નથી, પરિણામે તે ‘પેસિવ-એગ્રેસિવ’ એટલે કે પરોક્ષ ગુસ્સામાં પરિવર્તિત થાય છે. તેઓ સીધો વિરોધ નથી કરી શકતા, એટલે અંદર જ અંદર કડવાશ ઘૂંટતા રહે છે. તેમને હંમેશાં એવો અહેસાસ રહે છે કે તે બધા માટે આટલું બધું કરે છે છતાં કોઈ તેમની કદર નથી કરતું. આ લાગણી લાંબા ગાળે એન્ઝાયટી અને ડિપ્રેશન તરફ દોરી જાય છે. સૌથી મોટું નુકસાન એ થાય છે કે સામાજિક રીતે પણ આવી વ્યક્તિઓને ઘણીવાર ‘ટેકન ફોર ગ્રાન્ટેડ’ લઈ લેવામાં આવે છે. લોકો તેમની ભલાઈને તેમની નબળાઈ સમજી બેસે છે અને તેમના ખભા પર પગ મૂકીને આગળ નીકળી જાય છે.

લગ્નજીવન અને અંગત સંબંધોમાં પણ આ સિંડ્રોમ એક મોટો અવરોધ બને છે. ‘ગુડ બૉય’ ક્યારેય પોતાની સાથીદાર સામે સ્પષ્ટપણે પોતાની જરૂરિયાતો કે નારાજગી વ્યક્ત કરી શકતો નથી. તે વિવાદોથી એટલો ડરતો હોય છે કે ઘરમાં શાંતિ જાળવી રાખવા માટે પોતાના આત્મસન્માન સાથે પણ બાંધછોડ કરી લે છે, પરંતુ જ્યારે કોઈ સંબંધમાં અસહમતી અને તંદુરસ્ત દલીલો માટે જગ્યા ન બચે ત્યારે એ સંબંધ ધીમે-ધીમે પોકળ બનવા લાગે છે. પત્ની કે પાર્ટનરને પણ સમય જતાં એવો અહેસાસ થાય છે કે આ વ્યક્તિનું પોતાનું કોઈ મક્કમ સ્ટૅન્ડ જ નથી, તે દરેક વાતમાં માત્ર સહમતી જ દર્શાવે છે. બીજી તરફ પુરુષત્વનો એક અગત્યનો ગુણ છે ‘અસર્ટિવનેસ’ એટલે કે મક્કમતા, જે આ સિંડ્રોમને કારણે સાવ લુપ્ત થઈ જાય છે. પોતાના નિર્ણયો જાતે ન લઈ શકવા અને કરિયર કે જીવનના વળાંકો પર પરિવાર કે સમાજની ઇચ્છા મુજબ જ ચાલવું એ આ આદર્શવાદી પુરુષોની આજીવન નિયતિ બની જાય છે.

આ માનસિક ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનો એક જ માર્ગ છે અને તે છે આત્મ-જાગૃતિ. દરેક પુરૂષે એ સ્વીકારવું પડશે કે પોતે માણસ છે, કોઈ સુપરહીરો કે ભગવાન નથી કે જે બધાને આજીવન ખુશ રાખી શકે. પોતાની મર્યાદાઓનો સ્વીકાર કરવો અને જરૂર પડે ત્યારે વિનમ્રતાપૂર્વક પણ દૃઢતાથી ‘ના’ કહેતા શીખવું એ કોઈ પાપ નથી, પણ આત્મરક્ષણનો એક હિસ્સો છે. વિરોધ કરવો કે પોતાની ઇચ્છા વ્યક્ત કરવી એનો અર્થ એ નથી કે વ્યક્તિ ખરાબ થઈ ગયો. તંદુરસ્ત સંબંધો હંમેશાં પરસ્પરના આદર અને સ્પેસ પર ટકે છે, નહીં કે એક વ્યક્તિના સતત બલિદાન પર. પોતાની જાતને પ્રેમ કરવો અને પોતાના માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી એ સ્વાર્થ નથી,પણ એક સ્વસ્થ જીવનની અનિવાર્યતા છે. આદર્શ દીકરો, ભાઈ કે પતિ બનવાના પ્રયાસમાં એક સારો ‘માણસ’ તરીકે પોતાનું અસ્તિત્વ જ ગુમાવી દેવું એ કોઈ સમજદારી નથી. મુખવટો ઉતારીને પોતાની અસલી ઓળખ સાથે જીવવું, એ જ આ અદૃશ્ય બંધનમાંથી મુક્તિનો સાચો માર્ગ છે. ■



# ડિયર હની... તારો બન્ની

## પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

# લગ્ને લગ્ને કુંવારા!?

## મેરે ડેડી કી દુલ્હન... અપનાવવાનો સમય આવી ગયો છે...!

*ડિયર હની,*

આપણા સમાજમાં લગ્ન એક સામાજિક રીત રિવાજથી કૈક વધુ છે. એમાં કોઈ ટીકા ટિપ્પણી થાય તો આપણે સહન કરી શકતા નથી. વારેવારે લગ્ન સંસ્થા પર આક્રમણ થઈ રહ્યું છે. આજના યુવાનો લીવ ઇનમાં રહે છે. શારીરિક સબંધો બાંધે છે પણ લગ્ન કરતા નથી એવી ફરિયાદો કાને પડતી રહે છે. અને લગ્ન ફોક થઈ જાય, બીજાં કે ત્રીજાં લગ્ન કોઈ કરે તો આપણે ત્યાં એ માટે એક કહેવત છે કે લગ્ને લગ્ને કુંવારા!

હમણાં આ ચર્ચા આમિરખાનને લઈને શરૂ થઈ છે. ‘મિસ્ટર પરફેક્શનિસ્ટ’ ગણાતા સુપરસ્ટાર જ્યારે ૬૧ વર્ષની ઉંમરે ત્રીજી વાર લગ્ન ગૌરી સાથે કર્યાં અને ત્યારે એની બંને પૂર્વ પત્નીઓ અને બાળકો હાજર હતાં. આવા સેલિબ્રિટી લગ્નો હંમેશાં ચર્ચા અને આકર્ષણનું કેન્દ્ર બને છે, તેના પાછળ શું કારણભૂત છે?

ભારતીય સમાજમાં હજુ પણ પચાસ કે સાંઠની ઉંમરે અથવા ત્રીજી વાર લગ્ન કરવાને ખૂબ જ અચરજ અને કુતૂહલની નજરે જોવામાં આવે છે. એક પક્ષ માને છે કે ઉંમરના કોઈ પણ તબક્કે વ્યક્તિને એકાંત દૂર કરવા માટે અને જીવન વહેંચવા માટે એક સાથીની જરૂર પડી શકે છે. કાયદાકીય અને નૈતિક રીતે આમાં કંઈ ખોટું નથી.

એ પણ સમજવું પડશે કે, આવા હાઇ-પ્રોફાઇલ લગ્નો વાસ્તવમાં આપણા સમાજની બદલાતી માનસિકતાનો અરીસો છે.

આમિર ખાન એક જ એવો નથી કે જેણે ત્રીજી વાર લગ્ન કર્યાં હોય. આવા કિસ્સાઓનો પાર નથી. જાણીતા નૅશનલ એવોર્ડ વિજેતા અભિનેતા આશિષ વિદ્યાર્થીએ ૨૦૨૩માં ૫૭ વર્ષની ઉંમરે આસામની બિઝનેસવુમન રૂપાલી બરુઆ સાથે બીજાં લગ્ન કર્યાં. આ મુદ્દે ટીકાઓ થઈ ત્યારે આશિષે બહુ સરસ જવાબ આપ્યો કે ‘આપણે બધા ખુશ રહેવા માગીએ છીએ, તો ઉંમરના આ પડાવ પર મને સાથી મળ્યો તો તેમાં ખોટું શું છે?’ અભિનેતા કબીર બેદી તેમના સંબંધોને લઈને હંમેશાં ચર્ચામાં રહ્યા છે. તેમણે ૨૦૧૬માં તેમના ૭૦મા જન્મદિવસે પરવીન દુસાંજ સાથે ચોથી વાર લગ્ન કર્યાં હતાં. ખાસ વાત એ છે કે પરવીન તેમના કરતાં ઉંમરમાં ઘણી નાની છે. બોલિવૂડના ‘બાબા’ એટલે કે સંજય દત્તે પણ પોતાની જિંદગીમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. રીચા શર્મા અને રિયા પિલ્લાઈ સાથેનાં લગ્ન સફળ ન રહ્યા બાદ તેમણે ૨૦૦૮માં માન્યતા દત્ત સાથે ત્રીજી વાર લગ્ન કર્યાં.

ભારતના સુપરમોડલ અને ફિટનેસ આઇકોન મિલિંદ સોમણે ૨૦૧૮માં અંકિતા કોંવર સાથે બીજાં લગ્ન કર્યાં ત્યારે સૌથી મોટી ચર્ચા ઉંમરના તફાવત (Age Gap) વિશે હતી. લગ્ન સમયે મિલિંદ ૫૨ વર્ષના હતા અને અંકિતા ૨૬ વર્ષની હતી. છે.

આ બધા કિસ્સાઓમાં એક વાત કૉમન છે, આ સેલિબ્રિટીઝે સમાજ શું ‘વિચારશે’ તેની પરવા કર્યા વગર પોતાની ખુશી અને માનસિક શાંતિને પ્રાથમિકતા આપી. વિદેશોમાં પચાસ, સાઠ કે સિત્તેરની ઉંમરે અથવા ત્રણ-ચાર વાર લગ્ન કરવા એ ખૂબ જ સામાન્ય બાબત ગણાય છે. વિશ્વપ્રસિદ્ધ મ્યુઝિક બૅન્ડ ‘ધ બીટલ્સ’ના સભ્ય પૌલ મેકકાર્ટનીએ ૨૦૧૧માં ૬૯ વર્ષની ઉંમરે નેન્સી શેવેલ સાથે ત્રીજી વાર લગ્ન કર્યાં હતાં.

હોલિવૂડના ઓસ્કાર વિજેતા અભિનેતા નિકોલસ કેજ તો આ બાબતમાં ઘણા આગળ છે. તેમણે ૨૦૨૧માં લાસ વેગાસમાં રિકો શિબાતા સાથે પાંચમી વાર લગ્ન કર્યાં હતાં. લગ્ન સમયે નિકોલસની ઉંમર ૫૭ વર્ષ હતી અને તેમની પત્ની તેમના કરતાં ૨૬ વર્ષ નાની હતી.

આ બધા વચ્ચે દુનિયાના સૌથી મોટા મીડિયા ટાયકૂન (ફોક્સ ન્યૂઝના માલિક) રૂપર્ટ મર્ડોકનો કિસ્સો સૌથી અનોખો છે. તેમણે ૨૦૧૬માં ૮૫ વર્ષની ઉંમરે ચોથા લગ્ન કર્યાં હતાં. ત્યાર બાદ, હમણાં ૨૦૨૪માં ૯૩ વર્ષની ઉંમરે તેમણે રશિયન બાયોલૉજિસ્ટ એલેના ઝુકોવા સાથે પાંચમી વાર લગ્ન કરીને આખી દુનિયાને ચોંકાવી દીધી હતી.

વિદેશોમાં લોકો ‘બીજા શું વિચારશે’ તેની ચિંતા નથી કરતા. જો સંબંધ ન ચાલે તો તેઓ સન્માનપૂર્વક છૂટાછેડા લે છે અને નવો સાથી શોધવામાં અચકાતા નથી. છેવટે, પ્રેમ, સાથ અને ખુશી મેળવવાની કોઈ ઉંમર નથી હોતી. આ વાત પશ્ચિમી દેશોના કિસ્સાઓ પરથી વધુ સ્પષ્ટ થાય છે!

સામાન્ય માણસ જો મોટી ઉંમરે કે ત્રીજી વાર લગ્ન કરે તો આખો સમાજ તેની પાછળ પડી જાય છે , પણ એ પરવા કરતા નથી. મધ્યમ વર્ગમાં લગ્ન કે છૂટાછેડા માત્ર ભાવનાત્મક નહીં, આર્થિક નિર્ણય પણ હોય છે. ત્રીજા લગ્ન કરવાથી મિલકતના ભાગલા, બાળકોના ભવિષ્યના ખર્ચ અને સમાજમાં આર્થિક શાખ પર બહુ મોટી અસર પડે છે. જોકે હવે સમાજે પણ વિચારો બદલવા પડશે. યુવા પેઢી બદલાઈ રહી છે.

આસામની સંયુક્તા દાસ નામની યુવતીની માતા (મૌસુમી દાસ)ના પતિનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર નાની હતી. સંયુક્તા જ્યારે નોકરી માટે બહાર ગઈ ત્યારે તેને સમજાયું કે તેની માતા ઘરે એકલી અને ઉદાસ રહે છે. સંયુક્તાએ પોતે ન્યૂઝપેપરમાં વર જોઈએ છેની જાહેરાત આપી અને ૫૦ વર્ષની ઉંમરે પોતાની માતાનાં બીજાં લગ્ન કરાવ્યાં. દીકરીએ પોતે કન્યાદાન જેવી રસમો નિભાવી હતી... બિહારના પટનાના એક યુવકે તેના પિતાના બીજાં લગ્ન કરાવ્યાં.

પિતાનાં પ્રથમ પત્ની (યુવકની માતા)ના અવસાન પછી પિતા તદ્દન એકલા પડી ગયા હતા અને ડિપ્રેશનમાં સરી પડ્યા હતા. દીકરાએ સમાજની ચિંતા કર્યા વગર પિતા માટે યોગ્ય પાત્ર શોધ્યું અને ૫૨ વર્ષની ઉંમરે પિતાનાં લગ્ન કરાવીને તેમના જીવનમાં ફરી ખુશીઓ પાછી લાવી દીધી.

આજની પેઢી વિચારે છે કે માતા-પિતાએ પોતાનું આખું જીવન બાળકોના ભવિષ્ય માટે હોમી દીધું, તો હવે જ્યારે બાળકો સેટ છે ત્યારે માતા-પિતાને પણ પોતાની ખુશી પસંદ કરવાનો પૂરો હક છે.

આવા કિસ્સાઓ સાબિત કરે છે કે સમાજ ભલે ધીમે ધીમે બદલાય, પણ જો પરિવારમાં બાળકો સમજુ અને સાથ આપનારાં હોય તો સામાન્ય માણસ પણ લોકોપવાદની ચિંતા વગર સન્માનપૂર્વક નવું જીવન શરૂ કરી શકે છે. વાત સાચી ને?

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી



# એમને સીધા કરવા જરૂરી છે, કારણ કે...

દહેજ લેવું અને માગવું એ ગુનો છે. દહેજ આપવું એ પણ ગુનો છે લોકો તો માગે પણ તમે આપો છો શા માટે? તમે આપો છો ત્યારે તે લે છે ને? આપો જ નહીં તો સીધા દોર થઈ જાય.

આ દહેજના ખપ્પરમાં અનેક અરમાનભરી યુવતીઓએ મૃત્યુને વહાલું કર્યું છે અથવા તો દહેજ ભૂખ્યા વરુઓએ અનેક કોડભરી કન્યાઓને બાળી નાખીને મોતના મોંમાં ધકેલી દીધી છે.

આ ખરેખર કડવી વાસ્તવિકતા છે. દહેજ ઓછું પડે તો દીકરાની વહુને રીતસર ટૉર્ચર કરવામાં આવતી અને તેમાં પતિ સહિત સાસરિયાનો સમગ્ર પરિવાર જોડાતો એવી હજારો ઘટનાઓ બની છે. જયારે દહેજ મૃત્યુનો આતંક હદ વટાવી ગયો ત્યારે સરકાર સફાળી જાગી અને દહેજ માટે ટૉર્ચર કરનાર સાસરિયાઓને જેલના સળિયા ગણતા કરી દીધા. એક મહિલાએ એના પતિ અને સાસરિયા વિરુદ્ધ ફરિયાદ કરી દે. ખરેખર, આ સારો પ્રયાસ હતો. કેટલીયે યુવતીઓ આને કારણે અપમૃત્યુથી બચી છે. જોકે હમણાં થોડાં વર્ષોથી આ કાયદાનો ગેરલાભ લેવાનો શરૂ થયો છે. આવી જ એક ઘટના સુધાબહેન અને જયેશભાઈ સાથે બની.

સુધાબહેન એક શાળામાં શિક્ષિકા અને જયેશભાઈનો પોતાનો વ્યવસાય. એક જ દીકરો દેવ તેમનો લાડકો. પતિ-પત્ની બન્નેની આવકને કારણે ઘરમાં સુખ-સમૃદ્ધિ હતી. દેવ સારું ભણ્યો અને ઉંમર થતાં દરેક મા-બાપની માફક સુધાબહેન અને જયેશભાઈને પણ દીકરાને પરણાવવાના કોડ જાગ્યા. સુખી સમુદ્ધ ઘર, ભણેલો-ગણેલો દેખાવડો દીકરો, શિક્ષિત પરિવાર એટલે દેવ માટે પોતાના જ સમાજમાંથી માગાં આવવા લાગ્યાં. સુધાબહેન-જયેશભાઈ દર રવિવારે મીટિંગ ગોઠવતાં. કોઈ ને કોઈ યુવતી અને તેના પરિવાર સાથે પોતાને ઘેર બોલાવતા. ઘણી બધી યુવતીઓને જોયા બાદ માતા-પિતા અને દેવ ત્રણેયની નજર ટીના પર ઠરી. સરસ લાગતી હતી ટીના. દેખાવડી અને ભણેલી પણ હતી. પરિવાર પણ સારો લાગતો હતો. યુવક-યુવતી અને બંને પરિવારની સહમતિથી ધામધૂમથી લગ્ન થયાં. સુધાબહેન-જયેશભાઈ કે દેવની કન્યા પક્ષ સમક્ષ કોઈ માગણી ન હતી. દહેજની કોઈ માગ તેમણે કરી ન હતી. સુધાબહેને તે વેવાણને કહ્યું હતું, ‘બહેન, અમારે તો ફકત કંકુ અને કન્યા જ જોઈએ છે. પહેરેલાં કપડે દીકરીને મોકલશો તો પણ ચાલશે. ભગવાનનું દીધેલ અમારી પાસે ઘણું છે. વળી મારે ક્યાં દીકરી છે? ટીના જ મારી દીકરી. એટલે ટીનાની તો બિલકુલ ચિંતા કરતાં જ નહીં.’

સુધાબહેન-જયેશભાઈ સરળ અને પ્રેમાળ માણસો. તેમણે ટીનાને પ્રેમથી પોતાના ઘરમાં પોતાના પરિવારમાં આવકારી, પણ આ છોકરી ટીના તેમના પ્રેમને આ લોકોની નબળાઈ સમજવા માંડી. સવારે અગિયાર વાગ્યા સુધી સૂઈ રહે, ઘરમાં એક પણ કામ ન કરે. સુધાબહેન બધું જ કામ કરે. દેવ આ જોતો તેને ગમતું નહીં એટલે એક દિવસે કહ્યું, ‘ટીના, તું આટલે મોડે સુધી સૂઈ રહે છે, મમ્મીને બધું કામ કરવું પડે છે. ભલે માણસો કામ કરે પણ મમ્મીએ બધું સુપર વિઝન કરવું પડે, મારું અને પપ્પાનું ટિફિન ભરવું પડે, દરવાજો ખોલવા ઊભા થવું પડે. હવે એમની ઉંમર થઈ છે. આ બધું હવે તારે સંભાળી લેવું જોઈએ.’

‘એટલે શું તું મને નોકરાણી સમજે છે? તું મને આ બધાં કામ કરવા માટે પરણીને લાવ્યો છે?’

‘ટીના, આ શું બોલે છે? ઘરના કામ કરવાથી કોઈ નોકરાણી બની જાય છે? મારી મમ્મી નોકરાણી છે કે બધાં કામ કરે છે. મમ્મીએ તો કયારેય એવું કહ્યું નથી.’

‘ઓ માવડિયા પતિદેવ, તારી મમ્મીને જે માનવું હોય તે માને. મને લેકચર નહીં આપ, આ બધું મારાથી નહીં થાય અને હા, અગિયાર વાગ્યા પહેલાં મારાથી ઉઠાશે પણ નહીં’.

‘રાતના મોબાઇલ જોયા કરે છે એનાં કરતાં સૂઈ જતી હોય તો વહેલી ઊઠી શકે.’

‘લે, એટલે હવે તને મારા મોબાઇલ જોવા સામે પણ વાંધો છે?’ બન્નેને સાંભળતાં સુધાબહેન બોલ્યા, ‘બેટા, દેવના કહેવાનો અર્થ એવો નથી. જો, એક દીકરીને માફક હું તને શિખામણ આપું બેટા. તું આ ઘરની પરિવારની લક્ષ્મી છે. સવારે બહુ વહેલા નહીં તોયે સાડાસાત-આઠ વાગ્યે ઊઠીને નાહી ધોઈને ભગવાનની પૂજા કરીને થોડીવાર કિચનમાં આવે તો મને પણ ગમે. ઘરની લક્ષ્મી ઘર નહીં સંભાળે તો કોણ સંભાળશે બેટા?’

‘ઓહોહો... મા-દીકરો બંને એક થઈ ગયાં. મને નોકરાણી બનાવવા જ માગો છો. તમે બંને જુઓ હવે હું શું કરું છું.’ કહીને ટીના ઘરની બહાર, નીકળી ગઈ. સુધાબહેન અને દેવ તેને રોકવાનો પ્રયત્ન કર્યો પણ તે ચાલી ગઈ.

અડધો એક કલાક થયો હશે ત્યાં તો ઘરમાં પોલીસ આવી અને મા-બાપ-દેવ ત્રણને લઈ ગયા. આ લોકો પૂછતાં રહ્યા શું થયું? ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે તમારી વહુએ ફરિયાદ કરી છે કે તમે ત્રણેય તેને દહેજ માટે ટૉર્ચર કરો છો, એને મારો છો, ઘરમાં કામના ઢસરડા કરાવો છો...

ત્રણેયે આ બધું ખોટું છે કહેવાની ઘણી કોશિશ કરી પણ પોલીસ સાંભળવા તૈયાર જ નહીં. ત્રણેયને લૉક અપ ભેગાં કરી દીધાં. દેવે ઘણી વિનંતી કરી ત્યારે માંડ એક ફોન કરવા દીધો.

દેવનાં કાકા-કાકી આવ્યાં, પોલીસ સાથે વાત કરી પણ દહેજ માટે ટૉર્ચરની વાત આવે એટલે વહુ સાચી હોય અને સાસરિયા દોષી જ હોય તેવું વર્ષોથી બનતું આવ્યું હતું. તેથી એ માન્યતા પોલીસના મનમાં પણ દૃઢ થઈ ગઈ હતી. તેઓ માનતા હતા. થોડીવારમાં પાડોશીઓને પણ ખબર પડી એટલે પાડોશીના દસ પરિવાર પોલીસ ચોકી પહોંચ્યા અને જણાવ્યું કે ‘વર્ષોથી અમે પાડોશી છીએ, આ પરિવાર શાંત છે, કીડી પણ મારે એમ નથી, મોટેથી બોલે એવા પણ નથી. આ લોકો ટૉર્ચર કરી શકે જ નહીં. વહુ ખોટું બોલે છે.’

અંતે ઘણી માથાકૂટ અને સમજાવટ બાદ પોલીસને પણ વાત સાચી લાગી અને દેવના પરિવારને ઘેર જવાની પરમિશન આપી.

માતા-પિતાએ પોતાની દીકરીને પરણાવવી હોય તો ગૃહકાર્ય શીખવવું જાઈએ, ઘરના વડીલોનું માન જાળવવાનું શીખવવું જાઈએ. આવાં ખોટા નાટક કરનાર દીકરીને તેના મા-બાપે જ બે લાફા મારીને પાઠ ભણાવવો જોઈએ. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઑફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/AUkcR0rjwuo?si=Uy-MHDAJ8a2x-Omb
આજે જ સબસ્ક્રાઈબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મુંબઈ સમાચાર લાડકી

# એવા સમાચાર લોકોના મનમાંથી ભૂંસી શકાતા નથી...

(ભાગ: ૧)
નામ: સુધા મલ્હોત્રા
સમય: ૨૦૨૬
સ્થળ: મુંબઈ
ઉંમર: ૮૯ વર્ષ

૧૯૬૦ના શરૂઆતના દિવસો હતા... મુંબઈના ટેબ્લોઈડ અખબાર બ્લિટ્સમાં થોડાક ફોટા સાથે એક સમાચાર છપાયા હતા. એ દિવસે મારા ઉપર પરિવારના લોકોના ફોન આવવાના શરૂ થયા. ખાસ કરીને, મારા પિતાજીના મિત્રો અને મારા ચાચા અને બુઆના ફોનને કારણે અમારા ઘરમાં વાતાવરણ ઉગ્ર બની ગયું. આમ તો મારા માતા-પિતા ખૂબ જ આધુનિક વિચારનાં હતાં. દીકરીઓ કામ કે વ્યવસાય કરે એ વિશે અમારા પરિવારમાં કદી કોઈએ વાંધો ઉઠાવ્યો નહોતો. ખાસ કરીને, ફિલ્મી કારકિર્દી-૧૯૫૦ના દાયકામાં બહુ સારા વ્યવસાય તરીકે જોવામાં આવતી નહોતી તેમ છતાં, મારા પિતાએ મને પ્લેબેક સિંગિંગમાં જવાની રજા આપી. મારા અવાજમાં એક કશિશ હતી, જેને કારણે અનેક સંગીતકારો મને લતાદીદીના પર્યાય તરીકે જોવા માંડ્યા હતા. કારકિર્દીની સફળતાના પગથિયાં હું ચઢી રહી હતી, ત્યારે જ આ બ્લિટ્સના સમાચારે મારું કૌટુંબિક વાતાવરણ ડહોળી નાખ્યું.



શું હતા એ સમાચાર? જાણીતી ગાયિકા સુધા મલ્હોત્રા સાથે લોકપ્રિય કવિ અને ગીતકાર સાહિર લુધિયાનવીના પ્રેમ સંબંધોની જાહેરાત કરતા એ સમાચારમાં કેટલીક તસવીરો અને એવા દસ્તાવેજી પુરાવા હતા જેને નકારી શકાય તેમ નહોતા. આજે, જિંદગીના નવ દાયકા વિતાવ્યા પછી વિચારું તો સમજાય છે કે, એ સમયનું પત્રકારત્વ આવા જ સમાચારો પર ટક્યું હતું. ખાસ કરીને, ફિલ્મી દુનિયામાં ગોસિપ વગરની કોઈ ચીજમાં લોકોને રસ પડતો નહીં અને બ્લિટ્સ તો આમ પણ આવા સમાચારો ઉપર જ ટક્યું હતું. સ્વતંત્ર ભારતના સૌથી વિવાદાસ્પદ અને સૌથી પ્રભાવશાળી, સૌથી ભયંકર અખબારોમાંનું એક એટલે 'બ્લિટ્સ'... ૧૯૪૧માં આર.કે. કરંજિયાએ આ અખબારની સ્થાપના કરી. કોણ કોને ડેટ કરે છે, કે કોના કોની સાથે અફેર ચાલે છે એવા બધા સમાચાર તો બ્લિટ્સમાં છપાતા જ, પરંતુ રાજકીય ખુલાસા, ભ્રષ્ટાચારના આરોપો અને કેટલાંક સત્યો બ્લિટ્સમાં એવી રીતે છપાતાં જેનાથી સનસનાટી ઊભી થતી. આર.કે. કરંજિયાની શૈલી એવી હતી કે, કેટલીકવાર સાવ પાતળી રેખા ઉપર મળેલા આરોપ પણ એ છાપી દેતા... પુરાવા પછી શોધવાનો પ્રયત્ન કરતા. બ્લિટ્સના ચાહકો ઘણા હતા, એવી જ રીતે આર.કે. કરંજિયાના દુશ્મનો પણ ઘણા હતા.

ટેબ્લૉઇડ પત્રકારત્વની શૈલી આપણે ત્યાં બ્રિટનથી આવી. મોટા અખબારથી અડધી સાઈઝનું આ અખબાર સનસનાટી શોધવાનું કામ કરે છે. ૧૯૫૦ અને ૬૦ના દાયકામાં બ્લિટ્સની લોકપ્રિયતા ગજબ હતી. દિલીપ કુમાર અને મધુબાલાના સંબંધો, રાજ કપૂર અને નરગિસની પ્રેમકથા, મીના કુમારી અને કમાલ અમરોહીના સંબંધો વિશેના પહેલાં ખુલાસા બ્લિટ્સમાં છપાયા હતા. આર.કે. કરંજિયા વિશે એમ કહેવાતું, 'જો તમે બ્લિટ્સ સામે છો, તો તમે પહેલેથી જ હારી ગયા છો.' સરકારી વિમા કંપની એલઆઈસીએ જાણીતા ઉદ્યોગપતિ હરિદાસ મુંદ્રાના શૅરોમાં રોકાણ કર્યું હતું. આ મામલો બહાર આવ્યો ત્યારે રાજકીય ઊથલપાથલ થઈ ગઈ. એ સમયના કેન્દ્રીય નાણામંત્રી ટી.ટી. ક્રિષ્નામાચારીએ રાજીનામું આપવું પડ્યું. વી.કે. ક્રિષ્નમેનનને ૧૯૬૨ની ઈન્ડો-ચાઈના વૉર પછી ઉઘાડા પાડવાનું કામ એમણે કર્યું હતું. ૧૯૬૦ અને ૭૦ના દાયકામાં વિદેશી દુતાવાસો, નૌકાદળ અને જાસૂસીના આરોપો વિશે બ્લિટ્સે એક લેખમાળા ચલાવી હતી. ઈમરજન્સી વખતે બ્લિટ્સે બહુ મહત્ત્વની ભૂમિકા ભજવી. ૧૯૬૦થી ૮૦ના દાયકામાં મુંબઈના અંડરવર્લ્ડનો ઈતિહાસ બ્લિટ્સમાંથી મળે. ટૂંકમાં, બીજાઓ જે લખતા, ડરતા હતા એ બધું બ્લિટ્સ હિંમતથી લખતું, એને કારણે મોટાભાગના લોકો બ્લિટ્સમાં છપાતા સમાચારોને સાચા માનતા... મારે વિશે છપાયેલા સમાચારો પણ એ વખતે સાચા માનીને મારા પરિવારના લોકોએ મને આરોપીના પાંજરામાં ઊભી કરી. સાચું પૂછો તો મારી અને સાહિર વચ્ચે સો ટકા મિત્રતા હતી, કદાચ મિત્રતાથી થોડું વધારે પણ હોઈ શકે, પરંતુ એ અફેર નહોતો.

સૌ જાણે છે તેમ સાહિર લુધિયાનવી અને અમ્રિતા પ્રીતમના સંબંધો જગજાહેર હતા. એ વખતે હું એમની વચ્ચે આવી શકું એવી સ્થિતિ જ નહોતી. સાહિર મુંબઈમાં રહેતા હતા અને અમ્રિતા પ્રીતમ દિલ્હીમાં. સાહિર મુંબઈ આવ્યા એ પછી અમ્રિતા પ્રીતમ એમનાથી ઘણી નાની ઉંમરના ઈમરોઝ સાથે જોડાયાં. એ સમયમાં બંને જણ 'લિવ ઈન' રહેતાં હતાં તેમ છતાં સાહિર અને અમ્રિતાના સંબંધને ઈમરોઝે ખુલ્લા હૃદયે સ્વીકારી લીધો હતો. એ ત્રણેય વચ્ચેના ઈક્વેશન્સ એવા હતા કે એમાં કોઈ બીજી વ્યક્તિને દાખલ થવાની જગ્યા જ નહોતી તેમ છતાં સાહિર સાથેના મારા સંબંધોને બ્લિટ્સે મીઠું મરચું ભભરાવીને છાપ્યા... મારા પિતાએ મને સાહિર સાથે કામ કરવાની ના પાડી, એટલું જ નહીં, એમણે તાત્કાલિક ગિરધર મોટવાણી નામના એક ઉદ્યોગપતિ સાથે મારી સગાઈ કરી નાખી. મને પૂછવાની પણ કોઈને જરૂર ના લાગી. મને દુઃખ થયું, પરંતુ એક વાર છપાઈ ગયેલા સમાચારો લોકોના મનમાંથી ભૂંસી શકાતા નથી.

મારે સ્વીકારવું જોઈએ કે, ૧૯૫૯નું વર્ષ મારી કારકિર્દીનું ઉત્તમ વર્ષ હતું. 'ધૂલ કા ફૂલ', 'દીદી' અને 'ભાઈ બહેન' એવી ફિલ્મો મને મળી. 'બરસાત કી રાત', 'બાબર' અને અન્ય મહત્ત્વની ફિલ્મોમાં મેં પ્લેબેક સિંગિંગ કર્યું. સત્ય છે કે સાહિરજીએ મને ઘણી મદદ કરી. મારી કારકિર્દી ઘડવામાં એમનો ફાળો મહત્ત્વનો છે, પરંતુ માત્ર સાહિરજી જ નહીં, લતા મંગેશકર સાથે જે કોઈ સંગીતકારોના વિવાદ થયા કે મનદુઃખ થયા એ સૌએ મને તક આપવાનું પસંદ કર્યું. એમાં એન. દત્તાનું નામ સૌથી મહત્ત્વનું છે. એ સિવાય પણ અનેક સંગીતકારો સાથે મેં કામ કર્યું. ૧૦-૧૨ વર્ષના સમયગાળામાં મેં ૧૫૫ ફિલ્મોમાં ૨૬૪ જેટલાં ગીતો ગાયાં. અનિલ બિશ્વાસ, જેનો આભાર મારે માનવો જ રહ્યો એમણે મને 'આરઝુ' ફિલ્મમાં પહેલો મોકો આપ્યો. રોશન અને મદન મોહન સહિત એસ.બી. બર્મન, ખય્યામ જેવા સંગીતકારોએ પણ મારી સાથે કામ કર્યું એટલું જ નહીં મને પ્રસિદ્ધિના શિખરે બેસાડવામાં મારી મદદ કરી.

**કથા કોલાજ**
**કાજલ ઓઝા-વૈદ્ય**
feedback.ladki@bombaysamachar.com

લતાદીદી ત્યારે પોતાની કારકિર્દીના શિખરે હતાં. અનિલ બિશ્વાસ લતાજીનો ખૂબ આદર કરતા, પરંતુ લતાજીએ ધીરે ધીરે ફિલ્મી દુનિયામાં પોતાનો એવો પ્રભાવ ઊભો કર્યો કે સ્ટુડિયોથી શરૂ કરીને વાદકો સુધી સૌએ એમના કહ્યા મુજબ જ વર્તવું પડે. આ કોઈ દસ્તાવેજી પુરાવા સાથે કહી શકાય એવી હકીકત નથી, પરંતુ લતાજીના બહેન આશા ભોંસલેને પણ આગળ આવવાની તક મળે એ લતાજીને ગમતું નહીં. આમ જોવા જઈએ તો લતાજી બાળપણથી જ અસુરક્ષિત વ્યક્તિત્વ ધરાવતાં હતાં એવું મારું માનવું છે. એમના પિતાનું મૃત્યુ નાની ઉંમરે થયું. પરિવારની જવાબદારી લતાજીના માથે આવી, એટલે પરિવારના પુરુષ તરીકે એમણે જ વર્તવું પડ્યું! નાની બહેનોનું શિક્ષણ, એમના લગ્ન અને માની સારસંભાળ કરતાં કરતાં લતાજીએ પોતાની કારકિર્દી બનાવવાની હતી... એમની પાસે ઈશ્વરનો આપેલો અદ્ભુત અવાજ હતો, પરંતુ અન્ય કોઈ ગાયિકા આવી જશે અને પોતાનું કામ ઓછું થઈ જશે એ ભય લતાજીને જીવનભર રહ્યો! આવા નાનાં કારણોસર લતાજી કેટલીકવાર સંગીતકારોને અન્યાય કરી બેસતાં. મોં માગી ફી, ક્યારેક એડવાન્સ વસૂલ કરતા પછી તારીખ ન મળે ત્યારે સંગીતકારો ફરિયાદ કરતા, પરંતુ લતાજી કાને ધરતાં નહીં. એવું લોકો કહે છે! મારી પાસે આ વિશે કોઈ સાચી કે ફાઈનલ માહિતી નથી, પરંતુ આવા જ કોઈ કારણસર અનિલ બિશ્વાસ, એન. દત્તા અને રોશન જેવા સંગીતકારો નારાજ થયા હોવા જોઈએ... એમાં એક દિવસ અનિલ બિશ્વાસ મારી પાસે આવ્યા. એમણે 'આરઝુ'નું ગીત ગાવાનો આગ્રહ કર્યો.

એ મારું પહેલું પ્લેબેક ગીત હતું, પરંતુ સંગીત સાથેનો મારો અનુભવ પહેલો નહોતો. હું છ વર્ષની હતી ત્યારથી સ્ટેજ પર ગાતી રહી છું... (ક્રમશઃ)■

**ઉડાન**
**મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી**
**શ્વેતા જોષી અંતાણી**
feedback.ladki@bombaysamachar.com

# ઓબ્સેશન થકી આ તે કેવી એકલતા...

નેહાએ માલિકીભાવ જતાવવા જતાં મિત્રતા, સ્નેહ અને સંબંધોમાં ઘણું ગુમાવ્યું હતું. ખાસ્સા દિવસોથી સમજાય નહોતું રહ્યું કે કોની મદદ લેવી. હજુ તો સતર થયાં, આયખું આમ એકલતામાં થોડું વિતશે. જાતમાં સુધારો આણવા પ્રયત્નો શરૂ કરવા તો છે પણ રસ્તો સૂઝતો નથી. અંતે દિવસોની મથામણ બાદ એણે નાછૂટકે મૈત્રીને મેસેજ કર્યો. 'હાઈ મૈત્રી, મારે આ સતત કોઈને ગુમાવવાના ડરમાંથી બહાર નીકળવું છે. પ્લીઝ, હેલ્પ મી. મને મદદ કર.'



મૈત્રીએ કોઈ ઉપદેશ આપ્યો નહીં, ફક્ત કાઉન્સેલરનો નંબર નેહાને મોકલી દીધો. બે દિવસ સુધી નેહાએ નંબર તરફ જોયું પણ નહીં. ત્રીજા દિવસે આખી રાત ઊંઘ ના આવતાં એણે મેસેજ કરી દીધો. પહેલી મુલાકાતમાં એ કશું બોલી જ ના શકી. ફક્ત રડી. બીજી મુલાકાતમાં એણે અનીષ વિશે કહ્યું. ત્રીજીમાં મૈત્રી વિશે. પછી ધીમે ધીમે નેહા ઉઘડતી ગઈ, વાતો ખૂલતી ગઈ. કાઉન્સેલરે એની લાગણીઓને એક નામ આપ્યું : 'અસુરક્ષિત જોડાણ - કંઈક છૂટી જવાના ભય અને તેમાંથી ઊપજેલું ઓબ્સેસિવ વર્તન.'

'તું ખરાબ નથી' કાઉન્સેલરે કહ્યું, 'પણ તારો ડર એટલો મોટો થઈ ગયો છે કે તું જેને પ્રેમ કરે છે એને મરજી મુજબ શ્વાસ પણ લેવા દેતી નથી. તને માણસ નહીં, રોબોટ જોઈએ છે. જે તને ખાતરી કરાવ્યા રાખે કે એ દૂર નહીં જાય...'

આ વાક્ય નેહાના મનમાં ઊંડે ઊતરી ગયું. હવે જાતને બદલવાની કોશિશ કરી જોવી એજ અંતિમ ઉપાય બચ્યો હતો, પરંતુ સ્વભાવમાં સુધારો કંઈ ફિલ્મી ચમત્કારની જેમ એક જ દિવસમાં આવે ખરો? ઘણી વાર એ ફરી અનીષની પ્રોફાઇલ જોવા ગઈ. અનેકોવાર એણે મેસેજ લખ્યા અને ડિલિટ કર્યા. એકાદ વખત ફરી મૈત્રીને અચાનક 'તું ક્યાં છે?' લખવાનું મન થયું, પરંતુ હવે એ અટકતી. શ્વાસ લેતી. પોતાની ડાયરીમાં લખતી, 'હમણાં હું ડરી રહી છું એટલે કંટ્રોલ કરવા માગું છું.'

કાઉન્સેલરે એને નાના-નાના નિયમો આપ્યા. કોઈનો ફોન ચેક નહીં કરવો, તુરંત જવાબ ના મળે તો દસ મિનિટ રાહ જોવી, પોતાના દિવસમાં એવી પ્રવૃત્તિ ઉમેરવી જેનો સંબંધ કોઈ વ્યક્તિ સાથે ના હોય. નેહાએ ધીમે ધીમે સ્કેચિંગ શરૂ કર્યું. પછી સંગીત શીખવાનું. એને સમજાતું ગયું કે પોતાની અંદરની ખાલી જગ્યાઓ બીજાની હાજરીથી નહીં, પોતાના આત્મવિશ્વાસ અને ગમતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવાથી પણ ભરી શકાય છે...'

એક મહિના પછી અનીષને એણે એક છેલ્લો મેસેજ લખ્યો. આ વખતે તેમાં આરોપ નહોતા, વિનંતી નહોતી, ધમકી પણ નહોતી. હતું તો માત્ર નેહાનું કન્ફેશન - સંપૂર્ણ સત્યથી ભરેલી કબૂલાત :

'અનીષ, હું તને પાછો આવવા માટે નથી લખતી. ફક્ત માફી માગવા લખું છું. મેં જેને પ્રેમ માન્યો હતો તેમાં ડર, માલિકીભાવ અને કંટ્રોલ બધું ભળી ગયું હતું. તું દૂર ગયો એ માટે હું તને દોષ આપતી રહી, પણ હવે સમજું છું કે તું તારી જાતને બચાવી રહ્યો હતો. તું જવાબ નહીં આપે તો ચાલશે. ફક્ત એટલું કહેવું હતું કે હું થેરાપિસ્ટની મદદ લઈ રહી છું અને મારી અંદર ઘર કરી ગયેલી આદતોને બદલાવાનો પ્રયત્ન કરી રહી છું.'

મેસેજ મોકલ્યા પછી પહેલી વાર નેહા જવાબની રાહમાં બેસી ના રહી. કદાચ એ જ એની સારવારનું પ્રથમ સફળ પગથિયું હતું જે સાચા ટ્રેક પર એને ચડાવવાનું હતું.

થોડા દિવસ પછી અનીષનો નાનો અમસ્તો જવાબ આવ્યો : 'થૅન્ક યુ. ટેક કેર.' બસ એટલું જ. કોઈ નવી શરૂઆત નહોતી, કોઈ પુનઃમિલન નહોતું છતાં નેહાને અંદરથી અજાણી શાંતિ અનુભવાય, કારણ કે દરેક વાર્તાનો સુખાંત એ નથી હોતો કે ગુમાવેલી વસ્તુ, વ્યક્તિ, પ્રેમ કે લાગણી પાછી મળી જાય. ક્યારેક સુખાંત એ પણ હોય છે કે તમે જાતને ગુમાવવામાંથી બચી ગયા.

સમય વિતતાં નેહા અને મૈત્રી વચ્ચે ફરી વાતચીત શરૂ થઈ. જૂની પ્રગાઢ મિત્રતા તો નહીં, પરંતુ થોડી સમજણભરી. એક દિવસ મૈત્રીએ હસીને કહ્યું, 'હવે તારા વર્તનમાં પહેલાં કરતાં નિરાંત ભાસે છે.' નેહા પણ હસી પડી. 'કારણ કે, મને હવે સમજાયું છે કે પ્રેમ એટલે કોઈને પોતાની મુઠ્ઠીમાં કેદ રાખવું એમ નહીં. પ્રેમ એટલે સામેની વ્યક્તિને એ જે છે એમ રહેવા દેવી અને આપણે પણ જેવા છીએ એવાં રહેવું.'

'વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે'ના દિવસે નેહાએ સ્ટેજ પર એક નાની વાત કરી. 'ક્યારેક આપણે વ્હાલને વળગાડ બનાવી દઈએ છીએ, કારણ કે આપણને ડર હોય છે કે કોઈ આપણને છોડીને ચાલી જશે, પરંતુ પ્રેમનું સાચું સ્વરૂપ માલિકી નથી, વિશ્વાસ છે. અને જો અંદરનો ડર બહુ મોટો થઈ જાય તો થેરેપિસ્ટ પાસે જવું કે મદદ માગવી એ કમજોરી નથી.'

હૉલમાં બેઠેલી મૈત્રી તાળી પાડી રહી હતી. દૂર પાછળ અનીષ હતો કે નહોતો, એ જોવા નેહાએ પ્રયત્ન પણ કર્યો નહીં, કારણ કે આ વાર્તામાં હવે સૌથી મહત્ત્વનું વ્યક્તિ અન્ય કોઈ નહીં, એ પોતે હતી. વ્હાલનો વળગાડ આખરે વ્હાલમાં જ પાછો ફેરવાઈ શકે. જો માણસ પોતાની જાતને સમજાવવાની હિંમત કરે. ■

**ટીના દોશી**
feedback.ladki@bombaysamachar.com

**ટપાલ ટિકિટમાં અનોખી નારી** — **નવી કૉલમ**

# ગુજરાતી ભાષાની પ્રથમ ભક્ત કવયિત્રી: મીરાંબાઈ

નામ: મીરાંબાઈ
ઓળખ: સંત કવયિત્રી
ટપાલ ટિકિટ બહાર પડી: ૧ ઑક્ટોબર ૧૯૫૨
ટિકિટનું મૂલ્ય : ૨ આના

*વાગે છે રે વાગે છે, વનરાવન મોરલી વાગે છે,*
*હે એનો શબદ ગગનમાં ગાજે છે,*
*વનરાવન મોરલી વાગે છે.*

આ પંક્તિ સાંભળતાં જ મીરાંબાઈનું સ્મરણ થાય. કૃષ્ણદીવાની મીરાં, પ્રેમદીવાની મીરાં અને રાજસ્થાનની રાધા એવી મીરાં. સોળમી સદીમાં વ્રજ, હિંદી અને ગુજરાતી ભાષામાં પદોની રચના કરનારી મીરાં. ગુજરાતી ભાષાની પ્રથમ ભક્ત કવયિત્રી એવી મીરાં...કૃષ્ણભક્તિમાં લીન થઈને રાજરાણીમાંથી જોગણ બની ગયેલી મીરાં એક, અદ્ભુત અને અદ્વિતીય હતી એટલે જ ભારતીય ટપાલખાતાએ આઝાદી પછી ૧૯૪૭માં ટપાલ ટિકિટ બહાર પાડવાનું



શરૂ કર્યા પછી ૧ ઑક્ટોબર ૧૯૫૨ના રોજ ટિકિટ પરની પ્રથમ સ્ત્રી તરીકે સંત મીરાંબાઈને સ્થાન આપ્યું. બે આનાની આ ટપાલ ટિકિટ પર મથાળે અંગ્રેજીમાં ૧૫-૧૬મી સદી અને એની નીચે હિન્દી ભાષામાં 'મીરા' એવું લખાણ જોવા મળે છે!

સંત મીરાંબાઈના જીવનચરિત્ર માટે કોઈ ઐતિહાસિક આધાર મળતો નથી. ગુજરાતી વિશ્વકોશ અનુસાર મીરાં અંગે કેટલીક જનશ્રુતિઓ જ ઉપલબ્ધ છે. એવું કહેવાય છે કે મીરાંનો જન્મ ૧૪૯૮માં રાજસ્થાનના જોધપુરમાં મેડતા નજીક આવેલા કુડકીમાં થયેલો. રાઠોડ વંશના વૈષ્ણવધર્મી કુટુંબમાં. માતા વીર કુમારી. પિતા રતનસિંહ ઉદયપુરના સ્થાપક રાવ રાઠોડના વંશજ હતા. મીરાં એમની એકમાત્ર લાડકી દીકરી હતી. મીરાં માત્ર ત્રણ વર્ષની હતી ત્યારે ઘેર પધારેલા સાધુએ કૃષ્ણની એક મૂર્તિ રતનસિંહને આપેલી. એ મૂર્તિ મીરાંના મનમાં વસી ગઈ. લગભગ એક વર્ષ પછી મીરાં ચાર વર્ષની થઈ ત્યારે મહેલના ઝરૂખામાંથી એક વરઘોડો પસાર થતો જોયો. ઘોડા પર વરરાજા સાફો બાંધીને બેઠેલો. કપાળે કંકુનો ચાંદલો, હાથમાં કલગી અને શ્રીફળ. માથે છત્રી. એ જોઈને નાનકડી મીરાંએ મા સાથે વાત કરી. વરરાજા એટલે કોણ એમ પૂછ્યું. માએ હસીને કહ્યું, જે પરણવા જાય એ વરરાજા.. મીરાંએ કહ્યું, મારો વર કોણ? એટલે માએ કૃષ્ણની મૂર્તિ ભણી ઈશારો કરતાં કહ્યું કે આ તારો વર... ત્યારથી મીરાંએ કૃષ્ણને મનોમન પતિ માની લીધા. કૃષ્ણને સમર્પિત થઈ ગઈ.

થોડા સમય પછી માતા વીર કુમારીનું મૃત્યુ થયું. દાદા દુદાજીએ મીરાંનું લાલનપાલન કર્યું. ૧૫૧૫માં દાદાનું અવસાન થયું. પિતા રતનસિંહ રાજકાજમાં વ્યસ્ત હોવાથી મીરાં કૃષ્ણને શરણે હતી. મીરાં કૃષ્ણને સમર્પિત હતી, પણ રતનસિંહે ૧૫૧૬માં મેવાડના સિસોદિયા વંશના રાજકુટુંબમાં રાણા સંગ નામે જાણીતા સંગ્રામસિંહ અને કનવરબાઈના પાટલી પુત્ર ભોજરાજ સાથે મીરાંને પરણાવી. એ સાસરે કૃષ્ણની મૂર્તિ પણ લેતી ગઈ.

કૃષ્ણને વરી ચૂકેલી મીરાં પતિ ભોજરાજ સાથે વાતચીતનો વ્યવહાર રાખતી, પણ એમને પતિ તરીકેનું સ્થાન આપી ન શકી. એ તો કૃષ્ણની ભક્તિ કરતી, ભજનો ગાતી અને નૃત્ય કરતી. પહેલાં તો ભોજરાજ પોતાની અવહેલનાથી અકળાયેલા, પણ પછી મીરાંની કૃષ્ણભક્તિ જોઈને એમણે મહેલમાં જ કૃષ્ણ મંદિરનું નિર્માણ કરાવેલું. જોકે લગ્નનાં પાંચ વર્ષ પછી ૧૫૨૧માં ભોજરાજનું મૃત્યુ થયું. ત્રેવીસ વર્ષની વયે મીરાંએ વૈધવ્ય વેઠવાના દા'ડા આવ્યા, પણ મીરાં તો જળકમળવત્. એ તો કૃષ્ણ ભક્તિમાં વધુ તલ્લીન થઈ ગઈ.

છ વર્ષ વીતી ગયાં. ૧૫૨૭માં બાબર સામેના યુદ્ધમાં સંગનો પરાજય થયો. સંગ બાબર પાસેથી ચંદેરી જીતવા જતો હતો ત્યાં ઈરીચ પાસે કોઈએ એને વિષ આપ્યું અને એનું અવસાન થયું. મીરાંના પિતા રતનસિંહનું પણ આ ગાળામાં અવસાન થયું. ૧૫૨૧માં ભોજરાજના અવસાન અને ૧૫૨૭માં સંગના અવસાન વચ્ચેનો સમયગાળો મીરાંના જીવનમાં માત્ર ને માત્ર કૃષ્ણભક્તિનો હતો. પણ આ જ અરસામાં રાજમાતા રતનબાઈનું પણ અવસાન થયું. કુટુંબનો કારભાર મીરાંને માથે આવ્યો. કાર્યભાર સંભાળવાની સાથે મીરાંએ રાજસ્થાની ભાષામાં કેટલાંક પદોનું સર્જન કરેલું.



સ્ત્રીજીવન એટલે સંઘર્ષ. સૂર્યના પહેલા કિરણે અંધકારનાં ઘનઘોર વનોને ભેદીને અને દુર્ગમ પહાડોને વીંધીને પૃથ્વીનો પ્રથમ સ્પર્શ કરવા માટે જેટલો સંઘર્ષ કરવો પડે છે એટલો જ સંઘર્ષ નારીએ પણ કરવો પડે છે. સદીઓના સંઘર્ષ પછી નારીઓએ પોતાની મહેનત, આપબળ અને આવડતના જોરે સમાજમાં સ્થાન બનાવ્યું છે. વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિનાં સોપાનો સર કર્યાં છે. સ્ત્રીઓએ શિક્ષણ, સાહિત્ય, કળાઓ, સમાજસેવા, વિજ્ઞાન, ધર્મ અને રાજકારણ સહિત પ્રત્યેક ક્ષેત્રમાં કૌવત દાખવ્યું છે.

ભારત સરકારે સફળતાનાં શિખર સર કરનારી આવી નારીઓને પોંખીને તેમની સિદ્ધિને બિરદાવી છે. દેશનું નામ રોશન કરનાર નારીઓને ભારતીય ટપાલ ટિકિટ પર સ્થાન આપીને તેમનાં નામ અમર કરી દીધાં છે. મુખ્યત્વે ધર્મ-અધ્યાત્મ, સ્વતંત્રતા સેનાની, સમાજ સુધારક, સમાજસેવા, સ્ત્રી શિક્ષણ, મહિલા અધિકારો, વિજ્ઞાન અને સંગીત, અભિનય, નૃત્ય તથા ગાયન જેવી કલાઓના ક્ષેત્રે કાઠું કાઢનાર નારીઓને ભારત સરકારે ટપાલ ટિકિટ પર સ્થાન આપ્યું છે. વર્ષ ૧૯૫૨માં ટપાલ ટિકિટ પર પર પ્રથમ નારી તરીકે સંત કવયિત્રી મીરાંબાઈને સ્થાન આપ્યા પછી કેન્દ્ર સરકારે આજ સુધી અનેક સ્ત્રીઓને ટપાલ ટિકિટ પર મૂકીને પોંખી છે.

ટપાલ ટિકિટ પર સ્થાન મેળવનાર આવી નારીઓની અનોખી શ્રેણી 'મુંબઈ સમાચાર'માં... શરૂ થઈ રહી છે અને એના અલેખનકાર છે ભારતીય મહિલા વિશ્વકોશ અને નારીકથાનાં પ્રણેતા એવાં જાણીતાં લેખિકા અને સંશોધક ટીના દોશી જાણીતાં પત્રકાર, લેખિકા અને સંશોધક છે. 'મુંબઈ સમાચાર'માં પાંચેક વર્ષથી તે કટાર લેખન કરી રહ્યાં છે. તેમનાં ૨૨ જેટલાં પુસ્તક પ્રગટ થયાં છે. અનેકવિધ લેખન માટે તેમને ગુજરાત દૈનિક અખબાર સંઘ અને મહારાષ્ટ્ર સરકારનાં શ્રેષ્ઠ પત્રકારત્વ પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

એક વર્ષ પછી ૧૫૨૮માં સંગની પત્ની જોધપુરની ધનબાઈનો પુત્ર રતનસિંહ મેવાડના રાજપદે બિરાજ્યો. એણે મીરાંને ત્રાસ આપવાનો આરંભ કર્યો. જનશ્રુતિમાં એમ છે કે રતનસિંહે પ્રથમ નાગપ્રેષણ અને પછી વિષપ્રેષણ દ્વારા મીરાંના જીવનનો અંત લાવવાના પ્રયત્નો કરેલા. નાગ ફૂલહાર થયો અને વિષ ચરણામૃત થયેલું. મીરાં કૃષ્ણભક્ત હતી એથી કૃષ્ણે આ ચમત્કાર કરેલો એવું કહેવાય છે, પણ ગુજરાતી ભાષાના શિરમોર સર્જક નિરંજન ભગતનું માનવું એવું છે કે સ્ત્રીહત્યાના પાપનો ભય હોવાથી અનુચરોએ વિષધર નાગ નહીં, પણ પુષ્પમાળા અને વિષ નહીં પણ કોઈ પીણું મીરાંને આપ્યું હશે. અને રતનસિંહના કોપથી બચવા માટે નાગ ફૂલહાર થયો અને વિષ ચરણામૃત થયું એવું ઊપજાવી કાઢ્યું હશે.

મીરાંએ ૧૫૩૨માં ચોત્રીસ વર્ષની વયે મેવાડનો ત્યાગ કર્યો. પોતાના પિયર મેડતા આવી. પણ જોધપુરનું રાજકુટુંબ એને મેડતામાં આશ્રય આપનાર કાકા વીરમદેવને ઉપદ્રવ કરે એ શંકાને કારણે મીરાંએ ૧૫૩૩માં મેડતા છોડ્યું અને કૃષ્ણભૂમિ વૃંદાવનમાં જઈ વસી. ત્રણ વર્ષ પછી, વ્રજ ભાષામાં કેટલાંક પદોનું સર્જન કર્યા પછી મીરાં વૃંદાવનથી દ્વારકા જઈ ઠરીઠામ થઈ.

દ્વારકા મેવાડથી દૂર હતું અને મેવાડ મીરાંના દિલથી દૂર થઈ ગયેલું. પણ મીરાંએ મેવાડની પ્રજાના હૃદયમાં ઘર કરી લીધેલું. મેવાડે મીરાંને ત્રાસ આપીને અન્યાય કર્યો છે એની શિક્ષારૂપે જાણે કે મેવાડના રાજકુટુંબમાં હત્યાઓની હારમાળા સર્જાયેલી. મેવાડની અશાંતિને ધ્યાનમાં રાખીને તત્કાલીન રાજા ઉદયસિંહે ૧૫૪૬-'૪૭માં કેટલાક બ્રાહ્મણો સાથે મીરાંને મેવાડ પાછા પધારવાની પ્રાર્થના કરી. પણ હૃદયમાં દ્વારકાત્યાગના નિર્ણય સાથે મંદિરના ગર્ભદ્વારમાં પ્રવેશ કર્યો. અજ્ઞાતવાસનાં વસ્ત્રો ધારણ કર્યાં. ગર્ભદ્વારના પાછલા બારણેથી મીરાંએ દ્વારકા ત્યાગ કરેલો એવો એક મત છે. પણ જનશ્રુતિમાં એમ છે કે ચમત્કારિકપણે મીરાં કૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયેલી અને ૧૫૪૭માં એના જીવન પર પરદો પડી ગયો. જોકે મીરાં દ્વારકા છોડ્યા પછી જીવનના અંતકાળ સુધી અજ્ઞાતવાસમાં રહી હોવાની શક્યતાઓ ઝાઝી છે.

મીરાંએ પોતાનો ભૂતકાળ ભૂંસી નાખ્યો. આ ગાળામાં ગુજરાતીનાં ચારસો પદો સહિત મીરાંએ કુલ ૧૪૦૦ જેટલાં પદો રચ્યાં હોવાનું અનુમાન છે.

સાક્ષર નિરંજન ભગતે મીરાંનાં પદોનું અર્થઘટન કરતાં કહ્યું છે કે મીરાંમાં પ્રેમના અનુભવની તીવ્રતા છે. એથી એનાં પદોમાં ભાવ અને રસની ઉગ્રતા છે. મીરાંનાં પદોમાં કૃષ્ણ અને પોતે એમ બે જ પ્રેમપાત્રો છે. પોતે જ બીજું પાત્ર છે. એમાં ત્રીજું પાત્ર જ નથી. એના પ્રેમમાં અધિકાર નથી, સેવા છે. એમાં પ્રેમ છે, કામ નથી; શૃંગાર છે, વિલાસ નથી; ઉગ્રતા છે, ઉન્માદ નથી; એમાં સંકોચ અને સંયમ છે, શીલ અને મર્યાદા છે. મીરાંનું એકેએક પદમાં કાવ્યમયતા અને કલામયતા છે. મીરાંએ પોતે જ તો કહ્યું છે કે, ખૂણે બેસીને મેં તો ઝીણું રે કાંત્યું, નથી રાખ્યું કંઈ કાચું રે....! ■

ફેશન
ખૂશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ચોમાસામાં કપડાંનું કઈ રીતે ધ્યાન રાખશો?

## વરસાદી મોસમમાં ફૅશન સાથે સેલ્ફ કૅર : કપડાંની સાચી સંભાળ રાખશો તો લુક પણ રહેશે બેસ્ટ ને સ્વાસ્થ્ય પણ સુરક્ષિત



વરસાદની મોસમ સૌને ગમે છે. ઠંડો પવન, રિમઝિમ વરસાદ અને ચાની ચુસ્કી મનને આનંદ આપે છે, પરંતુ આ ઋતુમાં માત્ર શરીરની જ નહીં, કપડાંની પણ ખાસ કાળજી લેવી જરૂરી છે. ભેજવાળા વાતાવરણમાં યોગ્ય કપડાંની પસંદગી ન કરવામાં આવે તો ફૅશન તો બગડે જ છે, સાથે ત્વચાની એલર્જી, દુર્ગંધ અને ઇન્ફેક્શન જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. ઑફિસ જતી મહિલાઓ હોય કે ઘર સંભાળતી ગૃહિણીઓ, વરસાદી દિવસોમાં કેટલીક સરળ બાબતોનું ધ્યાન રાખવાથી તમે સ્ટાઇલિશ પણ દેખાશો અને કમ્ફર્ટેબલ પણ રહેશો.

સૌથી પહેલાં કપડાંની પસંદગી પર ધ્યાન આપો. વરસાદી દિવસોમાં કૉટનનાં ભારે કપડાં કરતાં લાઇટવેઇટ ફૅબ્રિક જેમ કે રેયોન, પૉલિએસ્ટર બ્લેન્ડ, નાયલોન અથવા ડ્રાય-ફિટ મટિરિયલ વધુ અનુકૂળ રહે છે. આવાં કપડાં ઝડપથી સુકાઈ જાય છે અને લાંબા સમય સુધી ભીનાં રહેતાં નથી. ડેનિમ જીન્સ વરસાદમાં ટાળવા જોઈએ, કારણ કે તે ભીંજાયા પછી ભારે થઈ જાય છે અને સુકાતાં પણ ઘણો સમય લે છે. તેના બદલે લાઇટ ટ્રાઉઝર, કુલોટ્સ અથવા એન્કલ-લેન્થ પૅન્ટ વધુ સારો વિકલ્પ બની શકે છે. થ્રિ ફોર્થ લેન્થ કે પછી એન્કલ લેન્થ કપડાં પહેરવાં જેથી કપડાં નીચેથી ભીનાં અને ગંદાં ન થાય. સિન્થેટિક કપડાં પહેરવાનો આગ્રહ વધારે રાખવો. સિન્થેટિક કપડાં ભીનાં થાય તો પણ જલ્દીથી સુકાઈ જાય છે.

વરસાદી મોસમમાં કપડાંના રંગની પસંદગી પણ મહત્ત્વની છે. ઘેરા રંગો પર પાણીના ડાઘ ઓછા દેખાય છે. નેવી બ્લૂ, બ્લૅક, ઑલિવ ગ્રીન, મરૂન અથવા બ્રાઉન જેવા રંગો આ સિઝનમાં સ્ટાઇલિશ પણ લાગે છે અને વ્યવહારુ પણ સાબિત થાય છે. જો લાઇટ કલરનાં કપડાં પહેરશો તો કાદવ અને કીચડ લાગવાનો ભય તો રહે જ છે સાથે સાથે લાઇટ કપડાં ભીનાં થવાથી ઇનર વેર દેખાય છે અને સારું નથી લાગતું. ડાર્ક શેડનાં કપડાં પર કાદવ કીચડના ડાઘ પણ દેખાશે નહીં.

ઑફિસ જતાં હોવ તો બૅગમાં એક વધારાનું ટૉપ અથવા ટી-શર્ટ, નાનો ટુવાલ અને એક જોડી વધારાનાં મોજાં રાખવાની ટેવ પાડો. જો વરસાદમાં કપડાં ભીંજાઈ જાય તો તરત બદલી નાખવાં. આખો દિવસ ભીનાં કપડાંમાં રહેવું સ્વાસ્થ્ય માટે પણ નુકસાનકારક બની શકે છે.

ઘરે આવ્યા પછી ભીનાં કપડાંને ક્યારેય લાંબા સમય સુધી વૉશિંગ બાસ્કેટમાં ન મૂકો. ભેજના કારણે તેમાં ફૂગ અને દુર્ગંધ ઝડપથી આવી શકે છે. શક્ય હોય તો તરત ધોઈ લો અથવા હવામાં સુકાવા માટે લટકાવી દો. કપડાં સંપૂર્ણપણે સુકાઈ જાય પછી જ કબાટમાં ગોઠવો. જો કપડાંમાં ભેજ રહી જાય તો આખા વોર્ડરોબમાં દુર્ગંધ ફેલાઈ શકે છે.

વરસાદી મોસમમાં કપડાં ધોતી વખતે હળવા એન્ટી-બૅક્ટેરિયલ ડિટર્જન્ટનો ઉપયોગ કરવો ફાયદાકારક છે. અઠવાડિયામાં એકાદ વખત કપડાંને સૂર્યપ્રકાશ મળે તો વધુ સારું, પરંતુ જો સૂર્ય ન નીકળે તો સારી હવા આવતા રૂમમાં સૂકવો અથવા ફૅનની મદદ લો. કપડાં સંપૂર્ણ સુકાયા વગર ક્યારેય ઇસ્ત્રી ન કરો.

વોર્ડરોબની સંભાળ રાખવી પણ એટલી જ જરૂરી છે. કબાટમાં સિલિકા જેલ પાઉચ, નીમનાં સૂકાં પાન અથવા કેમ્ફર રાખવાથી ભેજ અને દુર્ગંધ ઓછી થાય છે. સમયાંતરે કબાટ ખોલીને હવા પસાર થવા દો જેથી ફૂગ ન લાગે.

વરસાદમાં ફૂટવેરની પસંદગી પણ કપડાં જેટલી જ મહત્ત્વની છે. ચામડાના શૂઝ કરતાં વૉટરપ્રૂફ સૅન્ડલ, રબર સોલવાળા શૂઝ અથવા ક્વિક-ડ્રાય ફૂટવેર વધુ યોગ્ય રહે છે. ઑફિસમાં પહોંચ્યા પછી જો શક્ય હોય તો સૂકા શૂઝ પહેરી લો. ભીનાં મોજાં લાંબા સમય સુધી પહેરવાથી ફંગલ ઇન્ફેક્શન થવાની શક્યતા વધી જાય છે.

આ મોસમમાં એક સ્ટાઇલિશ છત્રી અને ફોલ્ડેબલ રેઇનકોટ તમારી ફૅશનનો પણ ભાગ બની શકે છે. આજકાલ વિવિધ રંગો અને ડિઝાઇનમાં ઉપલબ્ધ રેઇનવેર તમારા લુકને વધુ આકર્ષક બનાવી શકે છે. સાથે જ વૉટરપ્રૂફ બૅગ અથવા બૅગ કવર રાખશો તો તમારા લૅપટૉપ, દસ્તાવેજો અને અન્ય જરૂરી વસ્તુઓ પણ સુરક્ષિત રહેશે.

યાદ રાખો, સાચી ફૅશન માત્ર સુંદર દેખાવાનું નામ નથી, પરંતુ આરામ, સ્વચ્છતા અને આત્મવિશ્વાસનું પણ પ્રતિબિંબ છે. વરસાદી દિવસોમાં થોડું આયોજન અને કપડાંની યોગ્ય કાળજી રાખશો તો તમે દરેક પરિસ્થિતિમાં સ્ટાઇલિશ, સ્વસ્થ અને આત્મવિશ્વાસથી ભરપૂર રહી શકશો. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# જીવતી મા



મા-બાપ બે વખત રડે છે, એક દીકરી ઘર છોડે - સાસરે જાય ત્યારે અને બીજું દીકરો તરછોડે ત્યારે...!

માતૃપ્રેમ વિશે આપણા ગુજરાતી લોકકવિઓએ ઘણું લખ્યું છે, કવિ ધરમશીએ કહ્યું છે,

'પહેલાં રે માતા...
પછી રે પિતા...
પછી લેવું પ્રભુનું નામ...
મારે નથી જાવું તીરથધામ...!'

- પણ હવે સમય અને સમાજ બંને બદલાયા છે. લોકોનાં વાણી, વર્તન અને જીવનશૈલી પર તેની વ્યાપક અસર થઈ છે અને તે ખાસ કરીને શહેરોમાં વસતાં કુટુંબો પર સ્પષ્ટ જોવા મળે છે.

- પરંતુ 'લાડકી' પૂર્તિના વ્હાલા વાચક સ્ત્રી-પુરુષો એક સનાતન સત્ય એ છે કે અહીં અમેરિકાનાં રાજ્યોમાં જ્યાં ખાસ કરીને ગુજરાતી ભાષી કુટુંબો વસે છે ત્યાં તેની અસર પાંચ ટકા જેટલી પણ પડી નથી. આપને વિદિત હશે કે હિન્દુ સમાજ ઉપરાંત મુસ્લિમ કોમમાં સંયુક્ત કુટુંબની ભાવના આજે પણ જળવાયેલી છે. અહીં એટલાંટા-જ્યોર્જિયામાં સિનિયર સીટીજનો માટે કોઈપણ જાતની ફી લીધા વગર લર્નિંગ રિસોર્ટ સેન્ટરો સ્થપાયાં છે. આગાખાન સાહેબને અનુસરનારા ઈસ્માઈલીઓનું આ ક્ષેત્રે યોગદાન મહત્ત્વનું રહ્યું છે.

- જે મા દીકરાને ગર્ભમાં રાખે છે તેને દીકરા ઘરમાં રાખવા માગતા નથી.

- કવિ ગુલાબદાન કહે છે,

* ગરીબ માની ઝૂંપડીમાં 'ગુલાબદાન' કોઈ દી સંકડાશ નહોતી થતી...

- આજે પણ પુત્રોના પાંચ બંગલામાં એક માવડી નથી સચવાતી...

- તો શરમ મરજાદ અને સંસ્કૃતિ ક્યાં ગઈ જે ગૌરવ આપણી ગણાતી...?

- આલીશાન બંગલામાં પોષાય આલ્સેશિયન...

- એક માવડી નથી પોષાતી...!

* બે સદી કરતાં પણ વધુ સમય જૂના અખબારમાં 'મુંબઈ સમાચાર'ની વરસો જૂની 'લાડકી પૂર્તિ'ના દેશ-વિદેશના વ્હાલા વાચક મિત્રો! અમારા પ્રાધ્યાપક મિત્ર કહેતા કે,

- આણંદના ગોટા અમદાવાદ સ્ટેશને ખાવા મળતા નથી. તેમ જુવાનીના સ્ટેશન પર ઘડપણનાં દુઃખોનો અંદાજ આવી શકતો નથી.

- પરંતુ દોઝખની પીડા આપણે અનુભવી નથી.

- પરંતુ દોઝખની ભયાનકતાથી બચવા આપણે નિયમિત ભગવાનની, અલ્લાહ, ઈશ્વર, ગૉડની ભક્તિ, ઈબાદત પ્રાર્થના કરીએ છીએ તેમ.

- ઘડપણની યાતનાનો ખ્યાલ ભલે આજે ન આવે, પણ તે દુઃખોની કલ્પના કરીને આપણે વદ્ધોના પ્રેમથી સાર-સંભાળ રાખવી જોઈએ.

- માર્ગ પરથી કોઈનું મૈયત જઈ રહ્યું હોય ત્યારે ઘણા રાહદારીઓ હાથ જોડીને વંદન કરે છે. તેઓ મરનારને ઓળખતા હોતા નથી પણ મૃત્યુની અદબ જાળવવા નમન કરતા હોય છે.

સંસારનો દરેક વૃદ્ધ આદરને પાત્ર હોય કે ના હોય, પણ....

- પણ વૃદ્ધાવસ્થા જરૂર આદર અને સહાનુભૂતિને પાત્ર છે.

- વૃદ્ધાવસ્થા એ જિંદગીનું અંતિમ જકાતનાકું છે.

- જીવનભરનાં તમામ કર્મોની ત્યાં ચુકવણી કરીને મનુષ્ય અનંતની યાત્રાએ ઊપડી જાય છે. એથી સંતાને મા-બાપની પૂરી કાળજી લેવી જોઈએ.

- આ લખનારના પતિ કહે છે,

- 'જ્યારે હું નાનો હતો અને આંખમાં આંસુ આવતાં ત્યારે મા યાદ આવતી. આજે મા યાદ આવે છે ત્યારે આંખમાં આંસુ આવે છે.

- સંતો કહે છે,

- નાનપણમાં આપણે ચાલી નહોતા શકતા ત્યારે મા-બાપ આપણી આંગળી ઝાલતાં. હવે તેઓ ચાલી નથી શકતાં ત્યારે આપણે તેમનો હાથ ઝાલવો જોઈએ.

બોધઃ-

* ઘરડાં મા-બાપને તીર્થ કરવા ન લઈ જાવ તો ચાલશે,

- તેમનો હાથ ઝાલીને જાજરુ સુધી દોરી જાઓ તો એમાં અડસઠ તીર્થનું પુણ્ય સમાઈ જાય છે.

* કહે છે,

- મા-બાપ બે વખત રડે છે.

- એક દીકરી સાસરે જાય છે ત્યારે... અને

- બીજું દીકરો તરછોડે ત્યારે, પણ

- માએ તો જિંદગીભર રડવાનું જ હોય છે.

* છોકરા નાના હોય અને જમે નહીં એટલે મા રડે છે.

- અને એ છોકરા મોટા થઈને જમાડે નહીં ત્યારે મા રડે છે.

- સંજોગની એ વિચિત્ર વિડંબણા છે કે જે બાળકને માએ બોલતાં શીખવ્યું હોય એ પછી તે દીકરો હોય કે દીકરી! મોટા થઈને માને ચૂપ રહેવાનું કહે છે. જોકે વ્યવહારુતા એમાં છે કે સંતાનો પૂછે નહીં ત્યાં સુધી તેમને કોઈ સલાહ ન આપવી. એમ કરવું એ ઘડપણની શોભા છે અને જરૂરિયાત પણ.


રીમઝીમઃ

* ભૂતકાળ ભૂલી જાવ. ભવિષ્યિની ચિંતા કરો.

* વર્તમાનમાં જ જીવો.

* તમારી સમક્ષ જે જવાબદારીઓ અદા કરવાની આવે તે તમારી ઉત્તમોત્તમ શક્તિ વાપરીને અદા કરો.

* પરિણામની કાળજી લેનાર ભગવાન, ઈશ્વર- અલ્લાહ, પ્રભુ- ગૉડ બેઠા જ છે.■




**એક નંબરનો મૂર્ખ છો. તને ખબર છે તારી મૂર્ખાઈ આખા પરિવારને ગધેડે ચડાવશે. દુનિયામાં બાયડીઓનો દુકાળ છે? એની સાથે લગ્ન કરવાની શી જરૂર હતી? હવે એવો કોઈ રસ્તો શોધ જેથી એ લોકો ભૂલી જાય કે તારાથી કોઈ છોકરી થઈ છે!**

સનતને લાગ્યું કે તે કોઈ મૂવી જોઈ રહ્યો છે. જેમાં રોમાંચક ફ્લેશ બેક ચાલી રહ્યો છે. યાદ કરતી હોય તેમ સોનલ બંધ બારણા સામે જોઈ રહી હતી. સનતથી રહેવાયું નહીં. તેણે ઉતાવળે પૂછી નાખ્યું પછી શું થયું?

કોટા કોઈ નાનું ગામડું નથી. વળી મારો જન્મ હોસ્પિટલમાં થયો હતો. નિયમ મુજબ બાળકના મા-બાપ બેયના નામ રજિસ્ટરમાં લખાવવાના હોય. મારા નાના મુંઝાયા. એ વખતે સેલ ફોન નહોતા કે વ્યક્તિગત સંપર્ક થઈ શકે. મુંઝાયેલા નાનાએ ન છુટકે અમારા ઘેર ફોન કર્યો. તે વખતે મારા પપ્પા ઘેર નહોતા. એક યોગાનુયોગ ગણો તે મારા પપ્પા અને દાદાના અવાજમાં ઘણું જ સામ્ય હતું. મારા નાનાએ ફોન કર્યો અને દાદાએ ઉપાડ્યો. અવાજને કારણે નાના થાપ ખાઈ ગયા. તેમણે સીધું જ કહ્યું, જમાઈરાજ વધાઈ હો. બાળકીને જન્મ આપ્યો છે. મા દીકરી બેય બરાબર છે. તમે જલ્દી પહોંચો. ખાણ પર જવાના બદલે સીધા અહીં આવો.

પહેલા તો મારા દાદાને લાગ્યું કે કોઈકથી રોંગ નંબર ડાયલ થઈ ગયો છે. પણ ખાણ શબ્દ સાંભળી એમના કાન ચમક્યા. એમનું માથું સણકવા લાગ્યું. પણ સામેથી કોણ બોલે છે તેની તેમને ખબર ન્હોતી. મારા દાદાનું સેન્સ ઓફ હ્યુમર હાઈ હતું. તેઓ પળવારમાં પામી ગયા કે પોતાના દીકરાએ કંઈક પરાક્રમ કર્યું છે. જો અત્યારે પોતે વધારે પૂછપરછ કરશે તો સામેવાળો ફોન મૂકી દેશે. મારા દાદાએ અવાજ પરખાઈ ન જાય તેનું ધ્યાન રાખીને કહ્યું હું અત્યારે એક જરૂરી કામમાં રોકાયેલો છું. એકાદ બે દિવસમાં જ આવી જઈશ. છોકરીનો જન્મ ક્યાં થયો છે? મારા નાનાને એય ખબર ન રહી કે, સામે મોહનલાલ નહીં પણ કોઈ બીજો જ માણસ બોલે છે. તેમણે કહી દીધું, માલિક કોટાની સરકારી હોસ્પિટલમાં છીએ.

દાદાજીએ પણ ઝીંકી દીધું, પૈસાની કોઈ ચિંતા કરતા નહીં. મા દીકરીને કોઈ તકલીફ પડવી ન જોઈએ.

નાના મૂળ વાત પર આવી ગયા. જમાઈરાજ હોસ્પિટલમાં બચ્ચીના નામની સાથે મા બાપનું નામ લખાવવાનું છે. ગંગાની મા કહે છે કે મોહનકુમાર આવે પછી વાત.

હવે મારા દાદા ચોંક્યા. તેમને મારા પપ્પાના સ્વભાવની તો ખબર હતી પણ પોતાના દીકરાએ કોઈક સાથે લગ્ન કરી લીધાં છે, એનાથી છોકરી પણ થઈ છે. અને પેલા માણસની એટલી હિંમત કે તેણે અહીં ફોન કર્યો છે. મારા દાદાનું વેપારી મગજ દોડવા લાગ્યું. પપ્પા પરણેલા હતા. જો પેલી સ્ત્રી અહીં આવીને ઊભી રહે તો શું કરવું? કમલા વિફરી બેસે તો?

કમલા કોણ?

મારા પપ્પાના પહેલા પત્નીનું નામ કમલા હતું. મેં એમને જોયા નહોતાં. સાંભળેલું કે તે અત્યંત ધાર્મિક અને ભયંકર જીદ્દી પણ હતાં. મારા દાદાને ફડક પેઠી કે જો કમલાને ખબર પડશે તો ઘરમાં તોફાન આવશે. મારા દાદા આ વાત સારી પેઠે જાણતા હતા. હવે તો વાજતું ગાજતું તોરણે આવ્યું હતું. પેલો ફોન પર વાત કરે છે તે છોકરીની પાછળ મોહનનું નામ લખાવવાની વાત કરે છે. એનો અર્થ એ થયો કે પોતાની સંપત્તિ પર અજાણ્યા લોકો પણ દાવો કરશે.

દાદાએ મનોમન કપાળ કૂટી લીધું. એમણે વિચાર્યું એ લોકો જો કોર્ટ કચેરીનો આશરો લેશે તો ઘર અને કારોબાર છાપે ચડશે. તેમણે પોતાના ધૂંધવાટને દબાવીને મારા નાનાને કહ્યું, ચિંતા ન કરો. તમે એક કામ કરો હમણાં કોઈ પણ નામ લખાવી નાખો પછી આપણે સુધરાવી લઈશું.

સામે મારો નાનો પણ ઓછી માયા નહોતો. એને ખબર હતી કે પોતાની દીકરીએ એક ભૂલ તો કરી. મારે બીજી ભૂલ નથી કરવી. દીકરી છતે ધણીએ રખાત જેવી હાલતમાં રહે છે. જો પોતાની દોહિત્રીની નામ પાછળ સગા બાપનું નામ નહીં આવે તો કદાચ કાલે મોહન હાથ ઊંચા કરી દે. પછી મારી દીકરી અને પેલી નાની છોકરી જે હજી છ દિવસનીય નથી. એની જિંદગીનું શું ? મને ખબર છે માણસનું મન અત્યંત જટીલ હોય છે. મારી મમ્મીએ જે કર્યું તે મજબૂરીમાં મારા નાનાએ સ્વીકારી તો લીધું. પણ તે પછી એ જ બાબતનો તેમણે ભરપૂર લાભ લીધો હતો. મારા નાનાએ પોતાની દીકરીની ભૂલને રીતસર વટાવી ખાધી હતી. મારા દાદાએ ગમે તે નામ લખાવી દેવાનું કહ્યું ત્યારે મારા નાનાની અંદરનો ગણતરીબાજ માણસ તરત સચેત થઈ ગયો, જમાઈરાજ તમે ગંગા સાથે લગ્ન કર્યા છે. ગંગાએ તમારી દીકરીને જન્મ આપ્યો છે. તમે એના કાયદેસરના બાપ છો તો બીજું નામ શા માટે લખાવવું. એ બચ્ચીના નામની પાછળ તો મોહનલાલ ઝવેરી જ લખાશે.

મારા દાદાની ધીરજ સરવા લાગી હતી. એટલું તો સાબિત થઈ જ ગયું હતું કે મારા દીકરાએ બીજાં લગ્ન કરેલાં જ છે. એનાથી એક છોકરી પણ થઈ છે. દાદાએ ધીમેથી કહ્યું, હું કાલે આવું છું. મારાથી વધારે વાત થાય તેમ નથી એમ કહીને પોતે જ ફોન મૂકી દીધો.

દાદાના ચિત્તમાં ધમાસાણ મચી ગયું. તે વખતે પપ્પા અમારા શો રૂમ પર હતા. દાદાની ધીરજ ન રહી. તે કમલા માને કહ્યા વગર ટેક્સી કરીને શો રૂમ પર પહોંચી ગયા. દાદાને શો રૂમ પર આવેલા જોઈ પપ્પાને જરા નવાઈ લાગી. સનત હીરાનો કારોબાર એક જુદા પ્રકારનો ધંધો છે. હીરાના વેપારી લોકોમાં એક ચોક્કસ જાતનું ડિસીપ્લીન પણ હોય છે. એ ડિસીપ્લીન દાદા સારી પેઠે જાણતા હતા. પોતાનો કે પપ્પાનો ચહેરો ચાડી ખાઈ જવો જોઈએ નહીં કે એમના વચ્ચે શી વાત થઈ છે. તેમણે વાત કરવાને બહાને પપ્પાને સ્વતંત્ર ચેમ્બરમાં બોલાવ્યા અને કોઈ જ ભૂમિકા બાંધ્યા વગર સીધું જ પૂછી નાખ્યું, તેં બીજાં લગ્ન ક્યારે કર્યા છે?

પપ્પા પળવારમાં સમજી ગયા કે દાદાને ખબર પડી ગઈ છે. તેમણે આંખો ઝુકાવી દીધી. મારા દાદાને જવાબ ન મળ્યો એટલે તેમણે સવાલ બદલ્યો, તને ખબર છે તેં કેવી મૂર્ખાઈ કરી છે? જા, જલ્દી કોટા પહોંચ અને પેલા લોકોનું મોં બંધ કર.

કોટાનું નામ સાંભળી મારા પપ્પાના મોં પરથી નૂર ઊડી ગયું. એમને એ સમજ પડતી નહોતી કે દાદા સુધી આટલી સચોટ માહિતિ કોણે પહોંચાડી? એમણે તરત પેંતરો બદલ્યો. હવે ખબર પડી જ ગઈ છે તો શા માટે માફી માગી ન લેવી. તે ખુરશી પરથી ઊભા થયા અને દાદાના પગ પકડી લીધા. ગમે તેમ પણ ખૂન આખરે પોતાના ખૂનનો જ પક્ષકાર બને. મારા દાદાએ મારા પપ્પાને ઉઠાડતાં કહ્યું, એક નંબરનો મૂર્ખ છો. તને ખબર છે તારી મૂર્ખાઈ આખા પરિવારને ગધેડે ચડાવશે. દુનિયામાં બાયડીઓનો દુકાળ છે? એની સાથે લગ્ન કરવાની શી જરૂર હતી? હવે એવો કોઈ રસ્તો શોધ જેથી એ લોકો ભૂલી જાય કે તારાથી કોઈ છોકરી થઈ છે.

છોકરી? ગંગાને છોકરી આવી છે? મારા પપ્પાનો અંદરનો ભાવ બહાર આવી ગયો.

મૂર્ખા એમા રાજી થવા જેવું શું છે? કોણ છે એ ગંગા અને કઈ જાતની છે? એનો બાપ શું કરે છે?

મારા પપ્પાએ દાદાને બધું જ કહી દીધું. દાદાનું ચાલ્યું હોત તો એ જ વખતે મારા પપ્પાને માર્યા હોત. પોતાના જ નોકર એવા સામાન્ય માણસની છોકરી સાથે પોતાના દીકરાએ લગ્ન કરી લીધાની વાત મારા દાદાને ખાઈ ગઈ. તેમણે પોતાનો ફેંસલો સુણાવી દીધો, આજ પછી તારા મોઢે એ સ્ત્રીનું નામ સંભળાવું ન જોઈએ. ભૂલી જા એને સોનલ મને નવાઈ લાગે છે કે એક તરફ તારા પપ્પા તારી મમ્મીને મુંબઈ લઈ જતાં ડરે છે. બીજી તરફ એ તારી મમ્મી વગર રહી શકતા નથી. તારા જન્મની વાત જાણી રાજી થાય છે. વળી તારી મમ્મી સિવાય પણ કોઈ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરે છે. મને આ વાતો સમજાતી નથી.

પોતાના કુટુંબની કથામાં ખોવાઈ ગયેલી સોનલની આંખોમાં ચમકારો આવ્યો. તેણે સ્મિત કર્યું. પછી કોઈ રહસ્ય કહેતી હોય તેમ બોલી, તમારી વાત સાચી છે. પણ આ દુનિયા અજીબ છે સનત. કોઈ માણસ આવું શા માટે કરે? મારા પપ્પા ડબલ પર્સનાલિટી ધરાવતા માણસ છે. મેં પહેલાં પણ કહ્યું કે સ્ત્રી મારા પપ્પાની નબળાઈ છે. આવા પુરુષો પાછળનો વિચાર કર્યા વગર ધસી જાય છે. તેઓ ભાવુકતાની ક્ષણોમાં કોઈ પણ નિર્ણય લઈ લે છે. પાછળથી પોતાની ભૂલો ઢાંકવા બીજી અનેક ભૂલો કરી નાખતા હોય છે. મારા પપ્પાએ એવું જ કર્યું છે. એ મારી મમ્મીને ચાહતા ન હોત તો કોઈ બીજો રસ્તો લીધો હોત. કદાચ મારી મમ્મીમાં કોઈ એવું તત્ત્વ હશે જે મારા પપ્પાને બાંધી રાખતું હશે. એટલે જ તેમણે મારી મમ્મીને મૂકી નહોતી દીધી. સનત કેટલાક પુરુષો એકસાથે ઘણી સ્ત્રીઓને એક સરખા ભાવથી ચાહી શકતા હોય છે. માનવમન ન સમજી શકાય તેવું છે.

હા, પછી તારા દાદાએ શું કર્યું? મતલબ એમણે તારા પપ્પાને શું કહ્યું?

દાદાએ તો ફેંસલો સંભળાવી જ દીધો હતો, પણ કોઈ અકળ કારણસર દીકરીના જન્મની વાત સાંભળીને મારા પપ્પાને જુદી જાતનો આનંદ થયો. તેમણે દાદાને જે વાત કરી તે સાંભળીને ઘડીભર દાદા પણ વિચારમાં પડી ગયા. સનત મારા પરિવારની એક અજીબો ગરીબ હકીકત છે. અમારા પરિવારમાં ચાર પેઢી પછી કોઈ દીકરી જન્મી હતી અને તે હું. મારા પપ્પાના દાદાથીય આગળ જે સંતાનો થયાં તે બધા છોકરા જ હતા. જાણે એ પરિવારમાં દીકરીઓએ જન્મવાનું જ માંડી વાળ્યું હતું. મારા બે ભાઈઓને ત્યાં પણ છોકરા જ છે. કદાચ પોતાની એક દીકરી હોવાની અદમ્ય ઇચ્છા મારા પપ્પાના મનમાં હશે. એટલે તેઓ રાજી થયા હશે. દાદા વિચારમાં પડી ગયા. વાત સાચી હતી. વર્ષો પછી પરિવારમાં છોકરી જન્મી હતી, પણ દુનિયાને ક્યાં ખબર હતી કે કોટાની હૉસ્પિટલમાં શ્વાસ લઈ રહેલી એ છોકરીની રગોમાં ઝવેરી પરિવારનું લોહી વહી રહ્યું છે. અને દુનિયાને જાણ થવા દેવામાં જ જોખમ હતું. મારા દાદા કોઈ જોખમ લેવા માગતા નહોતા. એમણે નિષ્ઠુર થઈને કહી દીધું, હું કેવી રીતે માનું કે એ તારું જ લોહી છે. એમ કોઈ છોકરીને ઝવેરી પરિવારની દીકરી બનાવીને ઘરમાં ન લવાય સમજ્યો. જલ્દી તારી ભૂલ સુધારી લે.

મારા પપ્પાએ કોઈ જ પ્રતિવાદ ન કર્યો. એમણે દાદાને કેટલુંય પૂછ્યું કે તમને જાણ કેવી રીતે થઈ. પણ મારા ચતુર દાદાએ કહ્યું નહીં કે, કોટાથી કોઈએ ફોન કર્યો હતો. પપ્પાએ દાદાને મોઢે કહ્યું નહીં પણ પણ તેમને અંદરથી રોમાંચ થતો હતો.

સનત એ દિવસે બીજી બે ઘટના બની. એ જ દિવસે વિદેશની એક કંપની સાથે ધંધાના કરાર થયા જેમાં લાખોનો નફો હતો. બીજું સાંતાક્રુઝની અમારી એક દુકાનનો કેસ આઠ વર્ષથી અદાલતમાં ચાલતો હતો. એ જ દિવસે દાદાની તરફેણમાં ચુકાદો આવ્યો. એ દુકાન અમને સોંપવાનો કોર્ટે હુકમ કર્યો. બેય ઘટનાઓ અમારા પરિવાર માટે ફાયદાકારક હતી. પપ્પાએ મનોમન માની લીધું કે જે કંઈ થયું છે તે મારા જન્મને કારણે થયું છે. પપ્પા મારું મોં જોવા ઉતાવળા થઈ ગયા હતા. જોકે હજી એ ખબર નહોતી કે દાદાને ખબર કઈ રીતે પડી.

એક તરફ મારા દાદા પોતાની ગણતરીઓમાં પડી ગયા હતા. એમને ભય હતો કે જો પેલી સ્ત્રી કોર્ટમાં દાવો માંડશે તો શું થશે? તો બીજી તરફ મારા નાનાને એ ચિંતા હતી કે જો મુંબઈથી કોઈ નહીં આવે તો શું થશે?

એ બધામાં નચિંત હોય તો મારી મા હતી. જેને ધરપત હતી કે મારી દીકરીનો બાપ જરૂર આવશે.

એ જ રાતે એક પ્લેન મુંબઈથી ઊડ્યું.(ક્રમશઃ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મેન્ગ્રોવ્ઝ કાપવા મુદ્દે હાઈ કોર્ટ લાલઘૂમઃ સરકારની કાઢી ઝાટકણી

## હાઈ કોર્ટની ટકોરઃ 'આમ જ ચાલશે તો ભવિષ્યમાં શ્વાસ લેવા માટે ઓક્સિજન સિલિન્ડર સાથે લઈને ફરવું પડશે'

મુંબઈઃ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૮૪૭ મેન્ગ્રોવ્ઝ કાપવાની પરવાનગી માગતી અરજી પર બોમ્બે હાઈ કોર્ટે આકરી પ્રતિક્રિયા આપી છે. કોર્ટે વૃક્ષારોપણ કર્યા પછી તેની જાળવણી ન કરવા બદલ સરકારને ફટકાર લગાવી હતી અને ચેતવણી આપી હતી કે જો આ જ રીતે હરિયાળીનો વિનાશ ચાલુ રહેશે, તો નજીકના ભવિષ્યમાં નાગરિકોએ શ્વાસ લેવા માટે ઓક્સિજન સિલિન્ડર પર નિર્ભર રહેવું પડશે.

બોમ્બે હાઇ કોર્ટે મુંબઈ શહેરમાં મેન્ગ્રોવ્ઝ વન વિસ્તારમાં સતત થઈ રહેલા ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરતા ટિપ્પણી કરી હતી કે જો આ જ રીતે હરિયાળીમાં ઘટાડો થતો રહેશે તો નજીકના ભવિષ્યમાં લોકોને 'શ્વાસ લેવા માટે ઓક્સિજનના સિલિન્ડર'ને સાથે રાખીને ચાલવું પડશે. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને જસ્ટિસ ગૌતમ અખંડની બેન્ચે આ ટિપ્પણી મહારાષ્ટ્ર રાજ્ય ઇલેકટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની લિમિટેડ (એમએસઈટીએલ)ની એક અરજી પર સુનવાણી દરમિયાન કરી હતી.

કંપનીએ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે પાલઘર જિલ્લામાં દહાણુથી અંબેસારી સુધી ૧૩૨ કેવીની ટ્રાન્સમિશન લાઈન નાખવા માટે કંપનીએ ૮૪૭ મેન્ગ્રોવ્ઝના વૃક્ષો કાપવાની પરવાનગી માગી હતી. બેન્ચે નોંધ્યું હતું કે મુખ્ય ચિંતા મેન્ગ્રોવ્ઝના વૃક્ષો કાપવાની નથી, પરંતુ તેના બદલે વાવવામાં આવેલા રોપાઓનું અસ્તિત્વ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનું છે.

કોર્ટે કહ્યું કે "સૌથી મોટી સમસ્યા એ છે કે તમે ફરીથી વૃક્ષારોપણ કરતા નથી. તમે વાવેલા રોપાઓ સુકાઈને મરવા લાગે છે. તમે માત્ર એ દર્શાવવા માટે તસવીરો લો છો કે તમે કંઈક વાવ્યું છે. વૃક્ષારોપણ કર્યા પછી તે છોડવાઓ જીવિત રહ્યા છે કે નહીં તે તપાસવાની પણ તમે તસ્દી લેતા નથી." બેન્ચે અસરગ્રસ્ત વિસ્તારની બહાર વળતરરૂપે વૃક્ષારોપણ કરવાના પ્રસ્તાવ પર પણ સવાલ ઉઠાવ્યો અને જણાવ્યું હતું કે, જ્યાં પહેલેથી જ ગીચ જંગલ હોય તેવા સ્થળે વૃક્ષો વાવી શકાતા નથી.

રાજ્ય સરકાર વતી હાજર રહેલા એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ જણાવ્યું હતું કે, બીજી જગ્યાએ વૃક્ષારોપણ કરવાને બદલે સરકાર તે જ વિસ્તારમાં ક્ષતિગ્રસ્ત વન-ભૂમિની ઓળખ કરશે અને ત્યાં વૃક્ષારોપણ હાથ ધરશે.

# સરકાર કે મુખ્ય પ્રધાનની ટીકા 'રાષ્ટ્રદ્રોહ' નથી

## કોર્ટે એનસીપી (એસપી)ના પદાધિકારીને જામીન આપ્યા

પુણેઃ સરકાર કે મુખ્ય પ્રધાનની ટીકા કરવી એ 'રાષ્ટ્રદ્રોહ' ગણી શકાય નહીં, એમ જણાવતાં પુણેની એક કોર્ટે એનસીપી (એસપી)ના પદાધિકારીને જામીન આપ્યા હતા.

એડિશનલ સેશન્સ જજ બી. ડી. કુલકર્ણીએ મંગળવારે એનસીપી (એસપી)ના પદાધિકારી મહાદેવ બાલગુડેની જામીન અરજી મંજૂર કરતી વખતે જણાવ્યું હતું કે દરેક નાગરિકને સરકારનાં કાર્યો પર ટિપ્પણી કરવાનો તેની પ્રશંસા કરવાનો અને તેની ટીકા કરવાનો અધિકાર છે.

શરદ પવારની એનસીપીના સોશિયલ મીડિયા વિંગના બાલગુડેની એપ્રિલમાં ધરપકડ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પ્લૅટફોર્મ પર મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની મોર્ફ કરેલી તસવીરો અને નક્સલવાદીઓ પ્રત્યે કથિત સહાનુભૂતિ દર્શાવતી સામગ્રી પોસ્ટ કરવાનો તેમના પર આરોપ હતો.

અન્ય કલમોની સાથે બાલગુડે સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૫૨ લગાવવામાં આવી હતી, જે ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને ઇરાદાપૂર્વક જોખમમાં મૂકવા સંબંધી છે.

કોર્ટે નોંધ્યું હતું કે કેસ પેપર્સ દર્શાવે છે કે અરજદારે અમુક કેસોમાં તપાસ પ્રક્રિયા અને સરકારી યોજનાઓની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા, જે જાહેર ચર્ચાના દાયરામાં આવે છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે રેકોર્ડ પર એવું કંઈ નથી, જે દર્શાવે કે આરોપીએ રાજ્ય વિરુદ્ધ યુદ્ધ છેડવાની જાહેરાત કરી હોય કે તે માટે ઉશ્કેરણી કરી હોય. ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકે તેવું કોઈ કૃત્ય કર્યું હોવાનું જણાતું નથી.

એસી લોકલના મુસાફરો માટે મોટા સમાચાર

# મધ્ય રેલવેએ નિયમોમાં કર્યો મોટો ફેરફાર

મુંબઈઃ મુંબઈ એસી લોકલ ટ્રેનમાં કૂલિંગ સિસ્ટમ બગડવાની ઘટના બાદ સેન્ટ્રલ રેલવેએ નવા નિયમો બનાવ્યા છે. ટિટવાલા-સીએસએમટી એસી લોકલ ટ્રેનમાં એસીમાં ખામી સર્જાવવાને કારણે ત્રણ મુસાફરો બીમાર પડવાની ઘટના બાદ સેન્ટ્રલ રેલવેએ એક નવો ઓપરેશન નિયમ અમલમાં મૂક્યો છે. નવા પ્રોટોકોલ મુજબ જો મુસાફરી દરમિયાન એસી લોકલની કૂલિંગ સિસ્ટમમાં ખામી સર્જાશે તો લોકલ ટ્રેનને આગામી સ્ટેશન પર રોકી દેવામાં આવશે. તમામ મુસાફરોને ટ્રેનમાંથી ઉતારી દેવામાં આવશે, તે રેકને તાત્કાલિક સેવામાંથી હટાવી લેવામાં આવશે અને માત્ર તપાસ બાદ જ તેને ફરીથી સેવામાં મૂકવામાં આવશે.

સેન્ટ્રલ રેલવેના સીપીઆરઓ ડો. સ્વપ્નિલ નિલાએ જણાવ્યું હતું કે સોમવારે બનેલી ઘટના અંગે વિગતવાર તપાસ ચાલી રહી છે. ટ્રેન ચાલુ હોવા દરમિયાન ભારે ભીડને કારણે ટ્રેન ટ્રેક્શન સુપરવાઇઝર અસરગ્રસ્ત કોચ સુધી પહોંચી શક્યા નહોતા, પરિણામે ઓનબોર્ડ (રસ્તામાં) તકનીકી તપાસ થઈ શકી નહોતી. રેલવે અધિકારીના દાવા અનુસાર જ્યારે રેક કારશેડમાંથી નીકળી ત્યારે તેમાં કોઈ ટેક્નિકલ ખામી નહોતી અને એસી સિસ્ટમની સમસ્યા મુસાફરી વખતે ઊભી થઈ હતી.

આ ઘટના સોમવારે સવારે ૮.૩૩ વાગ્યે ઊપડનારી ટિટવાલા-સીએસએમટી એસી લોકલ ટ્રેનની છે. રેલવેના જણાવ્યા અનુસાર દિવા સ્ટેશન પસાર કર્યા બાદ ટ્રેનની એસી સિસ્ટમ બંધ થઈ ગઈ હતી. આમ છતાં ટ્રેન લગભગ ૧૫થી ૧૬ મિનિટ સુધી ચાલુ રહી હતી અને ત્યારબાદ મુલુંડ સ્ટેશન પહોંચી હતી. પીકઅવર્સને કારણે લોકલ ટ્રેનના કોચમાં ભારે ભીડ હતી. એર કન્ડિશનિંગ કામ કરતું નહીં હોવાથી પ્રવાસીઓને ગૂંગળામણ (સફોકેશન) થવા લાગ્યું હતું અને તેમાંથી ત્રણ પ્રવાસીઓ બીમાર પડ્યા હતા.

# પ્રેસ કલબની ચૂંટણીમાં લોલેલોલથી હાઇ કોર્ટ નારાજ, સ્વતંત્ર નિરીક્ષક નિમ્યો

## સત્તાધારી પક્ષને ફટકો, ચૂંટણી અઠવાડિયું ઠેલાઇ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મુંબઈની પ્રેસ કલબની ચૂંટણીમાં ચાલી રહેલા મનમાની અને ગેરકાયદે કારભારની ગંભીર નોધ લેતાં આ ચૂંટણીને અદાલતી નિરિક્ષણ હેઠળ યોજવાનો આદેશ આપતા નિરિક્ષક નિયુક્ત કર્યા છે. આ નિર્ણયને વર્તમાન મેનેજમેન્ટ કમિટીની કામગીરી પ્રત્યે કોર્ટની તીવ્ર નારાજગીના સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે.

કોર્ટે ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે એડવોકેટ માઈકલ બહલને સ્વતંત્ર નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. કોર્ટે પ્રેસ કલબને મતદાનના દિવસે તેમની સેવાઓ માટે માનદ વેતન તરીકે ₹૪૫,૦૦૦ ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.વધુમાં, કોર્ટે નિર્દેશ આપ્યો કે નિર્ધારિત ચૂંટણી એક અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવે અને ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ યોજવામાં આવે.પ્રેસ કલબના સભ્યો અનિલ કે. સિંહ, મધુ નૈનન અને ઓ. પી. તિવારીએ દાખલ કરેલી અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. રિટર્નિંગ ઓફિસર કીર્તિ પરાડે તેમના નામાંકન પત્રોને એ કારણથી ફગાવી દીધા હતા કે તેમની સહીઓ મેળ ખાતી નથી. અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે આ કારણ વ્યર્થ અને અન્યાયી હતું.અરજીમાં બીજો ગંભીર વાંધો એ હતો કે કીર્તિ પરાડેના પતિ શશાંક પરાડે હાલની મેનેજમેન્ટ કમિટીના સભ્ય છે અને ચૂંટણીમાં ખજાનચી પદ માટે ઉમેદવાર હતા. હિતોના સંઘર્ષ છતાં, કીર્તિ પરાડે અરજીઓની ચકાસણીની પ્રક્રિયામાંથી પોતાને દૂર રાખ્યા ન હતા. તેનાથી વિપરીત, અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે તેમના હરીફ ઓ. પી. તિવારીની અરજી નામંજૂર કરવામાં આવી હતી અને શશાંક પરાડેને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

થાણેમાં હોર્ડિંગ તૂટી પડ્યું

# ઍડ એજન્સી, સ્ટ્રક્ચરલ એન્જિનિયર વિરુદ્ધ ગુનો દાખલ

થાણેઃ થાણેમાં હોર્ડિંગ તૂટી પડવાની ઘટના બાદ પોલીસે એડવર્ટાઇઝિંગ એજન્સી અને સ્ટ્રક્ચરલ એન્જિનિયર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને (ટીએમસી) ૬ જુલાઇને રોજ બનેલી ઘટનાને ધ્યાનમાં રાખી હોર્ડિંગ લગાવવા માટે એડવર્ટાઇઝિંગ એજન્સીને આપવામાં આવેલી પરવાનગી રદ કરી હતી.

થાણેમાં વર્તકનગરના સુભાષનગર વિસ્તારમાં રોડ ડિવાઇડર પર બાંધવામાં આવેલું અધિકૃત કેન્ટિલીવર પ્રકારનું જાહેરાતનું હોર્ડિંગ તૂટી પડ્યું હતું. આ ઘટનામાં કોઇને પણ ઇજા થઇ નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સલામતીમાં ત્રૂટિને ગંભીરતાથી લઇ થાણે પાલિકાએ ઉપરોક્ત હોર્ડિંગ માટેની પરવાનગી રદ કરી હતી. આ પ્રકરણે એડવર્ટાઇઝિંગ એજન્સી અને સ્ટ્રક્ચરલ એન્જિનિયર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

શહેરના વિવિધ જંકશન વિકસાવવા માટે થાણે પાલિકાની બ્યુટિફિકેશન યોજના હેઠળ એજન્સીને જંકશન પર માળખું ઊભું કરવાની પરવાનગી આપવામાં આવી હતી. કંપનીએ ૬ જૂને ઑડિટ બાદ સ્ટ્રક્ચરલ એન્જિનિયર દ્વારા જારી કરાયેલું સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યું હતું.

માન્ય સ્ટેબિલિટી સર્ટિફિકેટ હોવા છતાં હોર્ડિંગ તૂટી પડ્યા બાદ આ મામલે વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના બાદ પાલિકા દ્વારા થાણેમાં તમામ અધિકૃત હોર્ડિંગ્સનું નિરીક્ષણ કરવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી, જેમાં બે સ્થળે હોર્ડિંગ જોખમી સ્થિતિમાં હોવાનું જાણવા મળ્યું હતું, જેને કારણે તેમને તાત્કાલિક હટાવવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

# જુહુ બીચ પર ૧૦ દિવસમાં ૧,૮૦૦ મેટ્રિક ટન કચરો જમા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુશળધાર વરસાદ અને તેને કારણે દરિયામાં વહી ગયેલો તેમ જ ભરતીના મોજાંની સાથે ફરી કિનારા પર આવનારા કચરાને ભેગો કરવા અને તેનો નિકાલ કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ જુહુ દરિયા કિનારા પર સ્વચ્છતા ઝુંબેશ વધુ તીવ્ર બનાવી છે, જેમાં છેલ્લા ૧૦ દિવસમાં બીચ પરથી લગભગ ૧,૮૦૦ મેટ્રિક ટન કચરો ઉપાડીને તેનો નિકાલ કરવામાં આવ્યો છે.

મુંબઈગરાની સાથે જ પર્યટકોમાં જુહુનો બીચ બહુ પ્રખ્યાત છે. દરરોજ મોટી સંખ્યામાં અહીં પર્યટકો ઉમટતા હોય છે. જોકે છેલ્લા થોડા દિવસ દરમ્યાન મુંબઈમાં રહેલા મુશળધાર વરસાદને પગલે વરસાદના પાણી સાથે મોટા પ્રમાણમાં કચરો દરિયામાં વહી ગયો હતો. પાલિકાના સ્યુએજ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા હાલ જુહુ બીચ પરથી દરરોજ લગભગ ૧૮૦ મેટ્રિક ટન કચરો હટાવવામાં આવી રહ્યો છે, જેમાં છેલ્લા ૧૦ દિવસમાં જ લગભગ ૧,૮૦૦ મેટ્રિક ટન કચરો હટાવીને તેનો સાયન્ટિફિકલી નિકાલ કરવામાં આવ્યો છે. લગગભગ સાત કિલોમીટર લાંબા જુહુ બીચ પર હાલ દરરોજ લગભગ ૩૫૦ મેટ્રિક ટન કચરો કિનારા પર વહીને આવે છે. દરરોજ લગભગ ૧૮૦ મેટ્રિક કચરો હટાવવામાં આવે છે. છેલ્લા ૧૦ દિવસમાં દરિયા કિનારા પાસેથી લગભગ ૧,૮૦૦ મેટ્રિક ટન કચરો હટાવીને તેનો સાયન્ટિફિકલી રીતે નિકાલ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે પાલિકા દ્વારા જુહુ બીચની સફાઈ માટે બે બીચ ક્લિનિંગ મશીન, બે બૉબકૅટસ્, ૧૦ ડમ્પર, એક જેસીબી બે શિફ્ટમાં સામાન્ય રીતે ૬૦ મેટ્રિક ટન કચરો જમા કરે છે પણ આ વર્ષે ચોમાસામાં કચરાના પ્રમાણમાં વધારો જોવા મળ્યો હતો. હંમેશાની યંત્રણા સાથે વધારાનું એક બીચ ક્લિનિંગ મશીન, બે બૉબકૅટ્સ, પાંચ ડમ્પર, એક જેસીબી, બે ટ્રેક્ટર ટ્રોલી, બે પોકલેન મશીન અને ૯૦ કર્મચારી બે શિફ્ટમાં તહેનાત કરાયા હતા.

# થાણેમાં ગેરકાયદે વસવાટ કરનારી બે બાંગ્લાદેશી મહિલાને બે વર્ષની કેદ

થાણેઃ ભારતમાં ગેરકાયદે પ્રવેશ મેળવ્યા પછી માન્ય દસ્તાવેજીકરણ વગર વસવાટ કરનારી બે બાંગ્લાદેશ મહિલાને થાણેની સેશન્સ કોર્ટે બે વર્ષની જેલની સજા સંભળાવી હતી.

એડિશનલ સેશન્સ જજ વી. જી. મોહિતેએ મંગળવારે આપેલા આદેશમાં બન્ને આરોપી શહનાઝ બિલાલ સદ્દાર (૪૩) અને હસિના જબ્બાર ખાન (૪૫)ને તેમની વિરુદ્ધના આરોપમાં કસૂરવાર ઠેરવી હતી.

નમ્રતાપૂર્વક દયાની અરજી કરતા બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે બન્ને મહિલા ગરીબ પરિવારમાંથી આવે છે, પરિણીત છે, તેમનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી અને બન્ને પોતપોતાના પરિવારમાં એકમાત્ર કમાનારી વ્યક્તિ છે.અરજીનો સ્વીકાર કરી કોર્ટે બન્ને મહિલાને ફોરેનર્સ ઍક્ટ અને પાસપોર્ટ ઍક્ટનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવી હતી. ત્રીજી ડિસેમ્બર, ૨૦૨૪ના ધરપકડ થઈ ત્યારથી બન્ને આરોપી જેલમાં હોવાથી એટલો સમયગાળો સજામાંથી બાકાત કરવાનું કોર્ટે જણાવ્યું હતું.

કોર્ટે બે વર્ષની કેદની સાથે બન્ને આરોપીને વ્યક્તિદીઠ ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

ફરિયાદ પક્ષ અનુસાર પોલીસની એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલની ટીમે ત્રીજી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મીરા રોડ પરિસરમાં રેઇડ કરી બન્ને મહિલાની ધરપકડ કરી હતી. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ ગેરકાયદેસર ભારતની સરહદ ઓળંગી હતી અને સહઆરોપીએ તેમને થાણેમાં રહેવાની સગવડ કરી આપી હતી. (પીટીઆઈ)

# કાંદિવલીમાં કમર્શિયલ દુકાનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી (પશ્ચિમ)માં ચારકોપર રોડ પર હિંદુસ્તાન નાકા પાસે કમર્શિયલ દુકાનમાં વહેલી સવારના આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ ચારકોપ રોડ પર પ્લોટ નંબર ૧૧૮માં લગભગ વહેલી સવારના પાંચ વાગ્યાની આસપાસ લગભગ ૫,૦૦૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં રહેલા બાંધકામમાં આગ ફાટી નીકળી હતી. આગ ઈલેક્ટ્રિક વાયરિંગ અને ઈન્સ્ટોલેશન, ઈલેક્ટ્રિક વાયરિંગ વગેરેમાં લાગી હતી. અડધો કલાકમાં આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. જોકે આગમાં ઓફિસ ફર્નિચર, રેકોર્ડ, કમ્પ્યુટર, સ્ટોર કરેલો સામાન વગેરે બળી ગયો હતો. વરસાદના પાણીથી બચવા માટે લગાડવામાં આવેલા શેડ તાડપત્રી, બાંબુનું બાંધકામ વગેરે પણ બળી ગયા હતા. સવારના ૮.૩૫ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

# ટિટવાલામાં બ્રેક ફેઈલ થતા બસ દુકાનમાં ઘૂસી ગઈ

થાણેઃથાણે જિલ્લાના ટિટવાલામાં એક ખાનગી બસની બ્રેક ફેઈલ થઈ જતા ડ્રાઈવરે બસ પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું અને બસ સીધી એક દુકાનમાં ઘૂસી ગઈ હતી. સદ્નસીબે આ ઍક્સિડન્ટમાં કોઈ જખમી થયું નહોતું. સ્થાનિક પ્રશાસનના જણાવ્યા મુજબ મંગળવારે ટિટવાલામાં આ બનાવ બન્યો હતો, જેમાં બસ આનંદ દિઘે માર્ગ પર દોડી રહી હતી ત્યારે તેની બ્રેક ફેઈલ થતા ડ્રાઈવરે બસ પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું અને તે રસ્તાની એક તરફ રહેલા શુભમ ડાઈગ્નોસ્ટિ સેન્ટરમાં ઘૂસી ગઈ હતી. સદ્નસીબે તે સમયે દુકાનમાં કોઈ હાજર ન હોવાથી કોઈ જખમી થયું નહોતું પણ દુકાનને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. પોલીસે આ કેસમાં તપાસ હાથ ધરી હતી.

# બેસ્ટની બસની સેન્ચ્યુરી



મુંબઈગરાની બીજી લાઈફલાઈન ગણાતી બેસ્ટની પહેલી બસ મુંબઈના રસ્તા પર દોડવાને બુધવારે ૧૦૦ વર્ષ પૂરા થયાં હતાં. બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની ટ્રામ કાલબાહ્ય થઈ ગઈ હતી પણ તેની બસો આજે ૧૦૦ વર્ષ બાદ પણ રસ્તા અડીખમ રહીને દોડી રહી છે. મુંબઈના રસ્તા પર પહેલી બસ ૧૫ જુલાઈ ૧૯૨૬માં કોલાબાના અફઘાન ચર્ચથી ક્રાફર્ડ માર્કેટ વચ્ચે દોડી હતી. પહેલા વર્ષમાં ૨૪ બસમાં છ લાખ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો. ત્યારબાદ વર્ષો સુધી બસમાં પ્રવાસ કરનારા મુંબઈગરાની સંખ્યા સતત વધતી ગઈ હતી અને એક સમયે બસમાં ૪૫ લાખથી પણ વધુ લોકો પ્રવાસ કરતા હતા. આજે આ સંખ્યા ઘટીને લગભગ ૨૮ લાખ પર આવી ગઈ છે. બેસ્ટ ઉપક્રમનો સવાસો વર્ષનો ઈતિહાસ છે, જેમાં દેશને આઝાદી મળવાના સાત દિવસ પહેલા એટલે કે સાત ઑગસ્ટ, ૧૯૪૭માં મુંબઈ મહાનગરપાલિકાએ ૯,૮૬,૫૮,૭૬૫ રૂપિયામાં બેસ્ટ ઉપક્રમને ખરીદી લીધી હતી.

મુંબઈગરા સંભાળજો

# મલેરિયા, ડેન્ગ્યૂ અને લેપ્ટોના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા એક અઠવાડિયાથી વરસાદે મુંબઈમાં બ્રેક લીધો છે પણ જુલાઈના પહેલાં અઠવાડિયામાં વરસી ગયેલા મુશળધાર વરસાદને પગલે મુંબઈમાં લેપ્ટોસ્પાયરોસિસની સાથે જ મચ્છરોને કારણે થતા મલેરિયા અને ડેન્ગ્યૂના કેસમાં મોટો વધારો નોંધાયો છે. મુંબઈમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મલેરિયા, ડેન્ગ્યૂની સાથે જ લેપ્ટોના કેસમાં વધારો જણાયો છે. પાલિકાના આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ ગયા વર્ષે જાન્યુઆરીથી ૧૪ જુલાઈ સુધીમાં મલેરિયાના ૩,૧૧૫ કેસ નોંધાયા હતા, તેની સામે આ વર્ષે આ સમયગાળામાં મલેરિયાના ૩,૮૬૧ કેસ નોંધાયા છે. ડેન્ગ્યૂના ગયા વર્ષે જાન્યુઆરીથી ૧૪ જુલાઈ સુધીમાં ૭૩૪ કેસ સામે આ વર્ષે આ સમયગાળામાં તેના ૯૩૮ કેસ નોંધાયા છે. લેપ્ટોના ગયા વર્ષે ૧૩૬ કેસ સામે આ વર્ષે ૧૫૭ કેસ નોંધાયા છે. સ્વ

સ્વાઈનફ્લુના ગયા વર્ષે ૪૨ કેસ સામે આ વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ૧૧૩ કેસ નોંધાયા છે. જોકે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ગૅસ્ટ્રો અને ચિકનગુનિયાના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે.

પાલિકાના જણાવ્યા મુજબ પાણીજન્ય બીમારી તથા મચ્છરોના કરડવાથી થતા મલેરિયા અને ડેન્ગ્યૂને રોકવા માટે જૂન અને જુલાઈ મહિનામાં સ્પેશિયલ કન્સ્ટ્રકશન ડ્રાઈવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જેમાં કુલ ૩,૦૦૦ કન્સ્ટ્રકશન સાઈટની તપાસ કરીને ૫૪,૭૬૩ મજૂરના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા, જેમાંથી ૩૭ મજૂરને મરેલિયા થયો હોવાનું જણાઈ આવ્યું હતું.

પહેલી જૂન ૨૦૨૬થી ૧૪ જુલાઈ ૨૦૨૬ સુધીના સમયગાળામાં સર્વેક્ષણ કરવામાં આવેલા ઘરની સંખ્યા ૧૦,૬૯,૪૧૩, સર્વેક્ષણ કરવામાં આવેલી લોકસંખ્યા ૩૬,૮૧,૬૮૩, ભેગા કરવામાં આવેલા લોહીના નમૂના ૧,૦૦,૪૭૨ હતા. આ દરમ્યાન મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૯૬ હેલ્થ કેમ્પ યોજવામાં આવ્યા હતા.

# જોગેશ્વરીમાં પથ્થર ફટકાર્યા પછી પત્નીનું ગળું ચીર્યુંઃ પતિની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કામ માટે અમરાવતીથી મુંબઈ આવેલા દંપતી વચ્ચે વિવાદ થતાં પતિએ પત્નીની કરપીણ હત્યા કરી હોવાની ઘટના જોગેશ્વરીમાં બની હતી. પથ્થર ફટકાર્યા બાદ છરીથી પત્નીનું ગળું ચીરી ફરાર થઈ ગયેલા પતિને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યો હતો.

ઓશિવરા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ધીરજ કલેક્ટર પવાર (૩૫) તરીકે થઈ હતી. પત્ની ઝુમરી પવાર(૩૦)ની હત્યાના આરોપસર ધરપકડ કરાયેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

અમરાવતીનું પવાર દંપતી ત્રણ સંતાન સાથે સમયાંતરે મુંબઈમાં રોજગાર માટે આવતું. દંપતી વચ્ચે છેલ્લા અમુક સમયથી ઘરેલુ વિવાદ હતો.

પોલીસના જણાવ્યા મુજબ સોમવારે પવાર દંપતી સંતાનો સાથે મુંબઈ આવ્યું હતું. જોગેશ્વરી પશ્ચિમમાં આદર્શ નગર ઝૂંપડપટ્ટીમાં સાંજે સાડાસાત વાગ્યાની આસપાસ દંપતી વચ્ચે નજીવી બાબતને લઈ ઝઘડો થયો હતો. ગુસ્સામાં પવારે રસ્તા પરથી પથ્થર ઊંચકી પત્નીને માર્યો હતો. પછી છરીથી ગળું ચીરી પત્નીની હત્યા કરી હતી.

લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડેલી પત્નીને છોડી આરોપી ફરાર થઈ ગયો હતો. રાહદારીએ ઝુમરીને લોહીના ખાબોચિયામાં પડેલી જોઈ પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ઓશિવરા પોલીસ મહિલાને ટ્રોમા કૅર સેન્ટરમાં લઈ ગઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

આ પ્રકરણે ઓશિવરા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધ હાથ ધરી હતી. પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ તપાસમાં લાગી ત્યારે આરોપી બેહરામબાગમાં નજરે પડ્યો હોવાની માહિતી મળી હતી.

# માર્ગ અકસ્માતમાં મંગેતરનું મૃત્યુ થયા બાદ યુવતીએ કરી આત્મહત્યા

થાણેઃ થાણે જિલ્લાના ડોંબિલલીમાં માર્ગ અકસ્માતમાં પોતાના મંગેતરને ગુમાવવાનું દુઃખ સહન ન કરી શકનારી ૧૮ વર્ષની યુવતીએ આત્મહત્યા કરી હતી.

ડોંબિવલીના સોનારપાડા વિસ્તારમાં રહેતી યુવતીએ સોમવારે રાતે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાધો હતો.

માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે યુવતીની સગાઇ આ જ વિસ્તારમાં રહેતા યુવક સાથે થઇ હતી અને યુવકનું ૨૮ જૂને માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

પોતાના મંગેતરને ગુમાવવાનું દુઃખ સહન ન થતાં યુવતીએ સોમવારે રાતે અંતિમ પગલું ભર્યું હતું. દરમિયાન બનાવની જાણ થતાં માનપાડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો, જ્યાં યુવતી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી.

યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

# માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકના કુટુંબને ૨૫.૭૧ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) સાત વર્ષ અગાઉ ટેન્કર નીચે કચડાઇ મૃત્યુ પામેલા ૨૮ વર્ષના યુવકના કુટુંબને ૨૫.૭૧ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ટ્રિબ્યુનલે મંગળવારે આપેલા પોતાના આદેશમાં કેસની યોગ્ય તપાસ કરવામાં નિષ્ફળ રહેવા બદલ પોલીસની ઝાટકણી કાઢી હતી અને એવું નોંધ્યું હતું કે અકસ્માતમાં સામેલ વાહનના બોનટ પર 'મહારાષ્ટ્ર સરકાર' લખ્યું હતું.

ટ્રિબ્યુનલના આદેશ અનુસાર ગણેશ ધુલા પાટીદાર ભિવંડી વિસ્તારમાં ચાનો સ્ટોલ ધરાવતો હતો. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ટેન્કરે અડફેટમાં લેતાં તે ઘવાયો હતો અને હોસ્પિટલમાં લઇ જતી વખતે તેનું મૃત્યુ થયું હતું. બાદમાં તેના પરિવારે વળતર માટે દાવો દાખલ કર્યો હતો. વીમા કંપનીએ દાવાનો વિરોધ કરતા દલીલ કરી હતી કે ગણેશ પાટીદાર માનસિક રીતે અક્ષમ હતો અને તેણે વાહન સામે આવીને આત્મહત્યા કરી હતી. જોકે ટ્રિબ્યુનલે વીમા કંપનીના દાવાને ફગાવી દીધો હતો. જજે જણાવ્યું હતું કે મૃતક ટેન્શનમાં હતો અને ટેન્શનમાં તેણે આત્મહત્યા કરી હોવાનો કોઇ પુરાવા રેકોર્ડ પર નથી.(પીટીઆઇ)

# થાણેમાં રજિસ્ટ્રાર વિરુદ્ધ લાંચ માગવા બદલ ગુનો

થાણેઃ પ્રસ્તાવિત ઇન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવની નોંધણી માટે ૧.૨૫ લાખ રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ થાણે ડેપ્યુટી રજિસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ સોસાયટીના ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદીએ પ્રસ્તાવિત યુનિટી ઇન્ડસ્ટ્રિયલ પાર્ક પ્રિમાઇસીસ કોઓપરેટિવ સોસાયટીની નોંધણી માટે ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી રજિસ્ટ્રાર ઓફિસનો સંપર્ક સાધ્યો હતો.થાણે એસીબીનાં ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ રૂપાલી પોળે જણાવ્યું હતું કે પ્રક્રિયા દરમિયાન આરોપી સુધાકર બળીરામ રાઠોડે ૧.૨૫ લાખ રૂપિયાની લાંચ માગી હતી, જેમાંથી તેના સિનિયર અધિકારી માટે એક લાખ રૂપિયા અને પોતાના માટે પચીસ હજાર રૂપિયા હતા.

# મીરા-ભાયંદરમાં કોલેજમાં આગ

થાણેઃ થાણે જિલ્લાના મીરા-ભાયંદરમાં આવેલી એક કોલેજના છઠ્ઠા માળ પર રહેલો ઓડિટોરિયમ અને બેટરી બેક-અપ રૂમમાં બુધવારે સવારના આગ ફાટી નીકળી હતી.

પાલિકાના ચીફ ફાયર ઓફિસર પ્રકાશ બોરડેના જણાવ્યા મુજબ મીરા-ભાયંદર ટાઉનશિપમાં આવેલી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં વહેલી સવારના છ વાગ્યાની આસપાસ આગનો બનાવ બન્યો હતો, જેમાં છઠ્ઠા માળા પર રહેલા ઓડિટોરિયમ અને બેટરી બેક-અપ રૂમમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે આઠ ફાયર એન્જિન અને ચાર વોટર ટેન્કર પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. લગભગ દોઢ કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. (પીટીઆઈ)

# બજારે ક્રૂડના ઉછાળાને છોડીને યુએસ ઇન્ફ્લેશન પર ધ્યાન આપ્યું, સેન્સેક્સ ૧30 પોઇન્ટ આગળ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હોર્મુઝ સ્ટ્રેઇટ બંધ થવાની શક્યતા વચ્ચે સપ્લાઇ ચેઇન ખોરવાઇ જવા સાથે આર્થિક મોરચે મોટી ઉપાધી થવાની સંભાવના છતાં અમેરિકાના ઇન્ફ્લેશન ડેટા અપેક્ષા કરતા નરમ આવવાથી બુધવારે સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટીવ ઝોનમાં ટકી રહેવામાં સફળ રહ્યા હતા. ફેડરલ રિઝર્વ આગામી મહિનાઓમાં ઓછી આક્રમક નાણાકીય નીતિ અપનાવી શકે તેવી અપેક્ષાઓને મજબૂત બનતા વિશ્વબજારમાં સુધારો હતો. જોકે, અમેરિકા અને ઇરાન વચ્ચેના લશ્કરી સંઘર્ષનો અંત વહેલો આવવાની શક્યતાઓ ધૂંધળી જણાતાં પાછલા સત્રમાં પ્રોફિટ બુકિંગ હેઠળ તીવ્ર વેચવાલીને કારણે સેન્સેક્સે ૪૬૦ પોઇન્ટનો સુધારો ગુમાવ્યો હતો. સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૫૯૧.૩૩ પોઇન્ટ અથવા ૦.૭૬ ટકા વધીને ૭૭,૬૪૬.૨૭ સુધી આગળ વધ્યા બાદ અંતે ૧૩૦.૪૯ પોઇન્ટ અથવા ૦.૧૭ ટકા વધીને ૭૭,૧૮૫.૪૩ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૬.૪૫ પોઇન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને ૨૪,૦૭૮.૫૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ઇટર્નલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, બજાજ ફાઇનાન્સ, ઇન્ટરગ્લોબ એવિએશન અને એશિયન પેઇન્ટ્સ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જ્યારે પાવર ગ્રીડ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા સ્ટીલ અને ઇન્ફોસિસ ટોપ લુઝર્સ શેરોમાં સામેલ હતા. ઈટર્નલ ૩.૦૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૭૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૫૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૪૯ ટકા, ઈન્ડિગો ૧.૦૯ ટકા, એશિયન પેઈન્ટ ૧.૦૯ ટકા અને ટેક મહિન્દ્ર ૧.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ગ્રીડ ૧.૭૩ ટકા, લાર્સન ૧.૬૯ ટકા, ટાટા સ્ટીલ ૧.૬૫ ટકા, ઈન્ફોસિસ ૧.૪૧ ટકા, એનટીપીસી ૧.૧૨ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૯૭ ટકા ઘટ્યા હતા.

નેશનલ સ્ટોક એક્સચેન્જ અને ઓગમોન્ટ એન્ટરપ્રાઇઝે ભારતના ઇલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ્સ (આઇજીઆર) ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એક વ્યૂહાત્મક સમજૂતી કરાર કર્યા છે. આ ભાગીદારીનો ઉદ્દેશ્ય ડિજિટલ ગોલ્ડ માલિકીને વેગ આપવા, પ્લેટફોર્મ પારદર્શિતા વધારવા અને નવા ફ્રન્ટ અને બેકઓફિસ વિક્રેતાઓને ઓનબોર્ડ કરીને પ્રોસેસિંગ કાર્યક્ષમતામાં સુધારો કરવાનો તેમ જ આઇજીઆર સર્જન, રિડેમ્પશન, લિક્વિડિટી જોગવાઈ, ડિલિવરી અને ભાવ શોધમાં ઓગમોન્ટની ક્ષમતાઓનો લાભ લઈને એક્સચેન્જ રેગ્યુલેટેડ સ્પોટ ગોલ્ડ માર્કેટને મજબૂત બનાવવાનો છે.

પ્રાઇમરી માર્કેટમાં ક્યુબ હાઇવેઝ ટ્રસ્ટ ઇન્વિટનો રૂ. ૫,૦૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઇન્વિટ માટે ફાળવણી ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ, એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ ૨૯ જુલાઈએ થશે. આ ૧૦૦ ટકા ઓએફએસ ઇશ્યુ માટે પ્રાઇસ બેન્ડ રૂ.૧૫૧થી રૂ. ૧૫૨ પ્રતિ શેર નક્કી થઇ છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરના વાર્ષિક ધોરણે ૨૯.૫ ટકાના વધારા સાથે રૂ. ૫,૩૩૨ કરોડનો સ્ટેન્ડઅલોન ચોખ્ખા નફો નોંધાવ્યો હતો. કુલ સ્ટેન્ડઅલોન આવક રૂ. ૩૧,૮૦૬ કરોડ, નેટ ઇન્ટરેસ્ટ માર્જિન ૨.૮૦ ટકા નોંધાઇ હતી. ■

## ચાંદીમાં ₹ ૨૬૪નો ઘટાડો, સોનામાં ₹ ૨૬નો સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકાના ફુગાવાના ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં બે ટકા જેટલો ઉછાળો આવ્યા બાદ આજે મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ વધતાં ક્રૂડતેલના ભાવ વધી આવતાં લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો નોંધાયો હતો. આમ વૈશ્વિક બજારના મિશ્ર અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે હાજરમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધવાથી ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬નો સાધારણ સુધારો આવ્યો હતો. તાજેતરમાં વૈશ્વિક સોના અને ચાંદીમાં બેતરફી વધઘટ જોવા મળી રહી હોવાથી રોકાણકારો અને અને વેપારીઓનો નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ જોવા મળી રહ્યો છે. આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬ના સાધારણ સુધારા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૪૧,૩૪૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૪૧,૯૦૮ના મથાળે રહ્યા હતા, પરંતુ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની નિરસ માગ વચ્ચે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૬૪ના ઘટાડા સાથે રૂ. ૨,૧૯,૭૧૧ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વધ્યા મથાળેથી ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૩૦.૫૦ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૪૦૩૬.૨૦ ડૉલર આસપાસ અને હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૫૭.૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ વધી આવતાં ફુગાવામાં વધારો થવાની ભીતિ સપાટી પર આવતા સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં અમેરિકામાં ફુગાવા પર વધુ અસર કરે તેવા ગેસોલિનના ભાવની વધઘટની સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓના ભાવ પર અસર જોવા મળે તેવી શક્યતા છે. ■

## ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં થયેલા વધારાની સાથે ક્રૂડતેલના ભાવ વધી આવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસાના ઘટાડા સાથે ૯૬.૨૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૧૬ના બંધ સામે સાધારણ સુધારાના અન્ડરટોને ૯૬.૧૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૯૫.૦૪ અને નીચામાં ૯૬.૩૫ સુધી ગબડ્યાં બાદ અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસા ઘટીને ૯૬.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકા દ્વારા ઇરાનની લશ્કરી છાવણીઓ પર હુમલા કરવામાં આવ્યા હતા, જેમાં સાત સૈનિક માર્યા ગયા હતા અને દેશભરમાં ૨૬૦ લોકો ઘાયલ થયા હતા. આમ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પર નિયંત્રણના મુદ્દે બન્ને દેશો નિર્ણાયક યુદ્ધ પર ઉતર્યા હોવાથી વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવતા રૂપિયામાં સુધારો અવરોધાઈ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે પશ્ચિમ એશિયાના વધેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં ૯૫.૮૦થી ૯૬.૫૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. ■


![BRIHANMUMBAI MAHANAGARPALIKA]

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)નો વિભાગ**
**નં. E.E.MECH/૧૧૬૩/REF/ તા. ૧૪.૦૭.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

વિષય: ત્રણ વર્ષની મુદત માટે B.Y.L. નાયર હોસ્પિટલ અને LTMG હોસ્પિટલ ખાતે AC યુનિટસની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી કોન્ટ્રાક્ટ.

| | |
|---|---|
| બીડ નંબર | GEM/૨૦૨૬/B/૭૭૮૬૬૮૮ |
| બીડ પ્રારંભ તારીખ & સમય | ૧૪.૦૭.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. |
| બીડ અંતિમ તારીખ & સમય | ૦૪.૦૮.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. |
| પ્રી - બીડ મીટિંગ | ૨૦.૦૭.૨૦૨૬ સાં. ૧૫.૦૦ ક. |
| વેબસાઈટ | http://gem.gov.in |
| સંપર્ક ઓફિસર નામ | શ્રી. એ. કે. જાંભોરે |
| મોબાઈલ નંબર | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈ-મેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
E.E.મિકે. (રેફ્રિજરેશન)

PRO/832/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વિભાગઃ- ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)**
**નં. E.E. મિકે./EI/૨૦૫૧/મેઈન્ટ તા. ૧૫.૦૭.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહા ટેન્ડર્સ)/ B.M.C. ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૩૧૭૪૭૯_૧ | ૩૬ મહિનાની મુદત માટે વિવિધ મ્યુનિસિપલ સ્કૂલ ખાતે સ્થિત એસ્કોન મેક લિફ્ટની ૨૨ નં.ની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૨ | ૨૦૨૬_MCGM_૧૩૧૭૪૮૪_૧ | F/સાઉથ વોર્ડમાં BMC પરેલ સ્કૂલ ખાતે સ્થિત લિફ્ટ (ગ્રાઉન્ડ + ૫મો માળ) M/s. એગ્રેસિવ મેક લિફ્ટની ૦૧ નં.ની રિપેરિંગ અને CSMC. |

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહા ટેન્ડર્સ) (http://mahatenders.gov.in) અને http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
E.E. મિકે. (EI) મેઈન્ટ

PRO/839/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલોની સૂચનાઓ હેઠળ અમે અહીં નીચે લખેલ **પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ મિલકત (**"મિલકત"**)માં નીલા હાઉસ, ૨જો માળ, M. L. દહાણુકર માર્ગ, મુંબઈ-૨૬ ખાતે રહેતા **શ્રી ચકોર લાલચંદ દોશી** (**"માલિક"**)ના માલિકી હક્ક, ટાઈટલ અને હિતની તપાસ કરી રહ્યા છીએ.

માલિકે અમારા અસીલને જણાવ્યું છે કે તેમના પ્રિડેસીસર ઈન ટાઈટલએ, ખરીદનારા તરીકે સુધીર બલિરામ મ્હાત્રે અને ચાર અન્યો તથા વિક્રેતાઓ તરીકે અન્નપૂર્ણા મહાદેવ મોરે અને છ અન્યો વચ્ચે બજાવાયેલ અ. ક્ર. નં. ALB/ ૧૧૨૧/૧૯૯૭ હેઠળ નોંધાયેલ, તા. ૧૧મી જૂન, ૧૯૯૭ના સેલ ડીડ/ ખરીદીખતની ફોટોકોપી ફર્નિસ કરેલ અને કે સદર સેલ ડીડ/ખરીદીખતની અસલ ક્યારે પણ માલિકને સુપ્રત કરેલ નથી.

કોઈપણ શખ્સ/સો જે મિલકત કે તેના કોઈપણ ભાગની અને/કે તા. ૧૧-૬-૧૯૯૭ના અસલ સેલ ડીડ/ખરીદીખતની બાબતમાં વેચાણ, અદલાબદલી, લીઝ, ગીરો, (ઈક્વીટેબલ કે બીજી રીતે) ભેટ, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, હિન્દુ અવિભત્ પરિવાર, નિભાવ, બીક્વેસ્ટ, કબજો, ઇઝમેન્ટ, સબ-લીઝ, એસાઈનમેન્ટ, ટેનાન્સી, લાયસન્સ, પ્લેજ, ગેરંટી, પારિવારિક વ્યવસ્થા, વિકાસ હક્ક, વિકાસ વહીવટ, કોલાબોરેશન કરાર, સંયુક્ત સાહસ, પાવર ઓફ એટર્ની, પાર્ટનરશીપ, લોન્સ, એડવાન્સીઝ, લીસ્પેન્ડન્સ, ઇંજંક્શન કે કોઈપણ અન્ય જપ્તી કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન, રાઈટઓફ પ્રીસ્ક્રીપ્શન કે પ્રી-એમ્પ્શન કે બીજી કોઈ રીતે કે પ્રકારે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે આપેલા સરનામે આ છપાયાની તા.થી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સ કે શખ્સોના કંઈપણ દાવો કે દાવા હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણવામાં આવશે.

**અહીં ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:**
**(*"સદર મિલકતનું વર્ણન"*)**

ગામ થલ, તા. અલીબાગ, જીલ્લા રાયગડ ખાતે આવેલ, પડેલ અને રહેલ રાયગડના નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લામાં મિલકત નં. ૧૬૬૦ ભરતમાં ૫.૯૫ ચો.મી. અને મિલકત નં. ૭૮ ભરતમાં ૩૨.૫૩ ચો.મી. ધરાવતા તેની પર ઊભેલા સ્ટ્રક્ચર્સ સાથે ગામ થલ, તા. અલીબાગ ખાતે આવેલ, પડેલ અને રહેલ સર્વે નં. ૧૫૦ હિસ્સા નં. ૨ ભરતમાં 01H-95Are-20Pt ધરાવતી ખેતીની જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છે.

પૂર્વે કે તે તરફ : સર્વે નં. ૧૫૧થી,
પશ્ચિમે કે તે તરફ : રોડથી,
ઉત્તરે કે તે તરફ : સર્વે નં. ૧૪૯ અને સર્વે નં. ૧૫૦/૧થી
દક્ષિણે કે તે તરફ : સર્વે નં. ૧૫૫ અને સર્વે નં. ૧૫૧ના ભાગથી

આજ તા. ૧૬મી જુલાઈ, ૨૦૨૬

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, BKC મેટ્રો સ્ટેશન (A3 એક્ઝિટ) પાસે, બાંદ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૧.
Email: response@lawpointindia.com


## દેશ-વિદેશ

### સમયબદ્ધ સેવા મેળવવી એ હવે દિલ્હીમાં કાનૂની અધિકાર

નવી દિલ્હી: દિલ્હી સરકારે રાઈટ ઑફ સિટિઝન ટૂ ટાઈમ બાઉન્ડ ઍન્ડ ઈઝ ઑફ ડિલિવરી ઑફ સર્વિસ બિલ-૨૦૨૬ને મંજૂરી આપી હોવાનું ચીફ મિનિસ્ટર્સ ઑફિસ (સીએમઓ) દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ બિલ નાગરિકોને નિર્ધારિત સમયમર્યાદામાં સરકારી સેવા મેળવવાનો કાયદેસર અધિકાર આપશે.

સેવા પૂરી પાડવામાં વિલંબ કરનાર અધિકારીને દૈનિક ૫૦૦ રૂપિયાના હિસાબે વધુમાં વધુ ૫,૦૦૦ રૂપિયાનો દંડ કરવાની તેમ જ દરેક સરકારી વિભાગમાં રાઈટ ટૂ સર્વિસ કમિશન અને ફરિયાદ નિવારણ સત્તામંડળ રચવાની આ ખરડામાં જોગવાઈ છે.

મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાનાં અધ્યક્ષપદ હેઠળ મંગળવારે મળેલી પ્રધાનમંડળની બેઠકમાં આ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી. ચોમાસુ સત્ર દરમિયાન આ ખરડો વિધાનસભામાં રજૂ કરવામાં આવે એવી શક્યતા છે.

પ્રસ્તાવિત કાયદો રાઈટ ઑફ સિટિઝન ટૂ ટાઈમ બાઉન્ડ ઍન્ડ ઈઝ ઑફ ડિલિવરી ઑફ સર્વિસ ઍક્ટ-૨૦૧૧નું સ્થાન લેશે.

વર્તમાન કાયદા અંતર્ગત વિવિધ ૫૬૦ સરકારી સેવાઓને આવરી લેવામાં આવેલી છે. નવા ફેક્ટરી પ્લાનને મંજૂરી, ગટરનાં જોડાણ અને ફિલ્મના શૂટિંગ માટે ૧૫ દિવસમાં પરવાનગી આપવા સહિત વધુ ૨૩ સેવાનો ગયા મહિને આ કાયદામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

### ફ્લાઈંગ બસ શરૂ કરાશે: ગડકરી

લખનઊ: ઈથેનોલ મિશ્રિત પેટ્રોલને લઈને ચર્ચામાં રહેલા માર્ગ પરિવહન અને હાઈવે ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ જલદી જ દેશના શહેરોમાં ઉડતી બસ શરૂ કરવામાં આવશે એવી જાહેરાત મંગળવારે કરી હતી.

લખનઊ-કાનપુર એક્સપ્રેસવેના ઉદ્ઘાટન પ્રસંગે બોલતાં તેમણે દેશનાં મોટાં અને મહત્ત્વનાં શહેરોમાં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા (ઈલેક્ટ્રિક માસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમના ભાગરૂપ) ઉડતી બસ શરૂ કરવાની યોજનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. અગાઉ પાણી પર ઊતરી શકે તેવાં સી-પ્લેન શરૂ કરવામાં આવ્યા બાદ હવે જલદી જ ઉડતી બસ પણ શરૂ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

આ બસ લોકોને શહેરના એક વિસ્તારથી અન્ય વિસ્તારમાં કલ્પના પણ ન કરી હોય તેટલા ઓછો સમયમાં પહોંચાડશે.

ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ વાપરવાને કારણે વાહનોનું માઈલેજ ઘટી જતું હોવાના આક્ષેપો વચ્ચે ગડકરીએ ગયા અઠવાડિયે ટીકાકારોને આક્ષેપો પુરવાર કરવાનો પડકાર ફેંક્યો હતો.

વિકસિત ભારત પરિષદને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે અશ્મિજન્ય ઈંધણ પરની ભારતની નિર્ભરતા આર્થિક બોજની સાથે સાથે પર્યાવરણીય પડકાર પણ છે. દેશ દર વરસે ઈંધણની આયાત પાછળ બાવીસ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### સોનમ વાંગચૂકની તબિયત: હાઇ કોર્ટમાં આજે સુનાવણી

નવી દિલ્હી: દિલ્હી હાઈ કોર્ટ જંતર મંતર ખાતે અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતરેલા એક્ટિવિસ્ટ સોનમ વાંગચૂકનાં આરોગ્ય સંબંધિત જનહિતની અરજીની સુનાવણી આજે કરશે.

'નીટ' પરીક્ષામાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિને મુદ્દે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની માગણી સાથે કોકરોચ જનતા પાર્ટી છેલ્લાં પસીચ દિવસથી ધરણા કરી રહી છે. વાંગચૂક ૨૮ જૂને તેમાં જોડાયા હતા અને ત્યારથી તેઓ અચોક્કસ મુદતના ઉપવાસ પર છે.

હાઈ કોર્ટના બાર એસોસિયેશન દ્વારા કામ પર હાજર ન રહેવાની હાકલ કરવામાં આવી હોવા વચ્ચે કોઈ હાજર ન રહ્યું હોવાની બાબતને ધ્યાન પર લઈને મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બનેલી ખંડપીઠે બુધવારે આ અરજીની સુનાવણી મુલતવી રાખી હતી. સુનાવણી તાકીદે હાથ ધરવા અરજીની સુનાવણી ગુરુવારે કરવામાં આવશે, એમ ખંડપીઠે કહ્યું હતું.

કોર્ટના આ આદેશની નકલ સંબંધિત એડિશનલ સોલિસિટર જનરલ અને દિલ્હી સરકારના વકીલને પાઠવવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો: ૨૦ જુલાઈએ જંતરમંતર પર આંદોલન

જમ્મુ: જમ્મુ-કાશ્મીરના સત્તાધારી નેશનલ કૉન્ફરન્સે પક્ષના તમામ વિધાનસભ્યો અને સંસદ સભ્યોને ૧૯ જુલાઈ સુધીમાં દિલ્હી પહોંચવાનો નિર્દેશ આપ્યો છે જેથી કરીને એ લોકો ૨૦મી જુલાઈએ જંતરમંતર પર પક્ષ દ્વારા યોજવામાં આવનારાં વિરોધપ્રદર્શનમાં ભાગ લઈ શકે.

આ વિરોધપ્રદર્શનનો મુખ્ય આશય જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશને રાજ્યનો દરજ્જો અપાવવા કેન્દ્ર સરકાર પર દબાણ આણવાનો છે.

પક્ષના નિર્દેશ અનુસાર તમામ વિધાનસભ્યો અને સંસદ સભ્યોએ આ માટે પક્ષના વડાની ઔપચારિક પરવાનગી કે અન્ય સૂચનાની પ્રતીક્ષા કર્યા વિના દિલ્હીમાં પોતાની હાજરી સુનિશ્ચિત કરવાની છે.

જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન અને નેશનલ કૉન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લા દ્વારા જાહેર કરવામાં આવેલું આ વિરોધપ્રદર્શન સંસદના ચોમાસુ સત્રના ઉદ્ઘાટન સાથે થશે.

તેમણે કહ્યું હતું કે આ વિરોધપ્રદર્શન જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો અપાવવાની ઝુંબેશને ગતિ આપવાનું પ્રતીક છે.

તાજેતરમાં જ હઝરતબાલમાં બોલતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે નેશનલ કૉન્ફરન્સે છેલ્લાં બે વર્ષથી કેન્દ્ર સરકાર સાથે વાતચીતના માધ્યમથી આ મુદ્દો ઉપાડી લીધો હતો, પરંતુ જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનું વચન પૂરું ન થતાં લોકશાહી અને શાંતિપૂર્ણ રીતે વિરોધનો માર્ગ અપનાવવાનો નિર્ણય લીધો છે.

આમંત્રિતોમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિન, ટીએમસીનાં વડાં મમતા બેનરજી, સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવ, એનસીપીના વડા શરદ પવાર, શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, ઓડિશાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નવિન પટનાયક, એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઔવેસી, માર્ક્સવાદી પક્ષના મહાસચિવ એમ.એ. બેબી, સામ્યવાદી પક્ષના મહાસચિવ ડી. રાજા, કપિલ સિબલ, બસપાનાં પ્રમુખ માયાવતી, પીડીપીનાં અધ્યક્ષ મહેબુબા મુફ્તિ વગેરેનો સમાવેશ થાય છે. ■

## નોએડામાં ઈવીને લીધે આગ લાગી, બેનાં મોત

નોએડા: ઉત્તર પ્રદેશમાં નોએડાના એક ગામમાં બુધવારે એક બહુમાળી રહેણાંક ઇમાતરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં બે લોકોના મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર સેક્ટર ૬૬ના મામુરા ગામની એક બહુમાળી ઇમારતમાં આગ ફાટી નીકળતા લગભગ ૫૦ ભાડૂતોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. બાદમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે બે રહેવાસીઓને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

સંયુક્ત પોલીસ કમિશ્નર રાજીવ મિશ્રાએ જણાવ્યું કે આગ લાગવાનું કારણ ઇમારતની અંદર ચાર્જ થઇ રહેલા ઇલેક્ટ્રિક ટૂ-વ્હિલર હોવાનું જણાઇ રહ્યું છે.

આ આગ પરિસરમાં પાર્ક કરેલા પેટ્રોલથી ચાલતા ટૂ-વ્હિલર્સ સુધી ફેલાઇ હતી. આ ઘટના બાદ મકાન માલિકની ધરપકડ કરવામાં આવી છે.આગની જાણ થતાં જ સાત ફાયર એન્જિન અને એક હાઇડ્રોલિક પ્લેટફોર્મ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

સેઠ વી.સી. ગાંધી અને એમ.એ. વોરા મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ રાજાવાડી, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૭૭
નં. HO/RGH/૬૩૯૫/SE તા. ૧૪.૦૭.૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

આ ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર નીચેના કામો માટે મહાટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (બારડી) રૂ. | સ્ક્રુટીની ફી | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | રાજાવાડી હોસ્પિટલ ખાતે અન્ય સંલગ્ન કામો અને વાર્ષિક ઈન્ટરનેટ કનેક્ટીવીટી, દૈનિક જાળવણી સહાય જોગવાઈનું કામ. [બીડ નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૩૪૪_૧] | ૧૦,૦૦૦/- | ૧,૬૦૦/- + ૧૮% GST | ૧૬/૦૭/૨૦૨૬ સાં. ૬.૦૦ (૧૮.૦૦ ક.) | ૨૪/૦૭/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૨ | રાજાવાડી હોસ્પિટલ, ઘાટકોપર (પૂ) ખાતે MGPS, કચરો સંગ્રહ પાર્ટીશનો, સુવિધા ડોર / વિન્ડો (એલ્યુમિનિયમ & વૂડન) અને નાના સમારકામ જેવા વિવિધ ઉપયોગીતાઓ દૂર કરવી, શિફ્ટીંગ અને સ્થાપિત. [બીડ નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૩૨૨_૧] | ૧૦,૦૦૦/- | ૧,૬૦૦/- + ૧૮% GST | ૧૬/૦૭/૨૦૨૬ સાં. ૬.૦૦ (૧૮.૦૦ ક.) | ૨૪/૦૭/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૩ | રાજાવાડી હોસ્પિટલ, ઘાટકોપર (પૂ) ખાતે હાલના PA સિસ્ટમમાં અપગ્રેડેશન સાથે ટ્રોમા બિલ્ડીંગના ત્રીજા માળે અને એડમિન બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોરમાં સુરક્ષા માટે તટસ્થ પૃથ્વીના ખામીઓના સુધારણાનું કામ. [બીડ નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૨૫૦_૧] | ૧૦,૦૦૦/- | ૧,૬૦૦/- + ૧૮% GST | ૧૬/૦૭/૨૦૨૬ સાં. ૬.૦૦ (૧૮.૦૦ ક.) | ૨૪/૦૭/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૪ | રાજાવાડી હોસ્પિટલ, ઘાટકોપર (પૂ) ખાતે ૧ વર્ષની મુદત માટે મિકેનિકલ આર્ટીકલ્સમાં રિપેર્સ માટે રેટ કોન્ટ્રાક્ટ. [બીડ નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૧૭૮_૧] | ૧૦,૦૦૦/- | ૧,૬૦૦/- + ૧૮% GST | ૧૬/૦૭/૨૦૨૬ સાં. ૬.૦૦ (૧૮.૦૦ ક.) | ૨૪/૦૭/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |

બિડરે ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરતા પહેલાં ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ઉપરોક્ત ટેબલમાં દર્શાવ્યા મુજબ "ઈ-ટેન્ડર કિંમત" ચૂકવવાની રહેશે.

તમામ બિડર્સે, BMCમાં નોંધાયેલા લોકો સહિત બારડી ચૂકવે છે અને બિડ સુપ્રત કરવા માટે ૧૯.૧૨.૨૦૨૪ના પરિપત્ર નં. Dir/IT/૫૦૫૦૩૮ હેઠળ મહાટેન્ડર પર ઓનલાઈન ઈશ્યૂ કરાયેલ માર્ગદર્શિકાનું પાલન કરે છે.

**નોંધઃ એ) ઉપરોક્ત ટેન્ડર માટે પાત્રતા માપદંડો મહાટેન્ડર વેબસાઈટ http://www.mahatenders.gov.in પર અપલોડ કરાયેલ ઈ-ટેન્ડર નોટિસમાંથી સંદર્ભ લો.**

**બી) બિડરે પૂર્વ-લાયકાતની શેડ્યૂલમાં ઉલ્લેખિત માહિતી સંબંધિત દસ્તાવેજી પુરાવા અપલોડ કરવાના રહેશે.**

ટેન્ડરની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડરરોએ મહાટેન્ડરની વેબસાઈટ http://www.mahatenders.gov.in પર મુલાકાત લેવી. **ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.**

સહી/-
મેડિકલ અધિક્ષક (I/C)
રાજાવાડી હોસ્પિટલ

PRO/833/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર).
ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# બર્નિંગ કાર



## કોસ્ટલ રોડની ટનલમાં કારમાં આગ લાગતા ટ્રાફિક જૅમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની બહુચર્ચિત કોસ્ટલ રોડ ટનલમાં બુધવારે બપોરે એક કારમાં આગ લાગતાં અંધાધૂંધીનું દ્રશ્ય સર્જાયું હતું. કારમાં લાગેલી આગને પગલે ગભરાયેલા અન્ય વાહનચાલકોને તેમનાં વાહનો છોડીને પગપાળા ભાગી જવાની ફરજ પડી હતી. લગભગ ૨૦ મિનિટમાં આગ બુઝાઈ ગઈ હતી પણ આ ઘટનાને કારણે મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટના મુખ્ય ભાગમાં એક કલાકથી વધુ સમય માટે ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હોવાનું અધિકારીએ

(જુઓ પાનું ૪) ▶▶

## સીમાંકન ખરડા પર એનસીપી (એસપી)એ કોઈ નિર્ણય નથી લીધો: સુપ્રિયા સુળે

મુંબઈ: એનસીપી (એસપી) ના નેતા સુપ્રિયા સુળેએ બુધવારે જણાવ્યું હતું કે તેમના પક્ષે પ્રસ્તાવિત સીમાંકન ખરડા પર કોઈ સત્તાવાર વલણ અપનાવ્યું નથી અને ઉમેર્યું હતું કે પક્ષ કાયદાનું સમર્થન કરશે એવા મીડિયા અહેવાલો કોઈને ટાંકીને નથી કરવામાં આવ્યા અને તેનાથી મૂંઝવણ ઊભી થઈ છે. પક્ષે આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

સુળેએ વધુમાં જણાવ્યું હતું કે પક્ષના કાર્યકરો અને વિપક્ષી બ્લોક મહા વિકાસ આઘાડી (એમવીએ) વચ્ચે કોઈ ગેરસમજ ન થાય તે માટે એનસીપી (એસપી)ના પક્ષ પ્રમુખ શરદ પવાર અને વરિષ્ઠ નેતા જયંત પાટીલ સહિત વરિષ્ઠ નેતાઓની સલાહ લીધા પછી સ્પષ્ટતા કરી રહ્યા છે. આ મુદ્દા પર મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળ,

(જુઓ પાનું ૪) ▶▶

### પવારની શિંદેના કાર્યાલયની મુલાકાત અંગે શંકા કરવાની જરૂર નથી

મુંબઈ: એનસીપી (એસપી) સંસદસભ્ય સુપ્રિયા સુળેએ બુધવારે પક્ષના અધ્યક્ષ શરદ પવાર દ્વારા ગયા અઠવાડિયે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના કાર્યાલયમાં તેમના વિધાનસભ્યોની બેઠક યોજવાની અટકળોને ફગાવી કહ્યું હતું કે એ એક યોગાનુયોગ હતો. રાજકીય બેઠકોને શંકાની નજરે ન જોવી જોઈએ એવી સ્પષ્ટતા કરી રાજકીય નેતાઓ વચ્ચેની દરેક મુલાકાત ષડયંત્રનો ભાગ છે એવું ધારી નહીં લેવા લોકોને વિનંતી કરી હતી. પવાર ગયા બુધવારે મુંબઈના વિધાન ભવન સંકુલમાં શિંદેની ઓફિસમાં તેમના પક્ષના

(જુઓ પાનું ૪) ▶▶

## શિંદેએ સીમાંકનની તરફેણ કરી

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે સીમાંકનની જરૂરિયાત પર ભાર મુકતા કહ્યું હતું કે મોટા મતવિસ્તારોમાં લોકોને ન્યાય મળે અને વિકાસ અસરકારક રીતે તેમના સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે આ કવાયત જરૂરી છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સંસદના આગામી ચોમાસુ સત્ર દરમિયાન મહિલા અનામત બિલ અને સીમાંકન બિલ પસાર કરવામાં આવશે.

શિવસેના (યુબીટી) છોડીને આવેલા પક્ષના છ સાંસદો સાથે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા બાદ નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા શિંદેએ કહ્યું હતું કે લોકસભા મતવિસ્તારોની વસ્તી હવે ૨૦-૨૫ લાખ સુધી પહોંચી ગઈ છે, જેના કારણે સાંસદો માટે વિકાસ કાર્યો અસરકારક પૂરાં

(જુઓ પાનું ૪) ▶▶

## ખેડૂતોના બાકી વીજળી બિલો માફ

મુંબઈ: રાજ્યના ખેડૂતોને દેવા માફીનું આશ્વાસન આપ્યા બાદ હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખેડૂતો માટે વધુ એક મોટી જાહેરાત કરી. તેમણે સાડા સાત હોર્સ પાવર સુધીના ખેતીના વીજ જોડાણના જૂના બિલો માફ કરવાની જાહેરાત કરી છે. ખેતીમાં પાણી આપવા માટે સાડા સાત હોર્સ પાવરના જે મોટર પંપ વપરાય છે, તેમનું હાલમાં કોઈ બિલ આવતું નથી. જો કે, આ પહેલાના જૂનાં બિલો હજી પણ દરેકના નામે ખાતામાં જમા

(જુઓ પાનું ૪) ▶▶

## સીએમને મતવિસ્તારના મુદ્દા પર મળ્યો: જયંત પાટીલ

મુંબઈ: એનસીપી (એસપી) ના વરિષ્ઠ નેતા જયંત પાટીલે બુધવારે જણાવ્યું હતું કે પોતે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ફક્ત તેમના મતવિસ્તારના મુદ્દા પર ચર્ચા કરવા માટે મળ્યા હતા, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે શરદ પવારના નેતૃત્વ હેઠળના પક્ષમાં એનડીએમાં જોડાવા અંગે કોઈ ચર્ચા થઈ નથી.મંગળવારે મોડી રાત્રે પાટીલની ફડણવીસ સાથેની મુલાકાતથી એવી અટકળોને વેગ મળ્યો કે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (શરદચંદ્ર

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



"22 વર્ષની યુવાન વય,
અપાર સુખ - સમૃદ્ધિ અને ભવિષ્યની એક સફળ
અને luxurious life જીવવા માટેની દરેક પ્રકારની
અનુકૂળતા હોવા છતાં ગુરુ - પરમાત્માની આજ્ઞામાં રહીને
આત્મ કલ્યાણના રાહ પર જવા થનગની રહી એક દીકરી!"



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે
દીક્ષા આજ્ઞા અર્પણ અવસર



મુમુક્ષુ
શ્રી યશ્વીબેન જલ્પાબેન નિલેશભાઈ મહેતા

હજારો ભાવિકોની ઉપસ્થિતિ:
'તમે તરી ગયાં ને અમે રહી ગયાં' ના ભાવ સાથે શ્રી યશ્વીબેનની ત્યાગભાવના અને સંયમ ધર્મની ભાવભીની અનુમોદના કરી ધન્ય બનશે, સમસ્ત ઘાટકોપરના શ્રી સંઘો, મુંબઈના અનેક શ્રી સંઘો, શ્રેષ્ઠીવર્યો, રાજનેતાઓ અને પ્રત્યક્ષ તેમજ liveના માધ્યમે ઉપસ્થિત દેશ-વિદેશના હજારો ભાવિકો!

આજ્ઞા પત્રિકા આલેખન:
પ્રભુના દરબારમાં પ્રવેશ પામવા માટેની એ દિવ્ય ક્ષણ સર્જાશે ત્યારે, જ્યારે પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રગટતાં દિવ્ય મંત્રધ્વનિની સાક્ષીએ દીક્ષા આજ્ઞા પત્ર પર મુમુક્ષુના માતા-પિતા દ્વારા કેસર છાંટણે આજ્ઞા અર્પણતા આલેખન સાથે પરમ ગુરુદેવના પાવન હસ્ત કમલમાં અહોભાવથી આજ્ઞા અર્પણ પત્રની અર્પણતા કરવામાં આવશે.

મુમુક્ષુ ભાવ અભિવ્યક્તિ:
'મૂહૂર્ત આપો ને ગુરુદેવ! છૂટું હું સંસારથી' ના ભાવ સાથે પરમ ગુરુદેવના શ્રીચરણમાં દીક્ષા પ્રદાનનું મૂહૂર્ત માંગીને મુમુક્ષુ દ્વારા અંતરના સંયમ ભાવોની અભિવ્યક્તિ કરવામાં આવશે.

સંયમ મહાનાદ:
લુક એન લર્નના દીદીઓ દ્વારા સંયમ મહાનાદની પ્રસ્તુતિ સાથે ગૂંજશે સંયમના જયકારા!

દીક્ષા મુહૂર્ત ઉદ્‌ઘોષણા:
વ્હાલસોયી દીકરીને ગુરુ ભગવંતના ચરણમાં, શાસનના શરણમાં સમર્પિત કરવાની મુમુક્ષુના માતા-પિતાની ભાવનાનો સ્વીકાર કરીને, દીક્ષા ગ્રહણની મુમુક્ષુની ઝંખનાનો પ્રતિસાદ આપીને પરમ ગુરુદેવ માંગલિક વચનોના પ્રાગટ્ય સાથે કરશે દીક્ષા પ્રદાન મૂહૂર્તની ઉદઘોષણા!

19th જુલાઈ 2026, રવિવાર | સવારે 09:00 કલાકે
સ્થળ: ભાનુશાલી બેન્ક્વેટ, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ)

જીવનને ધન્ય બનાવી દેનારા આ અવસરના સાક્ષી બનીને
ત્યાગ ધર્મ અને ત્યાગી આત્માની અનુમોદના કરવા આ અવસરે પધારવા
દરેક ધર્મપ્રેમી ભાવિકોને પારસધામ - ઘાટકોપર તરફથી આમંત્રિત કરવામાં આવ્યું છે